Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment I Insurance I Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



FIH એવોર્ડમાં ભારતીયોનો દબદબો
હરમનપ્રીત-ગુરજિતને ટોચનું સન્માન

PAGE NO. 17

FRIDAY, 08 OCTOBER, 2021 Vol. 18, No. 41 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh. news Web : www. swadesh. news

### બલુચિસ્તાનના હરનાઈ નજીક ભૂકંપનું એપી સેન્ટર નોંધાયું, રિક્ટર સ્કેલ પર 5.9ની તીવ્રતા

# પાક.માં ભૂકંપ: 22નાં મોત, 300 ઈજાગ્રસ્ત

### શક્તિશાળી ભૂકંપના કારણે બલુચિસ્તાન પ્રાંતમાં 100 ઈમારતો ધરાશાયી : હજારો લોકો બેઘર બન્યા, વીજળી પણ ડૂલ

**ઈસ્લામબાદ**

પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં ગુરુવારે શક્તિશાળી ભુકંપે ભારે તબાહી સર્જી હતી. જેમાં ૧૦૦ જેટલી ઈમારતો ધ્વસ્ત થઈ જતાં છ બાળકો સહિત ૨૨ લોકોનાં મોત થવા ઉપરાંત ૩૦૦ કરતાં વધુ લોકોને ઈજા પહોંચી હતી. પાકિસ્તાન ડિઝાસ્ટર મેનેજમેન્ટના કહેવા પ્રમાણે મૃત્યુ આંક હજુ પણ વધે તેવી શક્યતા છે.

ગુરુવારે પાકિસ્તાનમાં ૫.૯ રિક્ટર સ્કેલનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. જેનું એપીસેન્ટર બલુચિસ્તાનના હરનાઈમાં નોંધાયું હતું. હરનાઈ નજીક ભૂગર્ભમાં ૧૫ કિલોમીટર એપીસેન્ટર નોંધાયું હોવાનું ઈસ્લામાબાદ સ્થિત પાકિસ્તાનના નેશનલ સિસ્મિક મોનિટરિંગ સેન્ટરે કહ્યું હતું. હરનાઈ ઉપરાંત ક્વેટા, સિબિ, પિશિન, ક્વિલા સૈફુલ્લા, ચારમાન, ઝિયારત, ઝુબ જેવા વિસ્તારોમાં ભૂકંપનો અનુભવ થયો હતો.

સૌથી વધુ નુકસાન ઉત્તર-પૂર્વમાં આવેલા હરનાઈમાં થયું હતું. અમેરિકન જિયોલોજિકલ સર્વેના કહેવા પ્રમાણે ૬ની તીવ્રતાથી ભૂકંપ ત્રાટક્યો હતો. હરનાઈના ડેપ્યુટી કમિશ્નરે તાત્કાલિક જિલ્લામાં કુદરતી કટોકટી જાહેર કરી હતી. ડિઝાસ્ટર મેનેજર ઓથોરિટીના કહેવા પ્રમાણે આ ઘટનામાં મૃતકોમાં મહિલાઓ અને બાળકોનું પ્રમાણ વધુ છે.



ભૂકંપ પછીના વીડિયો અને ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. ભૂકંપ પછી પણ આફટર શોક આવવાને કારણે લોકો ભયભીત બન્યા હતા. ભૂકંપ પછી લોકો ઘરમાં પ્રવેશવા માગતા ન હોવાથી પ્રાંતના અનેક શહેરોમાં લોકો શેરીઓમાં કલાકો સુધી બેસી રહ્યા હતા. ભુકંપના આંચકા બાદ સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ઊભો થઈ ગયો હતો. સરકારી ભૂકંપ પછી હરનાઈ સહિતના શહેરોમાં વીજ પૂરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. આફ્ટર શોકના કારણે વીજ પૂરવઠો કલાકો સુધી ખોરવાયેલો રહેતાં લોકો મુશ્કેલીમાં મૂકાયા હતા. મોબાઈલ નેટવર્ક ઠપ થઈ જતાં મોબાઈલ ફોન સર્વિસ પણ પ્રભાવિત થઈ હતી. અસંખ્ય લોકો બેઘર બની ગયા હોવાથી તેમને આશ્રયગૃહોમાં ખસેડવામાં આવ્યા હતા.

### આતંકીઓ હિન્દુ-શીખોને નિશાન બનાવવા લાગ્યા

## શ્રીનગરમાં શાળાના બે શિક્ષકોની ગોળી મારીને આતંકી દ્વારા હત્યા

**જમ્મુ**

જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો રદ્દ કર્યા બાદ કુખ્યાત આઈએસઆઈ ખૂબ જ રઘવાયું થયું છે. કાશ્મીર વેલીમાં ધ રેઝિસ્ટન્સ ફોર્સના નામે આતંકના નવા ચહેરાનો ઉદય સાથે જમ્મુ કાશ્મીરમાં આતંકવાદનો ખતરનાક ટ્રેન્ડ ચાલું થયો છે. તેમાં આતંકીઓના નિશાને હવે બિન મુસ્લિમ એટલે કે હિંદુ કાશ્મીરી પંડિતો અને શીખ કોમના અથવા તો બહારથી આવીને કાશ્મીરમાં વસેલા લોકો છે. બુધવારેશ્રીનગરના નામાંકીત કાશ્મીરી પંડિત માખનલાલ બિન્દ્રુની એક ડરપોકની જેમ મોઢું છુપાવીને ઘાત લગાવીને હત્યા કરવાનો મામલો હજુ ઠંડો થયો ન હતો ત્યાં ગુરુવારે શ્રીનગરમાં જ શાળાની અંદર બે શિક્ષકોની ગોળી મારીને હત્યા કરાઈ હતી. છેલ્લા એક સપ્તાહમાં



આતંકીઓએ ૭ નાગરિકોની હત્યા કરી છે. ગુરુવારે શ્રીનગરના ઈદગાહ સંગમ વિસ્તારમાં આતંકવાદીઓ શાળામાં ઘુસી ગયા અને પ્રિન્સિપલ સતિન્દર કૌર અને શિક્ષક દીપક ચાંદની ગોળી મારીને હત્યા કરી હતી. બંને બાકીના સ્ટાફ સાથે શાળા પરિસરની બહાર બેઠા હતા. ત્યારે જ અચાનક સશસ્ત્ર આતંકવાદીઓ આવ્યા. એક પછી એક શિક્ષકોએ તેમના નામ પૂછયા જે બાદ સતીન્દર કૌર અને દીપક ચંદને અલગ કર્યા અને તેમની હત્યા કરી નાખી હતી.

## પાકિસ્તાન છેલ્લા બે દશકામાં બે વખત મોટા ભૂકંપનો ભોગ બન્યું

પાક.માં ભૂકંપથી ઈમારતો ધ્વસ્ત થઈ છે એનો કાટમાળ હટાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી અને રાહત કામગીરી શરૂ થઈ હતી. બલુચિસ્તાનમાં આર્મીની ટૂકડીને સહાય માટે મોકલવામાં આવી હતી. પાકિસ્તાન છેલ્લા બે દશકામાં બે વખત મોટા ભૂકંપનો ભોગ બન્યું છે. ૨૦૦૫માં ૭.૬ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં ૭૩ હજાર લોકો માર્યા ગયા હતા અને ૩૫ લાખ લોકો બેઘર બની ગયા હતા. એ પછી ૨૦૧૫માં પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં ૭.૫ની તીવ્રતાનો ભૂકંપ આપ્યો હતો, જેમાં ૪૦૦ લોકોનાં મોત થયા હતા.

## આતંકીએ શ્રીનગરમાં 100 લોકોની યાદી તૈયાર કરી

આતંકવાદીઓ કાશ્મીરમાં રહેતા લઘુમતીઓને ટાર્ગેટ કરી રહ્યા છે જેથી હવે નેશનલ સિક્યુરિટી એડવાઈઝર અજિત દોભાલ એક્ટિવ થયા છે. બે શિક્ષકોની હત્યા બાદ ગૃહ મંત્રી અમિત શાહે બેઠક બોલાવી હતી. જેમાં અજિત દોભાલ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠકમાં આતંકીઓએ દેશના 100 લોકોની યાદી તૈયાર કરી હોવાની એજન્સીઓએ જણાવ્યું હતું.

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife
Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

ABOWATH
REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
#1
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Inderpendently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

SS & LAWYERS LLP
Real Estate
Litigation
Wills and Estates
Affidavit and Power of Attorney
Notarization
Family Law
Corporation / Commercial Transactions
Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# US સરહદ બંધ થતા શિયાળુ મુસાફરી યોજનામાં વિઘ્ન સંભવ

**ટોરોન્ટો**

યુનાઈટેડ સ્ટેટ્સની જમીની સરહદ હજુ પણ બિન-આવશ્યક મુસાફરી માટે બંધ હોવાથી નિષ્ણાતો કહે છે કે, કેટલાક કેનેડિયન સ્નોબર્ડે સતત બીજો શિયાળો ઘરમાં જ કાઢવો પડશે એવું લાગી રહ્યું છે. 21 ઓક્ટોબરે યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી માટે એ જાહેર કરવાની અંતિમ મર્યાદા છે કે શું તે કેનેડા-યુ.એસ.ની જમીની સરહદ પર આ મુસાફરી પ્રતિબંધોને હળવો કરવાની યોજના ધરાવે છે કે આ પ્રતિબંધને વધુ 30 દિવસ માટે લંબાવવાની યોજના ધરાવે છે. કોઈ ચોક્કસપણે જાણતું નથી કે, યુ.એસ.એ જમીન સરહદ કેમ બંધ રાખી છે. જ્યારે કેનેડિયનો હજી પણ હવાઈ માર્ગે ત્યાં જઈ શકે છે. પરંતુ ટોરોન્ટો ટ્રાવેલ ઈન્સ્યોરન્સ બ્રોકર માર્ટિન ફાયરસ્ટોન કહે છે કે, તે પોતાના ગ્રાહકોને વિશ્વાસ રાખવા કહે છે કે સરહદ ઓક્ટોબરમાં ફરી ખુલશે. જેમ જેમ વધુ અમેરિકનો અને કેનેડિયનોને રસી લઈ રહ્યા




છે તેમ, કેનેડિયન સ્નોબર્ડ્સ એસોસિયેશન (CSA) કહે છે કે તે આશા રાખે છે કે, આ શિયાળામાં મોટાભાગના સ્નોબર્ડ દક્ષિણની મુસાફરી કરી શકશે. સી.એસ.એ.ના પ્રવક્તા ઈવાન રાયકોવ્સ્કીએ મીડિયાને એક ઈમેઈલમાં જણાવ્યું હતું કે, કેનેડિયન સ્નોબર્ડ્સ યુ.એસ.માં પરત ફરવા માટે ઉત્સાહ અનુભવી રહ્યા છે. પરંતુ વર્તમાન પ્રતિબંધ ફરી એક વખત તેમની યોજનાઓને અવરોધે છે. રાયકોવ્સ્કીએ બુધવારે કહ્યું હતું કે "70 ટકાથી વધુ કેનેડિયન સ્નોબર્ડ્સ કેનેડિયન વાહનોમાં યુનાઈટેડ સ્ટેટ્સ જાય છે. પરંતુ યુએસ જમીન સરહદ બંધ હોવાથી આ પ્રવાસીઓમાં નિરાશાનું કારણ બની રહ્યું છે. રાયકોવ્સ્કીએ કહ્યું હતું કે "સીએસએએ બાઈડેન વહીવટીતંત્રને જમીન સરહદ પરના વર્તમાન પ્રતિબંધો હટાવવા માટે રજૂઆત કરી છે. કારણ કે, કેનેડિયન સરકારે આ વર્ષની શરૂઆતમાં અમેરિકન પ્રવાસીઓનું સંપૂર્ણ રસીકરણ કર્યું હતું." બાઈડેન વહીવટીતંત્રે સપ્ટેમ્બરમાં જાહેરાત કરી હતી કે, મોટાભાગના પુખ્ત વિદેશી નાગરિકોએ નવેમ્બરની શરૂઆતમાં યુનાઈટેડ સ્ટેટ્સ મુસાફરી કરવા માટે COVID-19 સામે સંપૂર્ણ રસીકરણ કરાવવું પડશે. જો કે, આ નવી નીતિમાં ખાસ કરીને જમીન સરહદ પરની મુસાફરીને કેવી રીતે અસર કરશે તે અંગે કોઈ વિગતો આપવામાં આવી નથી.

# કેનેડિયનો દ્વારા અજાણતામાં જોખમી વિસ્તારમાં થઈ રહેલી મકાનની ખરીદી

## 3,25,000 મકાનો ભારે વરસાદ, પૂર વગેરેનો સામનો કરી શકે તેમ નથી: અહેવાલ

**ટોરોન્ટો**

કેનેડીયન ઈન્સ્ટિટ્યૂટ ફોર ક્લાઈટમેટ ચેન્જ સંસ્થાના એક અહેવાલ અનુસાર કેનેડાના લોકો અજાણતામાં જોખમી પર્યાવરણવાળા વિસ્તારોમાં મકાનો ખરીદી રહ્યાં છે તથા માળખાગત સુવિધાઓનું બાંધકામ કરી રહ્યાં છે. તેથી દર વર્ષે અબજો ડોલર્સનું નુકસાન થાય છે.

ઈન્સ્ટિટ્યૂટના સિનીયર રિસર્ચ એસોસિએટ્સ ડાયનેલ ક્લાર્ક જણાવે છે કે, લોકોમાં પર્યાવરણ પરિવર્તન વિષે ઘણી ઓછી સમજણ છે. જાહેર જનતાને હાલમાં પુર, જંગલમાં લાગતી આગ અથવા પરમેફ્રોસ્ટ થાઉના જોખમનો ખ્યાલ નથી. પર્યાવરણના જોખમથી પરિચિત નથી. દાખલા તરીકે નિર્ણય લેનારાઓ, રોકાણ કરનારાઓ અને ઉપભોક્તાઓને માટે માહિતી હોવા છતાં તેમને પુરી પાડવામાં આવતી નથી. સંશોધકો જે.બી. મેનેજમેન્ટ કંપની પાસેથી ફી આપીને પર્યાવરણ સબંધી આંકડાઓ મેળવે છે. તે મુજબ કેનેડામાં 3,25,000 મકાનો ભારે વરસાદ, પૂર વગેરેનો સામનો કરી શકે તેમ નથી. આ ઉપરાંત બીજા 6,25,000 મકાનો નદી કાંઠાની બહાર ધસમસતા પાણીનો સામનો કરી શકે તેમ નથી. મિલકત ધારકો જાણતા હોય છે કે તેઓ ખરેખરાં પુરનો સામનો કરી રહ્યા છે એમ આ અહેવાલમાં નોંધવામાં આવ્યું છે. રિયાન નેશનો એક અહેવાલ જણાવે છે કે જે.બી.એસ.ના નકશામાં પણ ચોક્કસ માહિતી હોતી નથી અને તેને પરિણામે કોઈ ચોક્કસ એક ઘરને નુકશાન થશે કે કેમ તે જાણી શકાતું નથી.

# ટોરોન્ટોમાં બરફ પડવાની શક્યતા વધી : હવામાન ખાતાની આગાહી

## 24 અને 31 ઓકટોબરથી અસર વર્તાવવાની સંભાવના

**ટોરોન્ટો**

ટોરોન્ટોના રહેવાસીઓ ફરી એક વખત તેના શહેરમાં પહેલી વખત બરફ પડવાની રાહ જોઈ રહ્યા છે અને તેને માટે તૈયારી કરી રહ્યા છે. ગયા વર્ષે પણ નવેમ્બરની પહેલી તારીખે મોસમની પહેલી બરફ વર્ષા થઈ હતી. એવું લાગે છે કે, આ વર્ષે મોસમની પહેલી બરફવર્ષા 7મી નવેમ્બરના રોજ પડશે. ઓલ્ડ ફાર્મર્સ ઍલમેનક તરફથી લાંબા સમય માટે હવામાનની આગાહી કરવામાં આવી છે તે મુજબ ટોરોન્ટોમાં છેલ્લા બે વર્ષ કરતા પહેલી બરફવર્ષા વહેલી થશે. લાંબા સમય માટે હવામાનની આગાહી કરનારાઓ જણાવે છે કે, દક્ષિણ ટોરોન્ટો અને તેની આજુ-બાજુના વિસ્તારોમાં વરસાદ પડવાની, ભારે ઠંડી તથા બરફવર્ષાની શક્યતા જણાય છે. જેની અસર 24 અને 31 ઓક્ટોબરના રોજ જણાશે. જોકે આ વિસ્તારમાં પહેલી બરફવર્ષા નહિ પરંતુ છૂટી છવાઈ બરફવર્ષા હશે તથા ઉષ્ણતામાનનો પારો ઊંચો રહેશે અને 20-30 નવેમ્બર પહેલા ઠંડી વધવાની શક્યતા દેખાતી નથી. ખેડૂતો તરફથી કરવામાં આવતી હવામાનની આ આગાહીનો આધાર અને વલણ લાંબા સમયની ગણતરી ઉપર હોય છે જે વધુ ચોક્કસ આગાહી ગણાય છે.

# કેલગેરીના ઉમેદવારને ૧૮ માસની કેદ

**ટોરોન્ટો**

કેવિન જે. જોન્સનને પેરેમાઉન્ટ ફાઈન ફુડસના માલિકની બદનક્ષી નહીં કરવાના બે વર્ષ પહેલાના જજના આદેશનો ભંગ કરી તેમને ત્રાસવાદી અને બેબી કિલર તરીકે સંબોધન કરવા બદલ અદાલતે ૧૮ માસની કેદની સજા ફટકારી હતી. ટોરોન્ટોના દાનવીર અને રેસ્ટોરાં ઉદ્યોગના અગ્રણી મોહમ્મદ ફકીહની બદનક્ષી બદલ ઓન્ટેરિયોના જજે વર્ષ ૨૦૧૯માં અટકી જવા અને બદનક્ષી નહીં કરવા આદેશ કર્યો હતો. ઓન્ટેરિયોની સુપીરીયર કોર્ટના જસ્ટીસ જેન ફગ્યુસને જોન્સનને ફકીહની બદનક્ષી કરવા બદલ ૨.૫ મિલીયન યુ.એસ.ડોલરનું વળતર ચુકવી દેવા પણ આદેશ કર્યો હતો. જે તેમણે જુલાઈ ૨૦૧૭થી સતત પોતાની વેબસાઈટ ઉપર વીડિયો અને પોસ્ટ મુકીને કરવાનું શરૂ કર્યું હતું. જજે પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે, જોન્સને માત્ર જાતિવાદી અભિગમ રાખીને ફકીહને નિશાન બનાવીને હેટ સ્પીચ શરૂ કરી એ યોગ્ય નથી. જસ્ટીસ ફ્રેડ માયર્સે સોમવારે કહ્યું હતું કે, જોન્સનને ચોથી જાન્યુઆરીથી શરૂ થાય એ રીતે ત્રણ માસની સજા જુદા કારણોસર કરવામાં આવી છે અને બાકીની એમના રાજકીય આશય માટેના વિચારો પ્રદર્શિત કરવા બદલ કરવામાં આવી છે. જુલાઈ માસમાં પણ જોનસ્ટનને બે અદાલતોએ તેમને પોતાના અનુયાયીઓને કોવિડ-૧૯ના પ્રસારને અટકાવવામાં મદદરૂપ નહીં થવા માટે ઉશ્કેરવાના આરોપસર ગુનેગાર ઠરાવી ૪૦ દિવસની કેદની સજા ફટકારી હતી. એમણે કેલગેરીના મેયરપદ માટે ઉમેદવારી પણ કરી હતી. પરંતુ જજે સજા ફટકારી હોવાથી હવે એ ચૂટણીમાં ભાગ નહીં લઈ શકે. જજે કહ્યું હતું કે, જો ફકીહ જેવી વ્યકિત સામે જાતિવાદી ટીપ્પણીઓ કરવામાં આવશે તો કેનેડામાં તેઓ સુરક્ષિત છે એવો ભરોસો કેવી રીતે આપી શકાય.


THINKING OF INVESTING?
INVEST AS LOW AS $50,000 IN REAL ESTATE
SECURED INVESTMENT with up to 8-12% Guaranteed Return
INVEST WITH Metrobuild Capital
Sharia'h Compliant
We have multiple avenues for investment in Residential Properties, Commercial Properties or Construction Projects plus your investment is secured against the assets.
રેસિડેન્શિયલ અને કોમર્શિયલ પ્રોપર્ટી અથવા કન્સ્ટ્રકશન પ્રોજેક્ટ્સ માં અમારી પાસે ઘણાં જુદા જુદા રોકાણોનો વિકલ્પ છે જ્યાં તમુને રોકાણ પર ૮-૧૨% સુધીનું વળતર અને તમારું રોકાણ સંપત્તિ સામે સુરક્ષિત હોય છે.
CALL 416 893 4585 TODAY!!!
આપના વિશ્વાસુ અને ભરોસાપાત્ર
અમારી રીયલ એસ્ટેટ અને ઇન્વેસ્ટમેન્ ની મફત સલાહ નો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો.
Call us TODAY for all of your Real Estate Needs and get Honest, Reliable and Courteous Service you can count on.
- Residential
- New Construction
- Investment
- Commercial



MOHAMMAD ABOWATH – SALES REPRESENTATIVE
MAAZ ABOWATH – BROKER
IBRAHIM ABOWATH – SALES REPRESENTATIVE
416 893 4585
ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
#1 RE/MAX
ABOWATH.COM
RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
#SellwithABOWATH your Local REALTOR
*Not intended to Solicit client under contract.



LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
- CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
- MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA

Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

# NYCO દ્વારા ગાંધીજીની જન્મજયંતીની ઉજવણી

## ગાંધીજીના સિદ્ધાંતો અને આદર્શોને જીવનમાં ઉતારવા અપીલ કરાઈ, ટ્રુડોએ પત્ર લખી NYCOને શૂભેચ્છા પાઠવી

**ઓન્ટેરિયો**

મોહનદાસ કરમચંદ ગાંધી 20મી સદીના મહાન વ્યક્તિઓમાંના એક હતા. 2 ઓક્ટોબરના રોજ ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે સવારે, જીટીએ (ગ્રેટર ટ્રોન્ટો એરિયા)ના દક્ષિણ એશિયન સમુદાયના લગભગ 100 સભ્યો વિષ્ણુ મંદિરના શાંતિ ઉદ્યાનમાં ભેગા થયા હતા. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 2007માં એક ઠરાવ દ્વારા 2 ઓક્ટોબરને મહાત્મા ગાંધીના જન્મદિવસને અનુરૂપ આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ તરીકે ઉજવવા નિર્ણય કર્યો હતો. NYCOના સ્થાપક, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ચિંતન ભાવસારે પોતાની શરૂઆતની ટિપ્પણીમાં જાહેરાત કરી હતી કે, "આ પ્રસંગ આપણા યુવાનોના મનને સમૃદ્ધ બનાવશે,






તેમને મહાત્મા ગાંધીજીએ શીખવેલા ઉચ્ચ આદર્શો અને નૈતિકતા શીખવામાં મદદ કરશે." કેનેડામાં પ્રથમ વખત, NYCOએ રમેશચંદ્ર ત્રિવેદી, ભૂતપૂર્વ સંયોજક કોચરાબ આશ્રમ, અમદાવાદ, ભારત દ્વારા પેટી ચક્ર (બોક્સ સ્પિનિંગ વ્હીલ)નું જીવંત પ્રદર્શન રજૂ કર્યું હતુ. નટરાજ યુવા સાંસ્કૃતિક સંગઠન (NYCO), પ્રમુખ, ચિંતન ભાવસાર, અને મુખ્ય મહેમાનોએ દીપ પ્રાગટ્ય વિધિ કરી હતી. જયારે મહાનુભાવોમાં ભારતના હાઈ કમિશનર અજય બિસારિયા અને ભારતના કોન્સ્યુલ જનરલ, ટોરોન્ટો - અપૂર્વ શ્રીવાસ્તવ ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહમાં જોડાયેલા અન્ય વિશેષ મહેમાનોમાં વિષ્ણુ મંદિરના સ્થાપક Dr.. દુબે અને પેનોરમા ઈન્ડિયાના સુમીતા કોહલી, પ્રભા સુભદ્રા દ્વારા વૈષ્ણવ જન તો તેને રે કહિયે ગીતના લાઈવ ગાયન કરાયુ હતુ. ઈવેન્ટમાં, પ્રેક્ષકોએ કેનેડિયન અને ભારતીય રાષ્ટ્રગીતનું આદરપૂર્વક પઠન કર્યું હતુ. આ તકે વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ NYCOને પત્રમાં શુભેચ્છાઓ મોકલી હતી. પત્રમાં ટ્રુડોએ લખ્યું હતુ કે, કેનેડિયનો માટે અને વિશ્વભરના લોકો માટે મહાત્મા ગાંધી અને તેમના ઉપદેશો મહત્વના છે. એકબીજા સાથે શાંતિથી રહેવા માટે આપણે કેવી રીતે પોતાનો ભાગ ભજવી શકીએ છીએ તે બાબત ગાંધીજીના જીવનમાંથી શીખી શકાય છે. પત્રમાં વધુમાં જણાવાયુ હતુ કે, આ વર્ષે, કેનેડાએ પણ COVID-19 રોગચાળા સહિતના નોંધપાત્ર પડકારોનો સામનો કર્યો છે. તેમ છતાં, જ્યારે અમારી ઉજવણી અગાઉના વર્ષોથી ભિન્ન હોઈ શકે છે, તેમ છતાં તેઓ સમાન મહત્વ અને અર્થ ધરાવે છે."

# ન્યાયિક ગણતરીના અંતે લિબરલ્સે ક્યૂબેકમાં વધુ એક સીટ જીતી લીધી

## અત્યાર સુધીના પરિણામોમાં લિબરલે જીતેલી બેઠકોની સંખ્યા 120 ઉપર પહોંચી




**ઓટ્ટાવા**

ફેડરલ લિબ્રલ્સે કહ્યું હતું કે, ન્યાયિક ગણતરીના ફળસ્વરૂપ અમે ક્યૂબેકમાં એક બીજી બેઠક જીતી લીધી છે. ન્યાયિક ગણતરીના અંતે વર્તમાન સાંસદ બ્રેન્ડા શનાહનને ચેટૌગુએ-લેકોલેની બેઠક પર બ્લોક ક્યૂબેકોઈસના તેમના હરીફ કરતા 12 મત વધારે મેળવ્યા હતા. જેથી તેમને વિજયી જાહેર કરાયા હતા અને તેઓ ફરીથી હવે સંસદમાં જોવા મળશે. આ ગણતરીએ 20 સપ્ટેમ્બરના રોજ જાહેર થયેલા ચૂંટણીના પરિણામોને પલટાવી નાખ્યા છે. જેમાં શનાહનને બ્લોક ક્યૂબેકોઈસના હરીફ પેટ્રિક ઓહારા સામે 286 મતોથી હારનો સામનો કરવો પડ્યો હતો. પુનઃ ગણતરીના અંતે જસ્ટિન ટ્રુડોની લિબરલ પાર્ટી દ્વારા જીતવામાં આવેલી બેઠકોની કુલ સંખ્યાનો આંકડો 160 ઉપર પહોંચ્યો છે. તેમ છતાં આમાંથી ટોરોન્ટોની સ્પાડિના-ફોર્ટ યોર્કના વિજેતા કેવિન વુઓંગ ભુતકાળમાં તેમના ઉપર લાગેલા જાતીય સતામણીના આરોપોનો ખુલાસો પાર્ટી સમક્ષ કરી નહીં શકતા તેમને પડતા મુકવામાં આવ્યા છે અને તેઓ સ્વતંત્ર સંસદ તરીકે બેસશે. આ પરિણામથી લિબરલ્સની ક્યૂબેકમાં બેઠકની કુલ સંખ્યા 35 જેટલી થઈ છે, જે 2019માં પણ સમાન હતી. બ્લોકે પણ 2019ની જેમ તેમની 32 બેઠકો આ વખતની ચૂંટણીમાં પણ જાળવી રાખી છે. આ ચૂંટણીના અંતે બહુમતી માટે જોઈતી 170 બેઠકો કરતા 10 બેઠકો ઓછી મળતાં ટ્રુડોની લઘુમતી સરકાર આકાર લેશે તેવી શકયતા દેખાઈ રહી છે.

# સરકારી કર્મચારીઓ અને સ્થાનિક મુસાફરો માટે ફેડરલ સરકારે રસી ફરજીયાત કરી દીધી

## વિમાન અથવા ટ્રેન માટે નાગરિકે રસી મુકાવ્યાનો પુરાવો રજૂ કરવો પડશે

**ઓટ્ટાવા**

"મહત્વના " ફેડરલ સરકારી કર્મચારીઓએ 29 ઓક્ટોબર સુધીમાં કોવિડ-19 સામે સંપૂર્ણ રસીકરણ કરાવવું પડશે અથવા 15 નવેમ્બર સુધી પગાર વગરની રજા ઉપર જવાનો સામનો કરવો પડશે. આ ઉપરાંત જે કોઈ નાગરિક કેનેડામાં વિમાન અથવા ટ્રેનમાં મુસાફરી કરવા માંગે છે તેણે સાબિત કરવું પડશે કે, તેમને 30 ઓક્ટોબર સુધીમાં રસી આપવામાં આવી છે.

વડા પ્રધાન જસ્ટિન ટ્રુડો અને નાયબ વડા પ્રધાન ક્રિસ્ટિયા ફ્રીલેન્ડે બુધવારે નવા કોવિડ -19 રસી આદેશની વિગતોની રૂપરેખા આપી હતી. આ નવી નીતિ 267000 જેટલા ફેડરલ કર્મચારીઓ કે જેઓ ઓફિસમાં રહીને અથવા ઓફિસથી દૂર રહીને અથવા કેનેડાની બહારથી કામ કરે છે, તે બધાને જ લાગુ પડશે.

આ યોજના એવા લોકોમાં તફાવત કરે છે જેઓ સંપૂર્ણ રસીકરણ કરવામાં અસમર્થ છે અને જેઓ રસીકરણ કરવા તૈયાર નથી. અમુક લોકો જેમને તબીબ દ્વારા પ્રમાણિત કરવામાં આવ્યા હોય કે પછી કોઈ ધાર્મિક કારણો હોય એવા લોકોને આમાંથી મુક્તિ આપવામાં આવશે.

પગાર વિનાની રજા પર મુકવા ઉપરાંત જે કર્મચારીઓ તેમની રસીકરણની સ્થિતિને પ્રમાણિત કરતા નથી, અથવા તેઓનું રસીકરણ નથી થયું તે પ્રમાણિત નથી કરતા, તેઓને COVID-19 રસીકરણ પર ઓનલાઈન તાલીમ સત્ર લેવાની જરૂર રહેશે. તેઓ તેમના કાર્યસ્થળ અથવા કાર્યસ્થળથી દૂર યોજાતી કોઈપણ ઈવેન્ટ્સ અથવા મીટિંગ્સમાં પણ ભાગ લઈ શકશે નહીં. તેઓના કોન્ફરન્સમાં ભાગ લેવા અને અન્ય કોઈ વ્યવસાયિક કામ માટે મુસાફરી કરવા પર પ્રતિબંધ રહેશે.

ફરજિયાત રસીકરણ નીતિમાં આર.સી.એમ.પી., તેમજ સંપૂર્ણ સમયના કર્મચારીઓ, છૂટક કામ કરનારા કામદારો, વિદ્યાર્થીઓ અને સંઘીય વિભાગો, એજન્સીઓ, અને આરોગ્ય વિભાગ, વેટરન્સ અફેર્સ કેનેડા, સર્વિસ કેનેડા, કેનેડાની જાહેર આરોગ્ય એજન્સી, કેનેડાની કરેક્શનલ સર્વિસ અને કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સીનો સમાવેશ થાય છે.

નવા નિયમો કેનેડિયન સશસ્ત્ર દળોના સભ્યોને લાગુ પડતા નથી. જો કે, ફ્રીલેન્ડે કહ્યું હતું કે, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ તેના પોતાના પરિમાણો હેઠળ રસીકરણને ફરજિયાત બનાવવા માટે આગળ વધશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, જ્યારે આ નીતિ બેંકો જેવા સંઘીય-નિયંત્રિત કાર્યસ્થળોના તમામ કર્મચારીઓને લાગુ પડતી નથી, ત્યારે સરકાર દ્વારા "આ ક્ષેત્રોમાં કામદારો માટે રસીકરણને પ્રાથમિકતા આપવામાં આવે છે તેના માટે તેમની સાથે કામ કરી રહી છે.

ફ્રીલેન્ડે કહ્યું હતું કે "અમે ફેડરલ પબ્લિક સર્વિસમાં કામ કરતા લોકો, તેમના પરિવારો અને તેમના સમુદાયોની સુરક્ષા માટે આ પગલું લઈ રહ્યા છીએ.

# કેનેડિયન ઉદ્યોગો અને વ્યવસાયમાં કર્મચારીની તંગીની સમસ્યા

**ટોરોન્ટો**

કોવિડ-19 રોગચાળાની આર્થિક અસરો કામદારોને શોધવા સંઘર્ષ કરી રહેલા વ્યવસાયોને પરેશાન કરી રહી છે. કારણ કે, વર્તમાનમાં કર્મચારીની અછતના કારણે અમુક ક્ષેત્રો ઠપ થઈ ગયા છે. મોટા અને નાના બંને વ્યવસાયોમાં સંચાલકોને સ્ટાફ શોધવામાં મુશ્કેલી પડી રહી છે.



## વધારે વેતન, બોનસ અને સાનુકૂળ સમય જેવી ઓફર શરુ કરાઈ

નોકરીદાતાઓ વધારે વેતન, બોનસ અને સાનુકૂળ સમય જેવા વધુ પ્રોત્સાહનો કામદારોને આકર્ષવા માટે આપી રહ્યા છે. જો કે, જે ઉદ્યોગો મહિનાઓના લોકડાઉન બાદ નુકસાની ભરપાઈ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, તે અંગે કેનેડિયન ફેડરેશન ઓફ ઈન્ડિપેન્ડન્ટ બિઝનેસના જેસ્મિન ગુનેટ કહે છે કે, લાભો વિકલ્પ ન હોઈ શકે. ગિનેટે અગાઉ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે "આ સમયે માત્ર 40 ટકા નાના ઉદ્યોગો સામાન્ય વેચાણ કરી રહ્યા છે. તેથી વેતન વધારવું એ બધા વ્યવસાયો માટે શક્ય બાબત નથી. બિઝનેસ ડેવલપમેન્ટ બેંક ઓફ કેનેડા (BDC) તરફથી ગયા અઠવાડિયે પ્રકાશિત થયેલા નવા સંશોધનમાં કહેવામાં આવ્યું છે કે, 64 ટકા કેનેડિયન વ્યવસાયિકો કહે છે કે, કર્મચારીની અછત તેમની વૃદ્ધિને મર્યાદિત કરી રહી છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડા અનુસાર, 2021ના બીજા ક્વાર્ટરમાં 731,900 નોકરીની જગ્યાઓ હતી. સ્ટેટકેને કહ્યું હતું કે, આ જગ્યાઓ તમામ પ્રાંતોમાં જોઈ શકાય છે. જેમાં સૌથી વધુ વધારે ક્યૂબેક, ઓન્ટેરિયો અને બી.સી.માં એકંદરે, ડેલોઈટ કેનેડા કહે છે કે, 30.3 ટકા કેનેડિયન વ્યવસાયિકો કર્મચારીની અછતનો સામનો કરી રહ્યા છે.

ટ્રેવિન સ્ટ્રેટને (આર્થિક સલાહકાર નેતા અને ડેલોઈટ કેનેડાના ભાગીદાર)એ જણાવ્યું કે, ફાઈનાન્સ, ઈન્શ્યોરન્સ અને રિયલ એસ્ટેટ જેવા વર્ક-ફ્રોમ-હોમ મોડેલ તરફ વળવા માટે સક્ષમ એવા ક્ષેત્રોએ સમગ્ર રોગચાળા દરમિયાન "નોંધપાત્ર નોકરી વૃદ્ધિ" જોઈ છે. સ્ટ્રેટોને મંગળવારે એક ઈમેઈલમાં જણાવ્યું હતું કે, "બીજી બાજુ, આવાસ અને ખાદ્ય સેવાઓ, પરિવહન અને મનોરંજન અને પર્યટન જેવા ભૌતિક હાજરી પર આધાર રાખતા સખત ક્ષેત્રો સુધી વધારે માઠી અસર થઈ છે અને હજુ પણ જ્યાં સુધી આ મહામારી સંપૂર્ણ રીતે સમાપ્ત ના થાય ત્યાં સુધી આ ક્ષેત્રો પર અસર જોવા મળશે. જ્યારે ઘણા ઉદ્યોગોએ કોવિડ-19 વચ્ચે નિયમિત કાર્યક્ષમતા પર પાછા ફરવા માટે સંઘર્ષ કર્યો છે. ડેટા બતાવે છે કે, આ ક્ષેત્રોમાં કેનેડામાં સૌથી વધુ નોકરીની જગ્યાઓ છે. જેમાં હોસ્પિટાલિટી એન્ડ ફૂડ સર્વિસ, હેલ્થ કેર, મેન્યુફેક્ચરિંગ એન્ડ કન્સ્ટ્રક્શન, રિટેલ ટ્રેડ તથા ટ્રકિંગનો સમાવેશ થાય છે.

તંત્રી સ્થાનેથી

# લખીમપુર હત્યાકાંડઃ સામંતશાહીમાં જીવતા નેતાપુત્રની ધૃણાસ્પદ કરતૂત



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે પસાર કરેલા ત્રણ કૃષિ કાયદા સામે ખેડૂત સંગઠનોનો વિરોધ દોઢેક વર્ષ પછી પણ અકબંધ છે. મોદી સરકારને હતુ કે, ખેડૂતો બે-પાંચ મહિનામાં બધુ ભૂલી જશે. અને પરત પોતોના ઘરે ચાલ્યા જશે. પરંતુ મોદી સરકારની ગણતરી સાવ ઉધી પડી છે. કિસાન આંદોલનને કારણે ભારત જ નહીં, કિન્તુ અમેરિકા, કેનેડા સહિતના અનેક દેશમાં મોદી સરકારની ઈમેજ ખરડાઈ રહી છે. સરકાર સામે ઉઠતા અવાજને દબાવી દેવાની નીતિથી અમેરિકા અને કેનેડા જેવા દેશો ભારતને સલાહ આપવા માંડ્યા છે. હવે ખેડૂતોના વિરોધને દબાવી દેવા માટે ભાજપની સરકારો બળપ્રયોગ કરવા માંડી છે. રવિવારે ઉત્તર પ્રદેશના લખીમપુર ખીરીમાં બનેલી ઘટનાએ આખા દેશને હચમચાવી દીધો છે.

લખીમપુર ખીરીમાં રવિવારે બનેલી ઘટનામાં ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યનો વિરોધ કરવા જઈ રહેલા ખેડૂતો પર કેન્દ્રીય પ્રધાન અજય મિશ્રાના પુત્ર આશિષ મિશ્રાએ કાર ચડાવી દીધી હતી. આશિષ મિશ્રાના પિતા અજય મિશ્રા કેન્દ્ર સરકારમાં રાજ્ય કક્ષાના ગૃહ પ્રધાન છે. રવિવારે લખીમપુર ખીરીમાં તેમનો કાર્યક્રમ હતો અને નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય તેમાં હાજરી આપવાના હતા. જેની સામે ખેડૂતોએ પોતાની સમસ્યાઓ અંગે ધ્યાન દોરવા મૌર્યનો વિરોધ કરવાનું નક્કી કર્યું હતુ. અજય મિશ્રાએ દીકરા આશિષને મૌર્યને લેવા મોકલ્યો હતો. આ દરમિયાન રસ્તા પરથી જતા ખેડૂતોએ સૂત્રોચ્ચાર શરૂ કર્યા તેમાં આશિષ મિશ્રાએ મગજ પરથી કાબુ ગુમાવ્યો ને ખેડૂતો પર કાર જ ચડાવી દીધી.

આશિષ મિશ્રાએ ચાર ખેડૂતોને કચડીને મારી નાંખ્યા પછી પોતે તો ભાગવામાં સફળ રહ્યો. આ ઘટના બાદ ભડકેલા ખેડૂતોના હાથે મિશ્રાના કાફલાની એક કાર ચડી ગઈ અને તેમણે આ કાર સળગાવી દીધી. તોફાને ચડેલાં લોકોને રોકવા માટે પોલીસે કરેલા ગોળીબારમાં બીજા પાંચ લોકોનાં મોત થયાં હતા. આમ આ ઘટનામાં કુલ નવ લોકોના મોત થયા. ઘટના બાદ લખીમપુર ખીરીમાં પણ તોફાનો શરૂ થઈ ગયાં. મોકાનો લાભ લેવા માટે સમાજવાદી પાર્ટી અને કૉંગ્રેસ સહિતના રાજકીય પક્ષો પણ મેદાનમાં આવી ગયા. તેના કારણે સોમવાર સવાર સુધીમાં તો મુદ્દો બરાબર ગરમ થઈ ગયો. બીજી તરફ યોગીએ એક તરફ ઉચ્ચ પોલીસ અધિકારીઓને મોકલીને ખેડૂતોને મનાવવાની મથામણ શરૂ કરી તો બીજી તરફ રાજકીય રંગ આપવા મેદાને પડેલા અખિલેશ યાદવ, પ્રિયંકા ગાંધી વગેરેને નજરકેદ કરી દીધાં કે જેથી લખીમપુર ના જઈ શકે. યોગીએ આ કાંડની નિષ્પક્ષ તપાસનું પણ વચન આપ્યું અને આશિષ મિશ્રા સામે ખૂનનો કેસ પણ દાખલ કરાવી દીધો. યોગીની આ વ્યૂહરચના કારગર સાબિત થઈ છે અને ચોવીસ કલાક કરતાં તો ઓછા સમયમાં બધું શાંત પડી ગયું.

આશિષ મિશ્રાની કારથી કચડાઈ મરેલા ખેડૂતોનાં સગાં પહેલાં તો મૃતદેહો સ્વીકારવા જ તૈયાર નહોતા પણ પોલીસે સમજાવ્યા પછી નરમ પડ્યા. બાકી હતું તે યોગી સરકારે જે ચાર ખેડૂત મોતને ભેટ્યા હતા એ બધાંના પરિવારોને ૪૫-૪૫ લાખ રૂપિયા આપવાનું એલાન કરી દીધું. આ સિવાય તેમના પરિવારોમાંથી એક-એક વ્યક્તિને સરકારી નોકરી આપવાનું વચન પણ આપી દીધું. પોલીસની ધોકાવાળી અને તોફાનોમાં જેમના હાથ-પગ ભાંગ્યા હતા એ બધાંને દસ-દસ લાખ રૂપિયા આપવાનું આશ્વાસન આપીને યોગીએ મામલો થાળે પાડવા મથામણ કરી.

પરિણામે લખીમપુર ખીરીમાં તોફાનો શાંત પડી ગયાં. આ તોફાનોને કારણે ભવિષ્યમાં શું અસર પડશે એ કહેવું અત્યારે વહેલું ગણાય પણ હાલ પૂરતો આ મામલો ટાઢો પડી ગયો છે. જો કે યોગીની ખરી કસોટી હવે છે. આ ઘટનાએ સાબિત કર્યું છે કે આ દેશમાં રાજકારણીઓનો એક વર્ગ હજુ સામંતશાહી માનસિકતામાં જ જીવે છે. જૂના જમાનામાં રાજા અને તેમના ભાયાતો પોતાની સામે અવાજ ઉઠાવનારને દબાવી દેવા માટે અત્યાચારો કરતા હતા. એ લોકો એમ જ માનતા કે લોકો તો કીડા-મકોડા છે અને તેમને પોતાની સામે બોલવાનો કોઈ અધિકાર નથી. અજય મિશ્રાનો દીકરો આશિષ આ જ માનસિકતા ધરાવે છે. મારો બાપ કેન્દ્રમાં ગૃહ મંત્રી છે, તેથી મારું કોઈ કશું ઉખાડી શકે તેમ નથી, એવા મદમાં તેણે ખેડૂતો પર કાર ચડાવી દીધી હતી. આશિષ મિશ્રાએ જે કંઈ કર્યું એ ધૃણાસ્પદ હત્યાકાંડ છે અને એ બદલ તેને સજા મળવી જરૂરી છે. યોગીની અસલી કસોટી આશિષ મિશ્રાને સજા કરાવવામાં છે.

યોગીએ સાબિત કરવું જોઈએ કે, પોતાના રાજમાં લોકોને આ રીતે મારી નાંખીને કોઈ છટકી ના શકે. યોગી પોતાને કાયદો અને વ્યવસ્થાના રક્ષક ગણાવે છે. પોતાના શાસનના કારણે ગુંડા ફફડે છે અને અપરાધીઓને પેશાબ છૂટી જાય છે એવી વાતો કરે છે. લખીમપુર ખીરી ઘટનામાં તેમણે આ વાત સાબિત કરવી જોઈએ. જો કે, યોગી માટે આ કામ કપરું છે પણ અશક્ય નથી. અજય મિશ્રા ભાજપનો નેતા છે અને કેન્દ્રીય મંત્રી છે. સ્વાભાવિક રીતે જ એ પોતાના દીકરાને બચાવવા પૂરી તાકાત લગાવી જ દેશે. બલકે અત્યારથી તેણે એ ધંધો શરૂ કરી જ દીધો છે. અજય મિશ્રા એવી રેકર્ડ વગાડે છે કે, આ ઘટના બની ત્યારે મારો દીકરો તો ત્યાં હતો જ નહીં. મિશ્રાના કહેવા પ્રમાણે, લોકો મારા પુત્રને ખોટો બદનામ કરી રહ્યા છે. અજયના કહેવા પ્રમાણે આશિષ ગામના દંગલ કાર્યક્રમમાં હતો અને આ કાર્યક્રમમાં પ્રશાસનિક અધિકારી પણ હાજર હતા. આ કાર્યક્રમની ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી પણ થઈ હોવાનો તેમનો દાવો છે. મિશ્રા જેવા લોકો માટે ખોટા પુરાવા ઊભા કરવા મોટી વાત નથી. દરમિયાન ગુરુવારે ખીરી હિંસામાં સામેલ આશીષ પાંડે અને લવ કુશને પકડીને પોલીસે પુછપરછ શરુ કરી દીધી હતી.

બીજી તરફ હિંસાના કેસમાં હવે સરકારે તપાસ માટે એક ઈક્નવાયરી કમિશન બનાવ્યુ છે. જેના અધ્યક્ષ તરીકે હાઈકોર્ટના પૂર્વ જજ પ્રદીપ કુમાર શ્રીવાસ્તવની નિમણૂંક કરવામાં આવી છે. આ કમિશન એક સભ્યનુ જ હશે. આ કમિશન બે મહિનામાં તપાસ પૂરી કરશે. આ દરમિયાન જરૂર લાગશે તો તેના સમયગાળામાં ફેરફાર કરવામાં આવશે. દરમિયાન આ ઘટનાનો વધુ એક વિડિયો ગઈકાલે સામે આવ્યો હતો. જેમાં થાર જીપ ખેડૂતોને કચડી નાંખતી નજરે પડે છે. ખેડૂતો હાથમાં કાળા ઝંડા સાથે માર્ચ કરી રહ્યા છે અને એ દરમિયાન પાછળથી ઝડપથી થાર ગાડી આવે છે અને ખેડૂતોને કચડીને તેમના પરથી પસાર થતી દેખાય છે. આવા સંજોગોમાં સમગ્ર ઘટનાની યોગ્ય તપાસ નહીં થાય તો આવનારા દિવસોમાં ભાજપ સરકારની છબી વધુ ખરડાશે અને દેશ દુનિયામાં તે ખેડૂતોની વિરોધી હોવાનો સંદેશો પણ જશે તે નક્કી છે.

manoj1968@yahoo. ca






# સુરત SD જૈન કોલેજના 43 વિદ્યાર્થી ટ્રેકિંગ દરમિયાન ગુમ થતાં દોડધામ

**સુરત**

રાજ્યનાં છેવાડે અને સુરત નજીક આવેલું ઉમરપાડાનું ગાઢ જંગલમાં ફોરવીલ કાર પણ જઈ શકતી ન હોય, મોબાઈલ ફોનના ટાવરના સિગ્નલ પણ પકડાતા ના હોય, કોઈ સ્થાનિક ગાઈડ પણ સાથે ન હોય તેમજ સાંજ પછીનું અંધારૂ ઝડપભેર આગળ વધતું હોય તેવા સંજોગોમાં કોલેજના 43 નવયુવાન વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓ આવા ગાઢ જંગલમાં ભુલા પડી જાય તો શું થાય? તેવા વિચારથી જ કાળજું કંપી ઉઠે છે.

સુરત શહેરની પ્રતિષ્ઠિત ગણાતી એસ.ડી.જૈન કોલેજના સંચાલકોની બેદરકારીને કારણે કોલેજનાં 43 છોકરા-છોકરીઓએ ગાઢ જંગલમાં ફફડતાં હૈયે બેથી ત્રણ કલાક વિતાવવાનો વખત આવ્યો હતો. એટલું જ નહીં તમામ વિદ્યાર્થીઓનાં વાલીઓનાં જીવ પણ ટાળવે ચોંટી ગયાં હતાં. કોરોના વાયરસનો ખોફ ઓછો થતાં જ એસ.ડી.જૈન કોલેજનાં સંચાલકોએ વિદ્યાર્થી દીઠ 1100 રૂપિયા ચાર્જ લઈને 400 જેટલાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને ઉમરપાડાનાં જંગલમાં આવેલાં દેવઘાટ ખાતે ટ્રેકિંગ કેમ્પનું આયોજન કર્યું હતું.

પાછા વળતી વેળા 20 વિદ્યાર્થીનીઓ અને 23 વિધાર્થીઓ રસ્તી ભુલી ગયાં અને ગાઢ જંગલ તરફના અજાણીય રસ્તે ચઢી ગયા હતા. સતત અડધો કલાક સુધી ચાલ્યા પછી 43 વિદ્યાર્થીઓને ખબર પડી ગઈ કે તેઓ રસ્તો ભુલી ગયા છે. મોબાઈલ ફોન ઉપર તમામે ગાઈડ અને શિક્ષકો તેમજ પોતાનાં માતા-પિતાનો સંપર્ક કરવાનો ટ્રાય કર્યો પણ નેટવર્ક આવતા નહોતા.

# ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં રૂપાણી, નીતિન પટેલને સ્થાન

**ગાંધીનગર**

ભારતીય જનતા પાર્ટીએ રાષ્ટ્રીય કાર્યસમિતિ માટે ૮૦ સદસ્યોના નામોની જાહેરાત કરી છે. રાષ્ટ્રીય કારોબારીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીનો સમાવેશ કરાયો છે. પણ સાથે જ ગુજરાતના અનેક દિગ્ગજ નેતાઓને કારોબારીમાં સ્થાન અપાયુ છે. બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ લિસ્ટ જાહેર કરીને આ નામ આપ્યા છે.

ગુજરાતમાંથી કેન્દ્રીય મંત્રીઓ અમિત શાહ, મનસુખ માંડવિયા, પરસોત્તમ રૂપાલાનો સમાવેશ કરાયો છે. તો સાથે જ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ભાજપ અધ્યક્ષ સીઆર પાટીલ, પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનો પણ સમાવેશ કરાયો છે. આ ઉપરાંત રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ડૉ. ભારતીબેન શિયાળ અને વિશેષ આમંત્રિતોમાં રમીલાબેન બારાનો સમાવેશ કરાયો છે. દિલ્હીમાં ૨ વર્ષ બાદ ભાજપની રાષ્ટ્રીય કારોબારી મળવાની છે. ૭ નવેમ્બરના રોજ દિલ્હીમાં રાષ્ટ્રીય કારોબારી મળશે. કોરોનાના કારણે ૨ વર્ષથી રાષ્ટ્રીય કારોબારીની બેઠક મળી ન હતી. છેલ્લે જાન્યુઆરી ૨૦૧૯માં રાષ્ટ્રીય કારોબારી મળી હતી.

# મોદી સામે જાફરીની રિટ અંગેની 26મીએ સુનાવણી

**અમદાવાદ**

વર્તમાન વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીને ૨૦૦૨ના કોમી રમખાણોમાં અપાયેલી ક્લીન-ચિટ સામે પૂર્વ સાંસદ અહેસાન જાફરીના પત્ની ઝાકીયા જાફરીએ સુપ્રીમ કોર્ટમાં પિટિશન કરી છે. સુપ્રીમ કોર્ટે આ પિટિશનની સુનાવણી ૨૬મી ઓક્ટોબરના રોજ નિયત કરી છે તેમજ અરજદાર ઝાકીયા જાફરીને ટકોર કરી છે કે હવે આ કેસમાં તેમને વધુ મુદત નહીં મળે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એ.એમ. ખનવીલકરના વડપણ હેઠળની ખંડપીઠે આજે કહ્યું હતું કે અરજદારની વિનંતીને ધ્યાને લઈ સુનાવણી ૨૬મી ઓક્ટોબરના રોજ નિયત કરવામાં આવે છે. આ ઉપરાંત કોર્ટ સ્પષ્ટપણે જણાવવા માગે છે કે હવે ભવિષ્યમાં અરજદાર તરફથી મુદતની કોઈપણ માગણી ધ્યાને લેવામાં આવશે નહીં.

# 'રાવણ'નું પાત્ર ગુજરાતી ફિલ્મોના કલાકાર અરવિંદ ત્રિવેદીનું નિધન

**અમદાવાદ**

ટીવી દુનિયાની લોકપ્રિય ધારાવાહિક સિરિયલ 'રામાયણ'માં રાવણની ભૂમિકા ભજવનાર અભિનેતા અરવિંદ ત્રિવેદીનું દુઃખદ નિધન થયું છે. અરવિંદ ત્રિવેદીએ 86 વર્ષની ઉંમરે દુનિયાને અલવિદા કહ્યું છે. રામાનંદ સાગરની રામાયણ સિરિયલમાં રાવણનું ફેમસ પાત્ર ભજવનારા અરવિંદ ત્રિવેદી અનેક લોકોના દિલમાં રાજ કરતા હતા. તેમની ભૂમિકા લોકોને ખુબ જ પસંદ પડતી હતી. અરવિંદ ત્રિવેદીના અંતિમ સંસ્કાર બુધવારે મુંબઈના દહાનુકરવાડી સ્મશાન ઘાટ પર થયા હતા. તેઓ ઘણા લાંબા સમયથી બિમાર હતા, પરંતુ



મંગળવારે હાર્ટએટેકના કારણે નિધન થયું હતું. અરવિંદ ત્રિવેદીના નિધનના સમાચારને તેમના ભત્રીજા કૌસ્તુભ ત્રિવેદીએ પુષ્ટિ કરી હતી. ગુજરાતી ફિલ્મોના દિગ્ગજ કલાકાર અરવિંદ ત્રિવેદીના નિધનના સમાચારથી તેમના વતનમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# સંજીવ ભટ્ટ કેસની ટ્રાયલ ૯ મહિનામાં પૂર્ણ કરવા આદેશ

**અમદાવાદ**

૧૯૯૬માં બનાસકાંઠાના જિલ્લા પોલીસ વડા તરીકેના કાર્યકાળ દરમિયાન ખોટો નાર્કોટિક્સ કેસ ઉભો કરવાના કેસમાં પાલનપુરની જેલમાં બંધ પૂર્વ આઈ.પી.એસ. સંજીવ ભટ્ટ સામેની ટ્રાયલ ઝડપથી ચલાવવા ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ ઈલેશ જે. વોરાએ આદેશ આપ્યો છે. આ ઉપરાંત સંજીવ ભટ્ટ દ્વારા માગવામાં આવેલા દસ્તાવેજો પૂરાં પાડવાનો આદેશ પણ કોર્ટ દ્વારા આપવામાં આવ્યો છે. સંજીવ ભટ્ટ તરફથી કેસનો એ સમરી રિપોર્ટ અને કેસ ડાયરી, પાલનપુરના અગથલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી અન્ય બે ફરિયાદો અને તેમની સામે થયેલી હ્યુમન રાઈટ્સ ઈન્કવાયરીના દસ્તાવેજો આપવા માટે માગણી કરાઈ હતી. જેના જવાબમાં પ્રોસિક્યુશન એટલે કે રાજ્ય સરકાર દ્વારા દલીલ કરાઈ હતી કે અગથલા પોલીસ સ્ટેશનની ફરિયાદોને આ કેસ સાથે કોઈ સંબંધ નથી.


ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax

CATERING SPECIAL
$ 9.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# રાજકોટ માર્કેટયાર્ડમાં ભાજપની પેનલ વિજેતા જાહેર, વેપારી પેનલમાં ભંગાણ

## મતગણત્રી ટાણે જિલ્લા પ્રમુખ નેતાની ગેરહાજરીએ નારાજગીની હાજરી છતી કરી

રાજકોટ : રાજકોટ માર્કેયિંગ યાર્ડની ચૂંટણીમાં ભાજપની ભવ્ય જીત થઈ છે. ખેડૂત વિભાગમાં 10 અને વેપારી વિભાગમાં 3 બેઠકો પર ભાજપનો ભગવો લહેરાયો છે. તો 14માંથી માત્ર 1 વેપારી બેઠકમાં કોંગ્રેસની જીત થઈ છે. જોકે, આ ચૂંટણી બાદ જયેશ રાદડિયાનો પિતાની જેમ જ સહકારી ક્ષેત્રે મોટો દબદબો હોવાનો ફરી એકવાર સાબિત થયું છે. ત્રણ બેઠક પર ભાજપ સમર્થિત વેપારી હિત રક્ષક સમિતીના ઉમેદવારો વિજેતા બન્યા છે.

ખેડૂત વિભાગમાં વિજય કોરાટ, ભરત ખૂંટ, વસંત ગઢિયા, હઠીસિંહ જાડેજા, જયેશ પીપળિયા, જયંતી ફાચરા, જયેશ બોઘરા, હિતેષ મેતા, હંસરાજ લીંબાસીયા, જીતેન્દ્ર સખીયાનો ભવ્ય વિજય થયો છે. ત્યારે જયેશ રાદડિયાએ કહ્યું કે, આ ખેડૂતોની સંસ્થા છે અને ખેડૂત લક્ષી કામ કરવામાં આવશે. ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવશે.

ખેડૂતોના હિતમાં જ નિર્ણય થશે. ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. દર વર્ષે ટેકાના ભાવમાં વધારો પણ કરવામાં આવે છે. તમામ જણસીઓ ટેકાના ભાવે રાજ્ય સરકાર ખરીદી કરે છે. લાભ પંચમથી મગફળીની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવશે. રાજકોટની બેડી માર્કેટિંગ યાર્ડની મંગળવારે ભારે રસાકસી ચૂંટણી યોજાઈ હતી.

# રાજકોટમાં ડેમમાં ન્હાવા ગયેલા માતા-પુત્રી ડુબ્યા, 2 બહેનના મોત

**રાજકોટ**

રાજકોટ નજીક હડાળા ગામે રહેતાં રંજનબેન રાજેશભાઈ સીતખરા (ઉ.વ.૩૫) મંગળવારે તેની બંને પુત્રી આશીયા (ઉ.વ.૧૧) એ અનોખી (ઉ.વ.૧૨) ઉપરાંત જેઠની પુત્રી મુશ્કાન રસીકભાઈ સીતાપરા (ઉ.વ.૧૪) સાથે ગામમાં આવેલા ચેકડેમે કપડા ધોવા માટે ગયા હતા. દરમિયાન ચારેય ન્હાવા માટે ડેમમાં પડતા એકાએક ઉંડા ખાડામાં ડુબવા લાગ્યા હતા.

બુમાબુમ થતા સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને રંજનબેન અને મુશ્કાનને પાણીમાંથી બહાર કાઢી બચાવી લીધા હતા ! જયારે આશીયા અને અનોખી પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. ફાયર બ્રિગેડને જાણ કરાતા સ્ટાફે તત્કાળ ઘટના સ્થળે દોડી જઈ આશરે અડધો કલાકની જહેમત બાદ બંનેને બેભાન હાલતમાં પાણીમાંથી બહાર કાઢયા બાદ સિવિલમાં ખસેડાતા ફરજ પરના તબીબે બંને બહેનોને મૃત જાહેર કરી હતી. જયારે મુશ્કાનને દાખલ કરાઈ હતી. જાણ થતા કુવાડવા પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે અને હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતકના પરિવારજનોએ જણાવ્યું કે, આશીયા અને અનોખીના પિતા રાજેશભાઈ ખેતીકામ કરે છે.

# કચ્છ: મુન્દ્રા પોર્ટ પરથી ઝડપાયેલા ડ્રગ્સ કેસની તપાસ NIAને સોંપાઈ

**મુન્દ્રા**

ગુજરાતના મુંદ્રા બંદર પર પકડવામાં આવેલા ડ્રગ્સ કેસની તપાસ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીને સોંપી દેવામાં આવી છે. હવે આ મામલે NIAએ ફરિયાદ દાખલ કરીને તપાસ શરૂ કરી દીધી છે. હકીકતમાં ગત મહિને 13 સપ્ટેમ્બરે DRIએ ગુજરાતના કચ્છ જિલ્લાના મુન્દ્રા બંદર પરથી બે કન્ટેનરોની અંદર પ્રતિબંધિત નશીલી દવાઓ બાબતે બાતમી મળતા તેને અટકાવી દેવામાં આવ્યા હતા. જે બાદ FSLની મદદથી તેની તપાસ કરવામાં આવતા 2988.21 કિલોગ્રામ ડ્રગ્સ ઝડપી પાડવામાં આવ્યું હતું. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં 21 હજાર કરોડ રૂપિયાની કિંમત થવા જાય છે.

# નાણાં વિનાના ‘નાથિયા’ જેવી હાલત થઈ ગઈ છે : નીતિન પટેલનો બળાપો

**મોરબી**

થોડા સમય પહેલા તાલીબાની આતંકવેળા હિન્દુઓની વધુ વસ્તીની હિમાયત સાથેનું જેમનું મંતવ્ય ચર્ચાસ્પદ બન્યું હતું એવા પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ આજે મોરબી જિલ્લાના એક જાહેર કાર્યક્રમમાં એકથી વધુ વખત જીભ કચરી બેઠા હતા. તાજેતરમાં જ નાયબ મુખ્યમંત્રી પદ ગુમાવ્યું તે સંદર્ભમાં તેમણે ‘નાણાં વિનાનાં નાથીયો...’ વાળી લોકોકિતનો ઉલ્લેખ કરીને સત્તા જતી રહેવાથી શું સ્થિતિ થતી હોય એનું ટુંકુ બયાન પણ કરીને જાણે અંગત દુ:ખ વ્યક્ત કર્યુ હતું! મોરબીનાં મોટા બેલા ગામે મહા



મંડલેશ્વર કનકેશ્વરી દેવીની ઉપસ્થિતિ આયોજિત એક કાર્યક્રમમાં ઉદ્‌બોધન વખતે પૂર્વ નાયબ મુખ્ય મંત્રી એક તબક્કે પોતાને પૂર્વ મુખ્યમંત્રી કહી બેઠા બાદ તરત જ ભૂલ સુધારીને તુરંત બાદના વાકયોમાં હોદ્દો ગયાનું દુ:ખ પણ જાણે છલકાવી બેઠા હતાં.

# ગોંડલમાં શ્રમિક પરિવારના ભાઈ-બહેન પાણીમાં ડૂબી જવાથી મોતને ભેટ્યા

**ગોંડલ**

ગોંડલ તાલુકાના માંડણકુંડલા ગામે મનુભાઈ છગનભાઈ સખીયાની વાડી પાસે રાવળીની જમીનમાં ઝૂંપડી બાંધીને રહેતા અને છુટક મજૂરીકામ કરતા બટાસિંગ રૂમાલસિંગ દાવર મૂળ રહેવાસી તાલુકો બરવાની મધ્ય પ્રદેશ વાળાની પુત્રી નીમીલા (ઉ.વ. 12) તેમજ સલીમ (ઉ.વ. ૯) સાંજના સુમારે રમતા રમતા ઝુંપડીની બાજુના પાણીના ખાડામાં પડી જતા ડૂબી જવાથી મોત નિપજ્યા હતા. ગ્રામજનો દોડી આવી બાળકોના મૃતદેહને બહાર કાઢ્યા હતા. મૃતક બાળકોના પીએમ પણ કરવામાં આવ્યા ન હોય મૃતક બાળકોના વાલીઓ મૃતદેહ સાથે વતન જવા નીકળી ગયા હોય તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.




# વાલિયા સુગર ફેક્ટરીના ચેરમેન, કોંગી નેતાની કૌભાંડમાં ધરપકડ

## આગેવાન સંદીપ માંગરોળા સહિત 8 સામે ફરિયાદ નોંધાઈ

**વાલિયા**

વટારીયાની ગણેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળીના પૂર્વ ચેરમેન અને કોંગ્રેસ આગેવાન સંદીપસિંહ માંગરોલા સહિત ૮ લોકો સામે રૂપિયા ૮૫ કરોડની ઉચાપતની ફરિયાદથી ભરૂચ જિલ્લામાં સહકારી અને રાજકારણ ક્ષેત્રે હડકપ મચી ગઈ છે. રવિવારે રાતે વાલિયા પોલીસ મથકે સભાસદે મધરાતે ફરિયાદ નોંધાવ્યા બાદ સોમવારે બપોરે ભરૂચમાં પત્રકાર પરિષદ યોજ્યા બાદ તરત જ પૂર્વ ચેરમેનની ધરપકડ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે.

ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના વટારીયામાં આવેલી શ્રી ગણેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળીમાં ભરૂચ અને સુરતના ૮ તાલુકાના ગામોના ૧૮૦૦૦ જેટલા સભાસદો આવેલા છે. છેલ્લી ૩ ટર્મ એટલે કે ૨૦૦૩ થી ૨૦૨૦ સુધી ગણેશ સુગરના ચેરમેન તરીકે કોંગ્રેસ અગ્રણી અને સહકારી આગેવાન સંદીપસિંહ માંગરોલા અને તેમની પેનલ ચૂંટાતી આવી છે.

ઝાડેશ્વર તવરા રોડ પર આવેલી રંગ ટાઉનશીપમાં રહેતા અને ૨૦ વર્ષથી સભાસદ પુષ્પેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ સુણવાએ રવિવારે રાતે ૨.૪૫ કલાકે વાલિયા પોલીસ મથકે ગણેશ સુગર અને સભાસદો સાથે આર્થિક કૌભાંડ, ઉચાપત, વિશ્વાસઘાતની તત્કાલીન ચેરમેન સહિતના સામે રૂપિયા ૮૫ કરોડની નોંધાવેલી ફિયાદથી ભારે ખલબલી મચી ગઈ છે.

વર્ષ ૨૦૦૮ થી ૨૦૨૦ સુધી પૂર્વ ચેરમેન સંદીપસિંહ માંગરોલાએ સુગરના તત્કાલીન કર્તાહર્તાઓ સાથે મળી સુગર ફેક્ટરીની હજારો કવીંટલ ખાંડ, મોલાસીસનો જથ્થો બારોબાર ઉધારમાં ઓછી કિંમતે વેચી રૂપિયા ૪૬ કરોડ અને અંકલેશ્વરની યુનિયન બેન્કમાંથી ૧૩૦૦ સભાસદના નામે રૂપિયા ૩૯ કરોડનું લોન કૌભાંડ આચરી કુલ રૂપિયા ૮૫ કરોડની ઉચાપત કરી હોવાની ફરિયાદ ઔનોંધાવી છે.


# નવસારીનું અંબાડા કોલેરાગ્રસ્ત જાહેર, ઝાડા-ઉલટીના 39 કેસ

**નવસારી**

કોરોના મહામારીમાં વધુ એક રોગચાળાએ કહેર મચાવવાનું શરૂ કર્યું છે. નવસારીનું અંબાડા ગામ કોલેરાગ્રસ્ત જાહેર કરાયું છે. છેલ્લા બે દિવસમાં 39 લોકો ઝાડા ઉલટીનો શિકાર બનતા કોલેરાગ્રસ્ત જાહેર કરાયુ છે. હાલમાં ગામના 18 લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ગામમાં કોલેરાના કેસ વધતા હંગામી ધોરણે આરોગ્ય કેમ્પ શરૂ કરાયો છે, ગામના ઘરે ઘરે ફરી આરોગ્ય વિભાગની ટીમે પાણીના સેમ્પલ લીધા છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે નવસારી તાલુકાના અંબાડા ગામે બે દિવસમાં 39 લોકોને ઝાડા ઉલ્ટીના કેસ સામે આવતા ખળભળાટ મચ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લીધા બાદ જિલ્લા મેજિસ્ટ્રેટે અંબાડા ગામને કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યું છે. અંબાડા ગામે આવેલ તળાવ ફળિયામાં 39 જેટલા કેસો નોંધાયા છે, જેમાં આઠ લોકોને વધુ તબિયત બગડતાં સારવાર હેઠળ હોસ્પિટલમાં ખસેડાયા છે.

# સુરતમાં ઓક્શન હાઉસ બન્યું, ઈન્વેસ્ટરો ઓફિસ ખરીદવા ઉત્સુક

**સુરત**



દુબઈ ખાતે આયોજિત બિઝનેસ એક્સ્પોમાં સુરતમાં નિર્મિત થઈ રહેલા ડાયમંડ બુર્સનું વર્ચ્યુઅલ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યા બાદ વિશ્વના નામાંકિત બિઝનેસમેનોએ સુરત ખાતે ડાયમંડ બુર્સમાં ઓફિસ ખરીદવાની તૈયારી દાખવી છે. સાથે જ સુરતના ડાયમંડ બુર્સનું જાન્યુઆરી 2022માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ઉદ્દઘાટન થશે. જેમાં રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિનને આમંત્રણ આપવામાં આવશે. આ ઓકશન હાઉસ વિશ્વનું સૌથી મોટું ઓક્શન હાઉસ બનશે. બુર્સમાં ઓક્શન હાઉસ 50 હજાર સ્કવેર ફૂટમાં તૈયાર કરાયુ છે.

દુબઈમાં ગુજરાતમાં ઈન્વેસ્ટમેન્ટ ઓપર્ચ્યુનિટી વિશે આયોજિત એક ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં દુબઈના 10થી વધુ રોકાણકારોએ સુરતમાં આકાર પામી રહેલા ડાયમંડ બુર્સમાં ઓફિસ ખરીદવા માટેની તૈયારી દાખવી છે. દુબઈમાં યોજાયેલી આ કોન્ફરન્સમાં સુરતમાં નિર્માણ પામી રહેલા ડાયમંડ બુર્સનું એક ઓડિયો વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન જોઈને વિશ્વના દિગ્ગજ બિઝનેસમેન પ્રભાવિત થયા હોવાનું ત્યાં ઉપસ્થિત જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ગુજરાત રિજિયન ચેરમેન દિનેશ નાવડિયાએ જણાવ્યું છે.

સુરતમાં આકાર પામી રહેલા ડાયમંડ બુર્સની ખ્યાતિ હવે વિશ્વભરમાં પ્રસરી રહી છે. દુબઈની તાજ બિઝનેસ હોટેલમાં ગુજરાતમાં રોકાણની તકો અંગે ઈન્ટરનેશનલ કોન્ફરન્સ યોજાઈ હતી. દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, સુરતમાં ડાયમંડ ટ્રેડિંગ માટે વૈશ્વિક કક્ષાનું મોટામાં મોટું સેન્ટર આકાર પામી ચૂક્યું છે, એ જોઈ જાણીને તેઓ ભારે પ્રભાવિત થયા હતા.

# હાઈવે માટે સંપાદિત થનારી જમીન બદલ ખેડૂતોને 2200 કરોડ ચૂકવાશે

## જિલ્લા કલેક્ટર દ્વારા 28 ખેડૂત ખાતેદારોને 24 કરોડના ચેક અપાયાં

**સુરત**



વડોદરા-મુંબઈ એક્ષપ્રેસ હાઈવે માટે સુરત જિલ્લામાંથી સંપાદીત થનારી 612 હેક્ટર જમીન માટે બુધવારે જિલ્લા કલેક્ટર દ્વારા વળતર ચૂકવવાની શરૂઆત કરતા 28 ખેડૂત ખાતેદારોને રૂ 24 કરોડના ચેક આપવામાં આવ્યા હતા. સમગ્ર સુરત જિલ્લામાંથી 2200 કરોડનું વળતર ચૂકવવામાં આવશે.

જિલ્લા સેવા સદન ખાતે ચેક વિતરણના કાર્યક્રમ સાંસદ અને પક્ષના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજય સરકારના પોઝીટીવ નિર્ણયના કારણે વડોદરા-મુંબઈ હાઈવે માટે સંપાદિત જમીનો માટે સુરત જિલ્લાના 32 ગામોના 1200 ખાતાઓના 5000 ખાતેદારોને 2200 કરોડનું સંતોષકારક વળતર મળી રહ્યું છે, જે આપવાની શરૂઆત કરવામાં આવી છે. ખેડુતોની માંગણીને ધ્યાને લઈ 2011ના વર્ષની જંત્રીને બદલે હાલમાં વળતરમાં ચાર ગણો વધારો કરીને ખેડુતોની માંગણી મુજબ સરકાર દ્વારા જંગી વળતર આપવામાં આવ્યું છે. વડોદરા-મુંબઈ હાઈવેના નિર્માણ માટે સુરત જિલ્લાની અંદાજીત જમીન સંપાદિત થનાર 612 હેકટર જમીન માટે ખેડુતોને કેન્દ્ર અને રાજય સરકાર, જિલ્લા કલેકટર, જમીન સંપાદન અધિકારીઓ, ખેડુત સમન્વય સમિતિના સભ્યોના પ્રયાસોના પરિણામે ખેડુતોને તેમની જમીનનું યોગ્ય વળતર મળ્યું છે.

# 'કિડની વેચીને 4 કરોડ મેળવો' કહી ઠગાઈ કરતી ટોળકીના આફ્રિકન યુવાનની ધરપકડ

**સુરત**

મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલોની ફેક વેબસાઈટ બનાવી કિડની ખરીદીના બહાને પૈસા પડાવતી ગેંગમાં સામેલ આફ્રિકન યુવાનની સાયબર ક્રાઈમ પોલીસે બેંગ્લોરથી ધરપકડ કરી છે. સ્ટુડન્ડ વિઝા પર બે વર્ષ અગાઉ ભારત આવેલો પોલ કેમરા લોકોને સમજાવી તેમનું બેન્ક એકાઉન્ટ ઠગ ટોળકીને ભાડે અપાવી તેમાં જે રકમ જમા થાય તેના પર 10 ટકા કમિશન કમાતો હતો.

સાયબર ક્રાઈમ પોલીસના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ લોકડાઉનમાં ધંધો નહીં ચાલતા અને તે સમયે જ પોતાના અને બહેનના લગ્નના ખર્ચમાં દેવું થતા કિડની વેચવા ઓનલાઈન સર્ચ કરી બેંગ્લોરની હોસ્પિટલનો સંપર્ક કર્યા બાદ રૂ.4 કરોડ મેળવવાની લાલચમાં સુરતના નાનપુરાના કારદલાલ અરબાઝ સેહબાઝ રાણા પાસે રૂ.14.78 લાખ પડાવનાર ટોળકીના મુખ્ય સૂત્રધાર આઈવરી કોસ્ટના યુવાન ટોટી ડાગો ગ્રેગોરે ઓગસ્ટીનને સુરત સાયબર ક્રાઈમ પોલીસે ગત 17 જુલાઈના રોજ ઝડપી લીધો હતો.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# વડોદરાના હાઈપ્રોફાઈલ કેસનો મુખ્ય CA અશોક જૈન પાલીતાણાથી ઝડપાયો

**વડોદરા**

વડોદરાના ચકચારી રેપ કેસનો મુખ્ય આરોપી અશોક જૈન આખરે આગોતરા જામીનનો હુકમ થાય તે પહેલાં જ ઝડપાઈ ગયો છે. પરપ્રાંતીય પીડિતાને ટ્રેનિંગ દરમિયાન દબાણમાં રાખી બળાત્કાર ગુજરાતનાર તેમજ તેના ફોટા વાયરલ કરનાર સીએ અશોક જૈન અને પાવાગઢના ટ્રસ્ટી રાજુ ભટ્ટ સામે બળાત્કારનો ગુનો દાખલ થયો હતો.




આ ગુનામાં રાજુ ભટ્ટ તેમજ તેને પકડવામાં મદદ કરનાર કાનજી મોકલ્યાની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે અશોક જૈને આગોતરા જામીન માગ્યા હતા જેની સુનાવણી થઈ ચૂકી છે અને આવતીકાલે તા 8મીએ તેનો ચુકાદો આવનાર છે. અશોક જૈનને પકડવા માટે પોલીસની સાત ટીમો કામે લાગી હતી. જે દરમિયાન ગઈરાતે પાલીતાણા ખાતે ઝડપાઈ જતાં તેને વડોદરા લાવવામાં આવ્યો છે.

બીજી તરફ દુષ્કર્મ મામલે રાજુ ભટ્ટને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં અદાલતે આરોપીને બે વખત રિમાન્ડ મંજુર કર્યા બાદ આજે બળાત્કારી રાજુ ભટ્ટને જેલમાં ધકેલવાનો હુકમ કર્યો છે. ચકચારી હાઈપ્રોફાઈલ રેપ કેસમાં આરોપી રાજુ ભટ્ટના બે વખત રિમાન્ડ કોર્ટે મંજૂર કર્યા હતા. પોલીસે જુનાગઢ ખાતેથી રાજુ ભટ્ટની ધરપકડ કરી હતી.

# ડાકોર મંદિરમાં વારાદારીના સેવા પૂજાના દાવાથી પોલીસ બંદોબસ્ત

## ટેમ્પલ કમિટી-વારાદારી આમને-સામને આવી જતા વિવાદ

**નડિયાદ**

ડાકોર રણછોડરાયજી મંદિરમાં ફરી વિવાદ સામે આવ્યો છે. મંદિરમાં સેવાપૂજા કરવા બાબતે શ્રીગોડ વારાદારી અને ટેમ્પલ કમિટી આમને-સામને આવી ગયા છે. ટેમ્પલ કમિટી દ્વારા આજે નીજમંદિરમાં આ વારાદારી પ્રવેશ કરે નહીં તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ટેમ્પલ કમિટી તરફથી ૨૦૧૮માં કોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે આટલાં વરસોની પરંપરામાં નીજમંદિરમાં કોઈ બહેનોએ સેવાપૂજાના હકદાવા કર્યા નથી, જે આ શ્રીગોડ સેવક ઈન્દિરાબહેન કરી રહ્યાં છે.

કોર્ટે કોઈ હુકમ કર્યો નથી. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે સમાનાધિકારના કાયદા આવ્યા તે પહેલાના ઈંગ્લેન્ડના પ્રિવી કાઉન્સિલ સમયથી સ્કીમ છે, તેમાં સુધારો થયો નથી અને સુધારો કરવાના અધિકારો નીચલી કોર્ટને ન હોવાનું અનુમાન થઈ રહ્યું છે તેથી જ પ્રિવી કાઉન્સિલની સ્કીમ વિરુદ્ધ કોઈ હુકમ કે ઠરાવ કરવામાં આવ્યો નથી.

# નવરાત્રિમાં અંબાજી, પાવાગઢના દ્વાર ભક્તો માટે ખુલ્લા રહેશે

**અંબાજી**

નવરાત્રિને લઈ ભક્તો માટે આનંદના સમાચાર છે. આ વખતે નવરાત્રિ દરમિયાન શક્તિપીઠ અંબાજી, ચોટીલા, પાવાગઢ સહિતના મંદિરોના દ્વાર દર્શનાર્થીઓ માટે ખુલ્લા રહેશે. શક્તિપીઠ અંબાજી ખાતે ૭ ઓક્ટોબર-ગુરુવારથી દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. જોકે, સતત બીજા વર્ષે ચાચર ચોકમાં ગરબાનું આયોજન નહીં કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બીજી તરફ પાવાગઢ કાલિકા મંદિર ટ્રસ્ટ દ્વારા નવરાત્રિ દરમિયાન પાંચમ, આઠમ, પૂનમના પરોઢિયે ચાર વાગે જ્યારે બાકીના દિવસોમાં સવારે પાંચથી મંદિરના દ્વાર દર્શનાર્થીઓ માટે ખોલાશે. રાત્રે ૮ સુધી દર્શન થઈ શકશે.

# થરાદ હાઈવે પર ઈક્કો અને ટ્રક વચ્ચે અકસ્માતમાં 5ના મોત, અન્ય 2 ઘાયલ

**થરાદ**

સોમવારના બપોરે થરાદ સાચોર હાઈવે ઉપર દુધવા ગામ ના પાટિયા નજીક એક પેસેજર ઈક્કો ગાડી જઈ રહી હતી ત્યારે સામેથી આવી રહેલી એક ટ્રક સાથે ધડાકાભેર અથડાતા ઈક્કો ગાડીના ખુરદો બોલી ગયો હતો. આ અકસ્માત થતાં ઈકોમાં બેઠેલા અને ગંભીર રીતે ઘવાયેલા મુસાફરોની ચીસાચીસથી હાઈવે ઉપર ભારે અફડા-તફડી સર્જાઈ હતી. મુસાફરોમા રોકકળ અને ચીસાચીસથી આજુબાજુ ના લોકો ઘટના સ્થળે દોડી આવી ઈક્કો ગાડીમા ફસાયેલ મુસાફરોને બહાર કાઢવા ભારે જહેમત ઉઠાવી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલ ત્રણ મુસાફરોને સારવાર માટે થરાદની સરકારી હોસ્પિટ ખસેડવામા આવ્યા હતા.જ્યારે ચાર મુસાફરો ઘટના સ્થળે કરૂણ મોત થયા હતા. જ્યારે ઘવાયેલાઓ પૈકીના એક ઈસમને સારવાર માટ લઈ જતા રસ્તામાં જ મોત થયું હતું. આ અકસ્માતમાં ૫ વ્યક્તિના મોત થતા પથકમા ભારે અરેરાટી ફેલાઈ ગઈ હતી.

મૃતકોમાં સેધાભાઈ મેઘરાજભાઈ પટેલ (રહે. માંગરોળ), રેવાભાઈ રાવતાભાઈ (રહે. સાંચોર), રાજાભાઈ ડામરાભાઈ ધુમડા (રહે. મહાજનપુરા), પ્રકાશભાઈ કનૈયાલાલ માજીરાણા (રહે. થરાદ, ઉ.વ. ૩૫) તથા એક અન્યનો સમાવેશ થાય છે.

# પ્રતાપપુરામાં સરપંચના પરિવાર પર હુમલો : 4 શખ્સો સામે ફરિયાદ

**આણંદ**

આણંદ : પ્રતાપપુરા ગામે સર્વે નં.૧૧૪માંથી કેટલાક શખ્શો રેતીની ચોરી કરી રહ્યા હોવાની માહિતી સરપંચ સવિતાબેન ચૌહાણને મળી હતી. જેથી તેઓએ આ અંગે પતિ સબળસિંહ ચૌહાણ અને પુત્ર શૈલેષભાઈને જાણ કરતા પિતા-પુત્ર બંને તુરંત જ ઘટના સ્થળે દોડી ગયા હતા. જ્યાં કાળાભાઈ ચૌહાણ, જયેશભાઈ ચૌહાણ, વિજયભાઈ ચૌહાણ અને કનુભાઈ ચૌહાણ મશીન વડે રેતી ખનન કરી રહ્યા હોવાનું જાણવા મળતા તેઓએ શખ્શોને ના પાડતા ઉક્ત ચારેય શખ્શો એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ગમે તેમ અપશબ્દો બોલી મહિલા સરપંચના પતિ અને પુત્રને ગડદાપાટુનો માર માર્યો હતો.

# ઉત્તર ગુજરાતના 10 તાલુકામાં ગૌચરની 14 લાખ ચોરસમીટર જમીન પર દબાણો

**મહેસાણા**

ગુજરાતમાં એક તરફ ગૌચરની જમીન ઉદ્યોગજૂથોને આપવામાં આવી રહી છે અને બીજી તરફ ગૌચરની જમીનમાં ભૂમાફિયા તત્વો દબાણ કરી રહ્યાં છે આમ છતાં રાજ્ય સરકારના પંચાયત વિભાગ તરફથી કડક કાર્યવાહી કરવામાં આવતી નથી. રાજ્યમાં ગૌચરની જમીનમાં ગેરકાયદે દબાણ કર્યાના 5000થી વધુ કિસ્સા સામે આવ્યા છે.

આ દબાણો પાંચથી દસ વર્ષ જૂનાં છે પરંતુ તેને દૂર કરવામાં આવ્યા નથી. પંચાયત વિભાગના ઉચ્ચ અધિકારીએ કહ્યું હતું કે રાજ્ય સરકાર ગૌચરના દબાણો દૂર કરવા માટે જિલ્લા વહીવટી તંત્રને આદેશ કરે છે ત્યારે કેટલીક જગ્યાએ દબાણો દૂર થાય છે પરંતુ મોટાભાગના કિસ્સામાં જૂનાં દબાણો દૂર કરવામાં વહીવટી તંત્રને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ઉત્તર ગુજરાતના તાલુકાઓની માહિતી આપતાં અધિકારીએ કહ્યું હતું કે દસ તાલુકા એવા છે કે જેના 200થી વધુ ગામોમાં થયેલા દબાણો વિભાગ દૂર કરી શક્યું નથી.

આ દબાણ પાંચ થી દસ વર્ષ જૂનાં છે તેથી હટાવી શકાતા નથી. જિલ્લા વહીવટી તંત્ર જ્યારે દબાણ દૂર કરવા જાય છે ત્યારે કેટલીક વખત તેમની પર હુમલાની ઘટનાઓ પણ બનતી હોય છે. ઉત્તર ગુજરાતમાં મહેસાણાના સૌથી વધુ 38 ગામોમાં દબાણો થયાં છે. ઉંઝાના 16, વડનગરના 37, વિસનગરના 13, ખેરાલુના 25, સતલાસણાના બે, કડીના 29, બેચરાજીના બે, વિજાપુરના 44 અને જોટાણાના 10 ગામોની 14 લાખ ચોરસમીટર જમીનમાં દબાણો ઉભા થયાં છે.

# વડોદરામાં બે સ્થળે મગર દ્વારા હુમલા યુવકને ખેંચી ગયો, એક વૃદ્ધા ઘાયલ

**વડોદરા**

વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં મગરો ના હુમલાના બનાવો દિન-પ્રતિદિન વધી રહ્યા છે. આ પ્રકારના બનેલા વધુ બે બનાવમાં એક યુવક લાપતા બન્યો છે જ્યારે એક વૃદ્ધા નો બચાવ થયો છે. નદી તળાવમાં પાણીની નવી આવકને કારણે મગર નું સ્થળાંતર વધી રહ્યું છે. જેને પગલે મગરો રહેણાંક વિસ્તારમાં પણ આવી જતા હોવાના બનાવો બનતા હોય છે. છેલ્લા એક સપ્તાહમાં જીવદયા કાર્યકરોએ એક ડઝનથી વધુ મગરોનું રેસ્ક્યૂ કર્યું છે. જ્યારે કરજણ ના રેલવે ટ્રેક પર બે મગર કપાઈ ગયા પણ બનાવ બન્યા છે.

આ સાથે મગરો દ્વારા ગ્રામજનો ઉપર હુમલાના બનાવો પણ વધવા માંડ્યા છે. વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં પીંગરવાડા ગામે ઢાઢર અને રંગાઈ નદી મળતી હોવાથી તેમાં પણ મગરો આવી ગયા છે. આજે સવારે નદી કિનારેથી એક યુવકને મગર ખેંચી ગયો હોવાનો બનાવ બનતા ગ્રામજનો દોડી આવ્યા હતા. લાપતા યુવકનો પત્તો નહી લાગતા વડોદરા ફાયરબ્રિગેડની મદદ લેવામાં આવી છે. આજ રીતે વડોદરા નજીકના સુખલીપુરા ગામે ઘરકામ કરતી સુમીબેન નામની વૃદ્ધા ઉપર પણ હુમલો કર્યો હતો. પરંતુ વૃદ્ધાએ મુકાબલો કરતા મગર તેમને ઈજાગ્રસ્ત હાલતમાં છોડી ભાગી ગયો હતો. ઈજાગ્રસ્ત વૃધ્ધાને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવી છે.


First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, Opposite Vegetables Market. Phone 647-761-1317, 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough WE ARE RE-OPENING 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY CLOSED : SAT-SUN : 11.00 AM to 6.00 PM
Mississauga 2960 Drew Road, Unit-158, Mississauga ON L4T 045 Great Punjab Plaza, Next to Malton Gurudwara. : Phone : 905-673-9631 647-761-1317 647-657-9631 ------: MON-FRI : ------ 9.30 AM to 8.00 PM
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



## બ્રિટની સ્પીયર્સ પિતાની ચુંગાલમાંથી આઝાદ થઇ

મુંબઇ : ગ્રેમી એવોર્ડ વિજેતા સિંગર બ્રિટની સ્પીયર્સછેલ્લા થોડા દિવસોથી પિતા સાથેની કાયદાકીય જંગમાટે ચર્ચામાં હતી. બ્રિટનીએ પોતાના પિતા જેમી સ્પીયર્સના સંરક્ષણથી મુક્ત થવા માટે કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. તાજા સમચારના અનુસાર, આ કેસમાં બ્રિટનીને મોટી સફળતા મળી છે.બુધવારે કોર્ટે બ્રિટનીના પિતાની સંરક્ષણતાનો અંતઆણ્યો છે. સિંગરને અંતે પિતા જેમી સ્પીયર્સના કન્ઝરવેટરશિપથી આઝાદી મળી  ગઇ છે. લોસ અન્જલસના ન્યાયધીશે જેમીને પોતાની પુત્રી બ્રિટનીના અભિભાવક પદથી દૂર કર્યો છે.

સ્વદેશ





# ડ્રગ્સ કેસમાં આર્યન ખાનને પોલીસ કસ્ટડી

મુંબઈ: મુંબઈ નજીક ક્રૂઝશિપમાં યોજાયેલી ડ્રગ્સ પાર્ટીના મામલામાં બોલીવુડના બાદશાહ શાહરૂખ ખાનના દિકરા આર્યન ખાન સહિત 16 લોકોની ધરપકડ કરવામાં આવી હતી. એનસીબીએ કોર્ડેલા ક્રુઝશિપ પર છાપો મારીને શાહરૃખ ખાનના પુત્ર આર્યન ખાન, તેના મિત્ર અરબાઝ મર્ચન્ટ, મુનમુન ધમેચા સહિત આઠ જણની ધરપકડ કરી હતી. આ સિવાય કોકેન, ચરસ, મેકડ્રોન અને અન્ય નશીલો પદાર્થ જપ્ત કર્યો હતો. મુંબઈના કિલા કોર્ટમાં શાહરુખ ખાનના પુત્ર આર્યન સહિત તમામ 8 આરોપીઓને 14 દિવસના જ્યૂડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાયા છે.

## પપ્પા ખૂબ બિઝી રહેતા હોય છે, તેમને મળવા એપોઈન્ટમેન્ટ લેવી પડે છે

મુંબઈ : કિંગ ખાનના પુત્ર આર્યનને ડ્રગ્સ પ્રકરણમાં એનસીબીએ ધરપકડ કરી છે. એનસીબીની પૂછપરછમાં આર્યને ઘણી વાતનો ખુલાસો કર્યો હોવાનું કહેવાય છે. તેણે ચાર પાનાના જવાબ નોંધાવ્યો હતો. દરમ્યાન એવું જાણવા મળ્યું હતું કે આર્યને પૂછપરછમાં અધિકારીઓને જણાવ્યું હતું કે 'તેના પપ્પા કામમાં ખૂબ જ બિઝી રહેતા હોવાથી તેમને મળવા એપોઈન્ટમેન્ટ લેવી પડતી હોય છે.' બોલીવુડનો વ્યસ્ત અભિનેતા મનાતો શાહરૃખ ખાન એક જ સમયે અનેક પ્રોજેક્ટ પર કામ કરે છે.



## પુત્રના કારનામાથી શાહરૂખની 378 કરોડ રૂપિયાની બ્રાન્ડ વેલ્યુને ખતરો

મુંબઈ : આર્યન ખાનની ડ્રગ કેસમાં ધરપકડ પછી શાહરૂખ ખાનને સૌથી મોટું નુકસાન તેના એન્ડોર્સમેન્ટ પર થાય તેવી શક્યતા છે. સોશિયલ મીડિયા પર લોકો શાહરૂખ ખાને એ બ્રાન્ડસને પણ ટ્રોલ કરી રહ્યા છે, જેના એન્ડોર્સમેન્ટ કિંગ ખાન કરી રહ્યા છે. ફેન્સના સંતાનોને કઈ રીતે શાહરૂખ પ્રેરણા આપશે તેવા આકરા પ્રશ્નો પુછાઈ રહ્યા છે.  હાલ શાહરૂખની બ્રાન્ડ વેલ્યુ ૩૭૮ કરોડ રૂપિયાની છે. આર્યનના ડ્રગ કેસમાં ફસાઈ ગયા પછી કિંગ ખાનને એમાંથી નુકસાન થાય તેવી પુરી શક્યતા હોવાનું માર્કેટ નિષ્ણાતોનું માનવું છે.

## આર્યન ખાનના ફોનમાંથી મળી વાંધાજનક તસવીર, કોર્ટમાં NCBનો ખુલાસો

મુંબઈ: નારકોટિક્સ કંટ્રોલ બ્યુરોએ શનિવારે મુંબઈમાં ચાલી રહેલી એક હાઈ પ્રોફાઈલ રેવ પાર્ટી પર રેડ કરી હતી, જે બાદ 8 લોકોની ધરપકડ કરી લેવાઈ હતી. એનસીબીએ કોર્ટમાંથી આરોપીઓની 11 ઓક્ટોબર સુધી કસ્ટડી માગી હતી. સુનાવણી દરમિયાન એ પણ સામે આવ્યુ છે કે આર્યન ખાનના ફોનમાં વાંધાજનક તસવીર મળી છે. આ સિવાય પણ એજન્સી તરફથી કેટલાક ચોંકાવનારા ખુલાસા કરવામાં આવ્યા છે.

## બોલીવૂડ સ્ટાર્સની પત્નીઓ બાથરુમમાં વ્હાઈટ પાવડર લેતી હતી: શર્લિન ચોપરા

મુંબઈ: દેશભરમાં ચકચાર મચાવનાર આર્યન ખાન ડ્રગ્સ કેસની વચ્ચે એક્ટ્રેસ શર્લિન ચોપરાએ સનસનીખેજ નિવેદન આપ્યુ છે. તેણે કહ્યુ છે કે, બોલીવૂડ સ્ટાર્સની પત્નીઓ વોશરૂમમાં જઈને વ્હાઈટ પાઉડરનુ સેવન કરતી હોય તે મેં જોયુ છે..તેણે પોતાના એક જુના ઈન્ટરવ્યુની ક્લિપ સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. જેમાં તે દાવો કરતી દેખાઈ રહી છે કે, એક પાર્ટીમાં જ્યારે હું ડાન્સ કરતા થાકી ગઈ હતી ત્યારે વોશરુમ તરફ ગઈ હતી. તેનો દરવાજો મેં ખોલ્યો અને જોયુ તો ચોંકી ગઈ હતી. પહેલા તો મને લાગ્યુ હતુ કે, હું ખોટી જગ્યાએ તો નથી આવી ગઈને.. મેં જોયુ હતુ કે, બોલીવૂડ સ્ટારની પત્ની અરિસા સામે ઉભી રહીને વ્હાઈટ પાઉડર લઈ રહી હતી. શર્લિન ચોપરા આગળ કહે છે કે, મેં આ વાતને નજર અંદાજ કરવાનુ પસંદ કર્યુ હતુ.















હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર

નિહાળો નીત નવા રૂપરંગમાં !!

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.

23 Lyric Road, Brampton ON L6S 0B4.


### વિરોધીઓને રંજાડવા સીબીઆઇ, આઇટી અને ઇડી બાદ હવે એનસીબીનો સહારો?

# ડ્રગ્સ કાંડ : NCBની કાર્યવાહી સંદેહસૂચક

ગત શનિવારે રાતે મુંબઈથી ગોવા જતી લક્ઝૂરિયઝ ક્રૂઝમાંથી ડ્રગ્સ પકડવા સાથે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોની ટીમે શાહરુખ ખાનના દીકરા આર્યન ખાનની અટક કરી લીધી. આ ઘટના સાથે જ બોલીવુડ સહિત સમગ્ર દેશમાં સનસનાટી મચી ગઈ. એનસીબીએ કરેલા દાવા પ્રમાણે આ ક્રૂઝ પર ધનિકોનાં છોકરાં ભેગાં થઈને પાર્ટી કરવાનાં હતા તે અંગે ૧૫ દિવસ પહેલાંથી જાણ થઈ હતી. તેથી એનસીબીના અધિકારીઓ ક્રૂઝ પર નજર રાખીને બેઠા હતા. શનિવારે રાત્રે માલેતુજારોનાં છોકરાં સહિત ૬૦૦ લોકોને લઈને ક્રૂઝ રવાના થયું કે તરત જ એનસીબીની ટીમે ક્રૂઝ પર પહોંચવા કવાયત આદરી. ક્રુઝ પર પાર્ટી શરૂ થઈ કે તરત એનસીબીના અધિકારીઓએ ઘૂસીને રેડ કરી દીધી.

આ રેડમાં શાહરુખનો દીકરો પણ હાથે ચડી ગયો. તેમાં રેવ પાર્ટીની ચર્ચા આખા દેશમાં થઈ ગઈ છે. એનસીબીએ કરેલા દાવામાં વધુમાં ઉલ્લેખ કર્યો છે કે, ક્રૂઝમાંથી જુદા જુદા પ્રકારના ડ્રગ્સ અને ડ્રગ્સ ટેબ્લેટ મળી છે. આ ડ્રગ્સ ક્યાંથી આવ્યું તેની તપાસ ચાલી રહી છે. એનસીબી બહુ જલદી તેની ચોખવટ કરશે જ. શાહરુખના દીકરા આર્યન પાસેથી ડ્રગ્સ મળ્યું કે નહીં એ નક્કી નથી. ઉપરાંત આર્યને ડ્રગ્સ લીધુ હતુ કે ન હતુ તે અંગે પણ સ્પષ્ટતા એનસીબીએ હજી સુધી કરી નથી. આ કેસમાં આઠ લોકોની ધરપકડ બાદ પૂછપરછ થઈ રહી છે. તેમાં એક શાહરુખનો દીકરો આર્યન પણ છે. ગુરુવારે એનસીબીએ આર્યન સહિતના આરોપીને કોર્ટમાં રજૂ કરીને વધુ કસ્ટડી રિમાન્ડની માંગ કરી હતી. પરંતુ કોર્ટે તે આરોપીઓને 14 દિવસની જ્યુ. કસ્ટડીમાં મોકલી દેવા આદેશ આપ્યો હતો. આ સમયે આર્યનના વકીલ નાનશિંદેએ કોર્ટમાં દલીલ કરી હતી કે, બે રાતથી આર્યનની કોઈ પુછપરછ કરાઈ નથી તો પછી તેને શા માટે કસ્ટડીમાં રાખવામાં આવ્યો છે. બીજી તરફ એનસીબીએ કોર્ટ સમક્ષ કહ્યુ કે, તે આર્યનની પુછપરછ કરી આ કેસમાં મુખ્ય આરોપી સુધી પહોંચવા માંગે છે. તેથી તેને કસ્ટડીમાં રખાયો છે. બંને પક્ષની દલીલો બાદ કોર્ટે આ બાબતે શુક્રવાર પર કાર્યવાહી રાખી હતી.

આ કિસ્સામાં એનસીબીએ કુલડીમાં ગોળ ભાંગવાનો રસ્તો ખુલ્લો રાખ્યો હોવાથી શાહરુખનો દીકરો દોષિત છે કે નહીં એવું ના કહી શકાય. આમ છતાં આર્યનને શક્ય હોય ત્યાં સુધી કસ્ટડીમાં રાખવા ઉધામા થયા છે. એટલે જ તેને નોનબેલેબલ ગુનામાં સંડોવવા પેરવી થઈ. ક્રૂઝ પરથી ડ્રગ્સ મળ્યુ તે પછી કોઈની ધરપકડ ના કરાય અને



માત્ર અટકાયત કરીને પૂછપરછ કરવાની રમત રમાયા કરે એ કેવું ? આ રમત કેમ રમાય છે એ પણ સમજવા જેવું છે. જેમની અટકાયત કરાઈ છે તેમાં દિલ્હીના ત્રણ બિઝનેસમેનની દીકરીઓ હોવાનું પણ કહેવાય છે. બીજાં જે પણ છે એ બધાં પણ પૈસાદાર બાપની ઓલાદ જ હશે. કેમ કે એ સિવાય કોઈને આ મોંઘાદાટ ક્રૂઝ પર જવાનું પરવડે એમ જ નહોતું. ક્રૂઝની એન્ટ્રી ફી એંસી હજારથી શરૂ કરીને પાંચ લાખ રૂપિયા લગી હતી. સામાન્ય માણસની વાત છોડો પણ ઉચ્ચ મધ્યમ વર્ગનું પણ આટલા રૂપિયા ખર્ચવાનું ગજું નથી. બીજી તરફ શાહરુખ ખાનને ભાજપ વિરુદ્ધની રાજકીય પાર્ટીઓ સાથે સારા સબંધો છે. ખાસ કરીને મમતા બેનરજી સાથે તેના સબંધો છે. તેથી એનસીબીને સહારે તેને હેરાન કરવા ખેલ કરાયો હોવાની અટકળો પણ ચાલી રહી છે. આ આખી ઘટના રાજકીય પ્રેરિત હોવાની આશંકા પણ ઉઠી રહી છે. NCBના દરોડા અંગે

**પ્રાસંગિક**

**ધવલ શુક્લ**

નવાબ મલિકે વધુમાં કહ્યું કે, ક્રૂઝ લાઈનરમાંથી કોઈપણ પ્રકારનું ડ્રગ્સ મળ્યું નથી. એનસીબીનો હેતુ માત્ર આ કેસમાં ધરપકડ કરાયેલા લોકોને ફસાવવાનો કે હેરાન કરવાનો હતો. ક્રૂઝ પરના દરોડામાં નવાબ મલિકે ભાજપની સંડોવણીના સંકેત આપ્યા છે. તેમણે આરોપ લગાવ્યો છે કે, ભાજપના નેતાઓ આ દરોડાનો ભાગ હતા. એક વ્યક્તિ કે જેનું નામ કેપી ગોસવી હતું તે આર્યન ખાનને એનસીબી ઓફિસમાં લાવતો જોવા મળ્યો હતો. તેણે આર્યન સાથે સેલ્ફી પણ ક્લિક કરી. બાદમાં, NCB એ સ્પષ્ટતા કરી કે, તે વ્યક્તિ NCB નો ભાગ નથી. તો NCB એ પણ જવાબ આપવો જોઈએ કે તે વ્યક્તિ ત્યાં શું કરી રહ્યો હતો. અને તે આર્યન ખાનને NCB ઓફિસમાં કેમ લાવ્યો? મલિકના આ દાવા બાદ મનીષ ભાનુશાલી કે જેણે એનસીબીને બાતમી આપ્યાનું કહેવાય છે તેણે પત્રકાર પરિષદમાં દાવો કર્યો કે, "મને માહિતી મળી હતી કે ક્રુઝ શિપ પર

**આર્યન ખાન ડ્રગ્સ સાથે પકડાયો કે તેણે ડ્રગ્સ લીધુ હતુ તે અંગે એનસીબી પાંચ દિવસે પણ નકકર પુરાવા રજૂ કરી શકી નહીં. એટલે આખી કાર્યવાહીનો હેતુ શંકાના ઘેરામાં આવી ગયો**

મહારાષ્ટ્રના મંત્રી નવાબ મલિકે બુધવારે પત્રકાર પરિષદ યોજીને દાવો કર્યો હતો કે, લક્ઝરી ક્રૂઝ લાઈનર પર પડેલી NCBની રેડ નકલી હતી. આ દરોડામાં કુલ 8 લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં શાહરૂખ ખાનનો પુત્ર આર્યન ખાન પણ હાજર હતો. આર્યન ખાન હાલમાં એનસીબીની કસ્ટડીમાં છે.

ડ્રગ પાર્ટી થઈ રહી છે. તે આપણા દેશના યુવાનોને અસર કરી રહી હતી, તેથી જે પણ આ માટે દોષિત છે તેને સજા થવી જોઈએ. બસ આટલા માટે જ અમે એનસીબીના અધિકારીઓનો સંપર્ક કર્યો હતો.

જે પછી ઓપરેશન થયું. સાક્ષી તરીકે, અમને સહી કરવા માટે NCB કાર્યાલયમાં બોલાવવામાં આવ્યા હતા. અમે આરોપીઓને એનસીબી કચેરીમાં લાવતા ન હતા. તેના બદલે અમે તેની સાથે એનસીબી ઓફિસ જઈ રહ્યા હતા. કેબી ગોસ્વી મારા મિત્ર છે અને તે પણ મારી સાથે હતા. ખેલ આ કિસ્સામાં ખેલ ભલે જે ખેલાતો હોય, પરંતુ હાલ શાહરુખે પોતે દીકરાને બચાવવા વકીલોને રોક્યા છે. એનસીબી કેન્દ્ર સરકારની એજન્સી છે પણ સીબીઆઈ હોય કે એનસીબી હોય કે સ્થાનિક પોલીસ હોય, બધા સત્તામાં બેઠેલા લોકોના પાળેલા પોપટ છે એ કહેવાની જરૂર નથી. ભારતમાં દરેક તપાસ એજન્સીનો ઈતિહાસ કલંકિત છે. તેમાં એનસીબી પણ બાકાત નથી. એનસીબીનો ઈતિહાસ પણ બહુ વખાણવા જેવો નથી જ. એનસીબીએ સુશાંતસિંહ રાજપૂત કેસમાં કેવો હોબાળો મચાવ્યો હતો અને છેવટે શું થયું એ દુનિયાની નજર સામે છે. છ મહિનાની હોહા પછી સુશાંત કેસમાં તમામ આરોપી કે શંકાસ્પદોને છોડી મુકાયા છે. એનસીબીએ રાષ્ટ્રપ્રેમનું કામ કરતાં હોય એવો માહોલ પેદા કરી દીધેલો અને છેવટે ખોદ્યો ડુંગર નીકળ્યો ઉદર જેવો ઘાટ થયેલો. આર્યનના કેસમાં પણ એનસીબી હોહા કરીને વાતનો વીંટો વાળીને એવું કરી નાખે એવી શક્યતા છે.

જો કે, સુશાંતસિંહ અને આર્યન ખાનની ક્રુઝ પાર્ટી ઉપરાંત મુદ્રા એરપોર્ટ પરથી મોટાપ્રમાણમાં ડ્રગ્સ પકડાવાની ઘટનાથી સ્પષ્ટ થઈ ગયુ છે કે, ભારતમાં ડ્રગ્સનું દૂષણ વધ્યું છે. મોટાઘરના નબીરાઓ પણ ડ્રગ્સને રવાડે ચઢી ગયા છે. ડ્રગ્સના ઉત્પાદન, વેચાણ અને વિતરણ પર સંપૂર્ણ પાબંદી છે આમ છતાં આ ડ્રગ્સ ક્યાંથી આવે છે એ સવાલ મહત્ત્વનો છે. ભારત કોઈ પણ દૂષણ માટે વિદેશ પર અને ખાસ તો પાકિસ્તાન પર દોષનો ટોપલો ઢોળીને હાથ ખંખેરી નાખે છે. પણ પાકિસ્તાન ભારતમાં ડ્રગ્સ કઈ રીતે ઘૂસાડી જાય છે એ વિશે કોઈ વિચાર સુદ્ધા કરતુ નથી. સમસ્યાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ પણ થતો નથી. તેના કારણે ડ્રગ્સનો ભરડો વધતો જાય છે. ભારતના યુવાનો ડ્રગ્સના રવાડે ચડીને બરબાદ થતા જાય છે. આમ છતાં કેન્દ્ર કે રાજ્યની સરકારો એકબીજા પર દોષારોપણ કરીને રાજકારણ રમવામાં મસ્ત છે. આર્યન સામે હજી સુધી એનસીબી કોઈ નક્કર પુરાવા રજૂ કરી શકી નથી તે જોતા આ કાર્યવાહી પાછળનો હેતુ શંકા ઉપજાવનારો છે. વાસ્તવમા દેશમાં આવતા ડ્રગ્સને રોકવા માટે એનસીબી કે ગૃહમંત્રાલયે કડકાઈથી કામ લેવું જોઈએ. કારણ કે, આખરે તો આ બાબત દેશના હિત સાથે સંકળાયેલી છે.

# SOLD YES

SELL YOUR HOME FAST & TOP $$$

- ✓ Marketing : Interment / Online Marketing, Full MLS, Facebook, Instagram, E-Blast, Whats App, Relator Network, Radio, Sponsored Ad, Local News Paper
- ✓ Competitive Commission Package ( Low commission Option Available)
- ✓ Help for Best Mortgage Arranged for Buyers
- ✓ First time Home Buyer
- ✓ New Immigration

**FREE**
Home Market Evaluation

**FREE**
Home Staging Consultation

**FREE**
virtual Tour with Photos

**OPEN**
House Until Sold

**I Sell For More!**

HOT MARKET
LOW/STABLE INTERST RATE

Google Customer Reviews ★★★★★



# Pranay Jani

Real Estate Broker

**416-258-5264**

pranayjanig1@gmail.com

Pranayjani (Facebook) Pranayjanig1 (Instagram)

## Call Toh Karna Hi Hoga!

HOMELIFE HIGHER STANDARDS
G1 REALTY INC. Brokerage
Each Office Independently Owned & Operated

2260, Bovaird Dr. E, Unit 202, Brampton ON L6R 3J5
T 905-793-7797 F. 905-593-2619
www.pranayjani.com



# નવદુર્ગાની આરાધનાથી મનવાંચ્છિત ફળની પ્રાપ્તિ

ઈશ્વરને પણ કાર્ય કરવા માટે શક્તિ-ઊર્જાની જરૂર પડે છે. ભગવાન શિવ સ્વયં કહે છે - શક્તિ વિના હું કંઈપણ કરી શકવા સમર્થન થી. નવરાત્રિ એ આ શક્તિ પૂજાનું પર્વ છે. શાસ્ત્રો પ્રમાણે નવરાત્રિ પર્વ વર્ષમાં ચાર વાર આવે છે. એમને વાસંતિક, આષાઢીય, શારદીય અને માઘીય નવરાત્રિ કહે છે.

આમાં વાસંતિક એટલે કે ચૈત્રીય અને શારદીય એટલે આશ્વિની નવરાત્રિ વધારે પ્રસિદ્ધ અને મહિમાવંત ગણાય છે. બાકીની બે નવરાત્રિઓને 'ગુપ્ત નવરાત્રિ' કહેવાય છે. શારદીય નવરાત્રિમાં દુર્ગાપૂજા 'મહાપૂજા' કહેવાય છે. નવરાત્રિની ૯ પુણ્ય રાત્રિઓ દરમિયાન ત્રણ દેવીઓ પાર્વતી, લક્ષ્મી અને સરસ્વતીના નવ સ્વરૂપોની પૂજા ધાય છે. જેમને નવદુર્ગા કહેવામાં આવે છે.

આ સૃષ્ટિનું સર્જન, પાલન અને સંહાર કરનારી આ આદ્યાશક્તિ એક જ છે. એમના લોકકલ્યાણકારી રૂપને 'દુર્ગા' કહે છે.

**- 'તાં દુર્ગા દુર્ગમાં દેવી' દુરાચારવિઘાતિનીમ્ I નમામિ ભવભીતોડહું સંસારાર્ણવતારિણીમ્ II દુર્વિજ્ઞોય, દુર્ગમ, દુરાચાર વિનાશિની, સંસારસાગરથી તારનારી ભગવતી દુર્ગાને હું ભવફેરાના ભયથી ત્રસ્ત માનવી નમન કરું છું.'**




નવદુર્ગાના નવ મનોરમ્ય સ્વરૂપોના નામ આપતાં દર્શાવાયું છે - 'પ્રથમં શૈલપુત્રી, દ્વિતીયં બ્રહ્મચારિણી, તૃતીય ચંદ્રઘકટેતિ, કુષ્માણ્ડેતિ ચતુર્થકમ્, પંમચ સ્કન્દમાતેતિ, ષષ્ઠં કાત્યાયનીતિ, સપ્તમં કાલરાત્રીતિ, મહાગૌરતિ ચાષ્ટમ, નવમં સિધ્ધિદાત્રી ચ નવદુર્ગા પ્રકીર્તિતા II' શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘણ્ટા, કુષ્માણ્ડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રિ, મહાગૌરી અને સિધ્ધિદાત્રી નામના આ નવ સ્વરૂપો નવરાત્રિ દરમિયાન પૂજા સાથે આરાધવામાં આવે છે. મંત્ર, તંત્ર અને યંત્રના માધ્યમથી આ શક્તિ તત્ત્વની સાધના કરનાર ને પ્રેમથી શ્રેય, ભોગથી મોક્ષ સુધીના તમામ ફળ પ્રાપ્ત થાય છે.

નવદુર્ગા સાથે દસ મહાવિદ્યાઓની પણ શક્તિ - આરાધનામાં પૂજા કરાય છે. દેવી ભાગવતમાં દેવી સ્વયં કહે છે - 'સર્વ ખલ્વિદમેવાહં નાન્યદસ્તિ સનાતનમ્ - આ આખું જગત હું જ છું. મારા સિવાય બીજું કોઈ અવિનાશી તત્ત્વ નથી. શક્તિ ઊર્જા રૂપે અવિનાશી, શાશ્વત, સનાતન છે. તે જડ-ચેતન બધામાં આખા બ્રહ્માંડમાં વ્યાપેલી છે.

**'સર્વદેવમયી દેવી સર્વદેવીમયં જગત I અતોડહું વિશ્વ રૂપાં ત્વાં નમામિ પરમેશ્વરીમ્ II આ પરમ આરાધ્યા જગત જનની બધા નારી સ્વરૂપોમાં અભિવ્યક્ત છે.'**

દુર્ગા સપ્તશતી (૧૧/૬)માં ભગવાન સ્વયં કહે છે : 'સ્ત્રિયઃ સમસ્તાં સકલા જગત્સુ - હે દેવી, બધી સ્ત્રીઓ દેવી સ્વરૂપ છે.' નવરાત્રિ ઉપાસનાથી પ્રસન્ન થઈ કરુણામય, કૃપાળું દુર્ગા દેવી અનેક વરસાદ પ્રદાન કરે છે. શાસ્ત્રમાં કહેવાયું છે ઈચ્છાધિકમપિ સમર્થા વિતરણે - દુર્ગા દેવી, ઈચ્છાથી પણ વદારે ફળ આપવા સમર્થ છે. એટલે 'કલ્પવલ્લી સ્વરૂપો' મહાશક્તિ દુર્ગા, અંબિકાની પરમ આનંદની ઉપલબ્ધિ માટે આ નવરાત્રિ પર્વ દરમિયાન શ્રદ્ધાપૂર્વક આરાધના કરવી જોઈએ.

# Outage શુ છે?




**Outage** શબ્દ **Shortage** પરથી આવ્યો છે જેનો અર્થ ટૂંક સમય અથવા તો કોઈ ચોક્કસ સમય માટે કોઈ સેવા ઉલબ્ધ નથી. આવી જ રીતે આપણે પણ ઈન્ટરનેટ થી દુર નથી રહી શકતા તે આપણે થોડાં દિવસો પહેલા જ ખબર પડી. આજના સમયમાં ઈન્ટરનેટ વિના ની દુનિયાની આપણે કલ્પના પણ ન કરી શકીએ.

ફેસબુકની તમામ સર્વિસ બંધ થતા લોકો પરેશાન થઈ ગયા. લોકોએ પોતાના ફોન રીસ્ટાર્ટ કર્યા, બ્રોડબેન્ડ કનેક્શન રીસ્ટાર્ટ કર્યું, કસ્ટમર કેર માં કમ્પ્લેઈન કરી પરતું હકીકતમાં ફેસબુક ડાઉન થઈ ગયું હતું. ફેસબુકના કારણે તેની અન્ય સર્વિસ મેસેન્જર, વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ ની સેવા પણ બંધ થઈ હતી. જેના કારણે 300 કરોડથી પણ વધુ યુઝર્સ પરેશાન થયા હતા.

DNS (ડોમેઈન નેમ સર્વર) માંથી ફેસબુકના સર્વરની ડીટેલ ગાયબ થઈ જતા લોકો ફેસબુક એક્સેસ કરી શક્યા ન હતા. DNS એક સર્વર છે જે તમામ વેબસાઈટની માહિતી રાખે છે. યુઝર જયારે પણ કોઈ વેબસાઈટ એક્સેસ કરે છે ત્યારે સૌ પ્રથમ તેની ક્વેરી DNS પાસે જાય છે ત્યારબાદ જે-તે વેબસાઈટના સર્વર સુધી પહોંચે છે અને પછી ડેટાની આપ-લે શરુ થાય છે.

ફેસબુકના બોર્ડર ગેટવે પ્રોટોકોલ (BGP) માં ખામીને કારણે DNS માંથી ડીટેલ ન મળી રહી હતી. આ ખામીને ઉકેલવામાં ફેસબુકના એન્જિનિયર્સ ટીમને 6 કલાકનો સમય લાગ્યો. ત્યારબાદ ફેસબુકની તમામ સેવા શરુ થઈ.

ફેસબુકના જણાવ્યા મુજબ આવી કોઈ ખામી આવી ન હતી પરતું તેની રાઉટર કન્ફીગ્રેશન માં બદલાવ કરવામાં આવ્યો હતો જેના કારણે તમામ સેવા 6 કલાક માટે બંધ રહી હતી. ફેસબુક બંધ થતા લોકો ટ્વીટર અને લિન્કડઈન તરફ વળ્યા. જેથી ટ્વીટરની સર્વિસ પણ અમુક સમય માટે બંધ થઈ હતી. ફેસબુકની ખામીના કારણે તેને મોટું નુકશાન થયું. ફેસબુકના શેરમાં ઘટાડો થયો, 3 લાખ કરોડથી પણ વધુ નુકસાન થયું. માર્ક ઝુકરબર્ગની સંપતિ પણ 45000 કરોડથી ઓછી થઈ ગઈ.

@beinghumanmj

**કવયિત્રી : હિના મોદી**
**શીર્ષક : સૂરજ**

સંધ્યા ટાણે રૂપ નવલાં ધરી
રોજ રોજ તું જાય ક્યાં હે સૂરજ !
સાંજ પડે ને કોનાં દ્વારે જઈ અટકતો કોને
મળતો છુપાઇને હે સૂરજ !
અંધારી રાતલડી આવે રૂમઝુમ ત્યારે,
ઉજાસ કોને તું દેતો એ, કહી દે.
નદીને પેલે પાર ડૂબકી મારી છૂપાતો
પર્વતને પહેરો સોંપી, ક્યાં કહી દે.
પંખીઓના ગીતને સંધ્યા ટાણે
ગજવે નાંખી લઈ જતો ક્યાં સૂરજ...
કેમ ભાગતો ચાંદ સિતારાઓથી જોજન
દૂર સૂરજ તું, ચીર પૂરવા કોના?
કોણ હશે એ બડભાગી, એ રૂપની રાણી
જતો હશે સૂરજ તું જેના ઘરમાં.
સાંજને ટાણે એકલા મૂકી આપણને બસ !
વિસરી કોને રોશન કરતો સૂરજ.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/
Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2021 …
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more …
Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING : Specializing in Selling Motels: LIST & SELL with confidence

| | |
|---|---|
| 18 Room Motel Near Pembroke - SOLD<br>1.5 hrs from Ottawa / 4 hrs from GTA | 13 Room Motel Near Ottawa - $950,000<br>Within the city, 3 rooms with full kitchenette<br>Low operating costs. All amenities near by |
| 42 Room Motel Near Timmins - $1,300,000<br>On Hwy 11, Within the city, indoor corridor | 27 Room Motel in Thunder Bay - $1,999,000<br>60 Room Motel in Thunder Bay - $2,000,000 |
| Small to Mid-Size Motels in Northern Ontario<br>Price: $1,300,000 to $2,500,000 | 35+ Room Motel Near Sault Ste. Marie - $2,200,000<br>VTB available, 40% down payment require from buyer |
| Other 15 to 40 Room motels coming up for sale<br>Price: $1M to $4.5M Buyers to have 40%-50% down payment | Recently SOLD Motels Near<br>Welland, London, Sarnia, North Nay, Cochrane, Sudbury, Pembroke |

Motel Job or Working Partner opportunity
@ Experienced Motel Operator: to run motel in northern Ontario, English & computer knowledge require. Good salary.
@ Working Partner:willing to invest minimum $200K, offering 25% to 50% partnership + management salary to run the motel in north

SERIOUS BUYERS: you must need about 35% down payment & to sign buyer representation agreement.
Call for personal meeting to see motel's financial & to discuss mortgage options. Private finance available.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph.: 905-366-8100

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપને ઝળહળતી ફતેહ

## કુલ 184 બેઠકોમાંથી 136 બેઠકો ભાજપના ફાળેઃ થરા, ઓખા નગરપાલિકા ભાજપને ફાળે

અમદાવાદ : ગુજરાતમાં યોજાયેલી ગાંધીનગર મહાનગરપાલિકા, ઉત્તર ગુજરાતની થરા નગરપાલિકા તથા સૌરાષ્ટ્રની ઓખા નગરપાલિકા ઉપરાંત ભાણવડ નગરપાલિકાની મધ્યસત્ર ચૂંટણી સહિત વિવિધ વિસ્તારોની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ખાલી પડેલી બેઠકોની ચૂંટણીના પરિણામો જાહેર થયા હતાં જેમાં ભાજપને ઝળહળતી સફળતા સાંપડી હતી.

કુલ 184 બેઠકો પૈકી 136 બેઠકો ભાજપના ફાળે ગઇ હતી. ગાંધીનગર મ્યુનિ.કોર્પોરેશનમાં 44 બેઠકોના પરિણામમાં 41 ભાજપ,કોંગ્રેસને 2 અને આપને એક બેઠક મળી હતી. થરા,ઓખા અને ભાણવડ પાલિકાના 78 બેઠકોના પરિણામમાં ભાજપને 56, કોંગ્રેસને 22 બેઠકો મળી હતી.

બાનસકાંઠાના થરા પાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો હતો જયારે કોંગ્રેસ માત્ર ચાર બેઠકોથી સંતોષ માનવો પડયો હતો. આ ઉપરાંત બનાસકાંઠાની તાલુકા પંચાયતની બેઠકોમાં કોંગ્રેસે ભાજપને મ્હાત આપી ચાર બેઠકો પર વિજય હાંસલ કર્યો હતો જયારે ભાજપ એક જ બેઠક જીતી શકી હતી.

સુરેન્દ્રનગર અને લિંબડી નગરપાલિકાની ચૂંટણીમાં ય ભાજપે બાજી મારી હતી. ઓખા નગરપાલિકા પર ભાજપે 34 બેઠકો મેળવી કબજો મેળવ્યો હતો જયારે ભાણવડ નગરપાલિકામાં કોંગ્રેસ બહુમતી સાથે સત્તા હાંસલ કરી હતી. ભાવનગર પાલિકામાં ય ભાજપે બે બેઠકો પર વિજય મેળવ્યો હતો.

**ઓખા નગરપાલિકા**
કુલ બેઠક 36
ભાજપ 34, કોંગ્રેસ 2

**ભાણવડ નગરપાલિકા**
કુલ બેઠક 24
ભાજપ 8, કોંગ્રેસ 16

**થરા નગરપાલિકા**
કુલ બેઠક 24
ભાજપ 20, કોંગ્રેસ 4

**જિલ્લા પંચાયત**
કુલ બેઠક 8
ભાજપ 5, કોંગ્રેસ 3

**તાલુકા પંચાયત**
કુલ બેઠક 45
ભાજપ 28, કોંગ્રેસ 14, આપ 2, અન્ય 1


**કલાસીફાઇડ / Classified**

**MANAGER REQUIRED FOR MOTEL**
Manager Required for 29 rooms **Motel** in Toronto. Or **Motel** can be given on lease to operate. Accommodation will be provided
**Contact: Ken Patel : 416-931-2434**


## 10,000 ગ્રામ પંચાયતોની ચૂંટણી થશે

રાજકોટ, : રાજ્યમાં દસ હજાર જેટલી ગ્રામ પંચાયતોની મુદત ડિસેમ્બરમાં પુરી થઇ રહી છે. તેથી નવેમ્બરનાં પહેલા સપ્તાહમાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓનો વિધિવત કાર્યક્રમ જાહેર કરવામાં આવે તેવી શકયતા છે એટલે દિવાળી આસપાસ જાહેરનામુ બહાર પડતાની સાથે ગ્રા પંચાયતની ચૂંટણીને લઇને આચારસંહિતા લાગુ પડી જશે.

## ગાંધીનગર પાલિકામાં ભગવો લહેરાયો 'આપ'નું સૂરસૂરિયું, કોંગ્રેસનો ગઢ ધ્વસ્ત

**ગાંધીનગર**

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે 44માંથી 41 બેઠકો મેળવીને ભવ્ય જીત હાંસલ કરી છે. ગાંધીનગર કોર્પોરેશનના ઈતિહાસમાં પ્રથમવાર જંગી અને સ્પષ્ટ બહુમતિ સાથે ભગવો લહેરાયો છે. અત્યાર સુધીની બન્ને ચુંટણીઓ બાદ ભાજપે તડજોડથી સત્તા હાંસલ કરી હતી.

તો આ વખતે નવા સીમાંકન સાથેની 11 વોર્ડની યોજાયેલી ચૂંટણીમાં આઠ પેનલ ઉપર ભાજપની જીત થઈ હતી ત્યારે બાકીની ત્રણ પેનલમાં કોંગ્રેસના બે અને આમ આદમી પાર્ટીના એક ઉમેદવારો વીજયી બન્યા હતા.

નવું સીમાંકન અને ચૂંટણી ટાણે ભાજપનું બુથ મેનેજમેન્ટ કામે લાગ્યું હોવાથી જંગી બહુમતિ



મળી છે. હાલ તો ગાંધીનગર કોર્પોરેશનમાં હવે વિપક્ષનું પદ પણ કોઈ પક્ષને અપાય નહીં તેવી સ્થિતિનું નિર્માણ થઈ ગયું છે. હાલ તો ચૂંટણીના પરિણામો બાદ ગાંધીનગર કોર્પોરેશનમાં વીપક્ષના નેતાનું પદ પણ કોઈને નહીં મળે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

## પેટાચૂંટણીમાં કોંગ્રેસની યુવા નેતાગીરી ફરી નિષ્ફળ, નેતૃત્વ પરિવર્તનની માંગણી

**અમદાવાદ**

ગાંધીનગર પાલિકાની ચૂંટણીમાં ભાજપે બહુમતી મેળવી પાટનગર પર રાજકીય દબદબો કાયમ કર્યો છે. કોંગ્રેસે ગઢ સમાન ગાંધીનગરમાં ય સત્તા ગુમાવી દીધી છે. નિષ્ફળ નેતાગીરી અને ફલોપ ચૂંટણી પ્લાનને કારણે કોંગ્રેસની ભૂંડી હાર થઇ છે. વિધાનસભાની પેટાચૂંટણીથી માંડીને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસની સતત હાર થઇ રહી છે અને જનાધાર ગુમાવી રહી છે. આ કારણોસર કોંગ્રેસના કાર્યકરોમાં ગણગણાટ શરૂ થયો છેકે, પાલિકાની ચૂંટણી જીતાડવામાં ય અસક્ષમ નેતાઓને જયાં સુધી હાંકી કાઢવામાં નહી આવે ત્યાં સુધી કોંગ્રેસનો ઉધ્ધાર નહી થાય. કોંગ્રેસમાં નવા ચહેરા જ નહીં, સ્વચ્છ છબી ધરાવતા યુવાઓને પક્ષની કમાન સોંપવામાં આવે તેવી માંગ ઉઠી છે. આ તરફ,સુરત મહાનગરપાલિકામાં કાઠુ કાઢ્યા બાદ આમ આદમી પાર્ટીએ ગાંધીનગર પાલિકામાં ય ઝૂકવ્યુ હતું. એક ડાયરો યોજી હજારોની ભીડ એકત્ર કરી આપે એવો માહોલ ઉભો કર્યો હતોકે, આ વખતે આપ ગાંધીનગર પાલિકા પર સત્તા મેળવી લેશે પણ આપને સમ ખાવા પુરતી એકાદ બેઠક જ મળી. પાટનગરમાં ત્રીજા મોરચા તરીકે આપનો રીતસરનો ફિયાસ્કો થઇ ગયો હતો.

**કોંગ્રેસે ગઢ સમાન ગાંધીનગરમાં ય સત્તા ગુમાવી: ગરજ્યા મેઘ વરસ્યા નહીં,આપનો ફિયાસ્કો**

# સૌરાષ્ટ્રમાં ભાજપનો 7, કોંગ્રેસનો 6 બેઠકો પર વિજય

## ઓખા સુધરાઇમા ભાજપને તો ભાણવડમાં કોંગ્રેસને સ્પષ્ટ બહુમતિ

**રાજકોટ**

સૌરાષ્ટ્રવાસીઓએ ફરી એક વાર મેન્ડેટ આપ્યો છે કે આ કોઇનો ગઢ નથી. ઓખા નગરપાલિકામાં ૩૬ બેઠકોમાંથી ૩૪ બેઠકો પર વિજય મેળવીને ભાજપે સત્તા જાળવી છે તો આ જ જિલ્લામાં ભાણવડ નગરપાલિકામાં ભાજપને અગાઉ બહુમતિ બાદ સત્તાની સાઠમારીથી સુપરસીડ થયેલી સુધરાઇમાં કોંગ્રેસને ૨૪માંથી ૧૬ બેઠક પર વિજય સાથે સ્પષ્ટ બહુમતિ સાથે સત્તા મળી છે. જ્યારે દ્વારકા સુધરાઇના વોર્ડ નં.૫, તાલુકા પંચાયતની ટુંપણી બેઠક પર ભાજપનો વિજય થયો છે. જસદણ તાલુકામાં જિ.પં.ની ૨ અને ઉપલેટા નગરપાલિકાની વોર્ડ નં.૫ની એમ ત્રણેય બેઠકો પર કોંગ્રેસનો વિજય થયો છે. તો મોરબીની તા.પં.ની ત્રાજપર બેઠક પર કોંગ્રેસ તો નજીકમાં હળવદ તા.પં.ની બેઠક પર ભાજપનો વિજય થયો છે. જુનાગઢ જિલ્લામાં સુધરાઇની પેટાચૂંટણીમાં વિસાવદર ના વોર્ડ નં.૫, માણાવદરના વોર્ડ નં.૯માં ભાજપનો વિજય થયો તો જિલ્લાની જુનાગઢ મહાનગરપાલિકાના વોર્ડ નં.૮માં કોંગ્રેસનો વિજય થયો છે. ગીર સોમનાથ જિ.પં.ની ગોવિંદપરા બેઠક પર કોંગ્રેસનો તો અમરેલી તા.પં.ની સરંભડા બેઠક પર ભાજપનો વિજય થયો છે.

### ભાવનગર પાલિકાની 2 બેઠક પર ભાજપનો વિજય

**ભાવનગર :** ભાવનગર જિલ્લામાં નગરપાલિકાની બે બેઠક પર ભાજપ અને તાલુકા પંચાયતની એક બેઠક પર કોંગ્રેસનો વિજય થયો હતો. ચૂંટણીના પરિણામ બાદ વિજય સરઘસ નિકળ્યા હતાં. વિજેતા ઉમેદવારો અને સમર્થકો ગેલમાં જોવા મળ્યા હતાં. નગરપાલિકામાં ભાજપે બે બેઠકો જાળવી રાખી હતી જ્યારે તાલુકા પંચાયતે કોંગ્રેસે ભાજપ પાસેથી બેઠક આંચકી લીધી છે.

## પૂર્વ મંત્રી બાવળિયા, હાલના મંત્રી મેરજાના વિસ્તારમાં ભાજપે પછડાટ ખાધી

**। રાજકોટ ।**

કુંવરજી બાવળિયાના મતવિસ્તાર જસદણમાં રાજકોટ જિ.પં.ની બે બેઠકો સાણથલી અને શિવરાજપૂર પર કોંગ્રેસનો વિજય થયો છે. સામાન્ય ચૂંટણીમાં ભાજપને મળેલી સાણથલી બેઠક પર પણ ભાજપને હાર મળી છે. તો મોરબીના પક્ષપલ્ટો કરીને તાજેતરમાં મંત્રી બનેલા બ્રીજેશ મેરજાના મતવિસ્તારમાં તાલુકા પંચાયતની એક બેઠકમાં પણ ભાજપનો પરાજય થયો છે. એકંદરે બન્ને તાલુકા વિસ્તારમાં કોંગ્રેસના નેતાઓએ પક્ષપલ્ટો કરી મંત્રીપદ મેળવ્યું પણ મતદારોએ પાટલી બદલી નથી અને કોંગ્રેસને જનાધાર આપ્યો છે. આમ આદમી પાર્ટીથી પણ કોંગ્રેસના મત આ વિસ્તારમાં તૂટયા નથી. આ પરિણામથી રાજકોટ જિલ્લા પંચાયતમાં કોંગ્રેસની બેઠકો ૧૧થી વધીને ૧૨ થઈ છે જ્યારે ભાજપની ૨૫થી ઘટીને ૨૪ થઈ છે.

## ગુજરાતમાં DRDOનું સાયબર રીસર્ચ સેન્ટર શરૂ થશે

**અમદાવાદ**

ગુજરાત યુનિવર્સિટીમાં ભારત સરકારના ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ)નું સાયબર સિક્યુરિટી રીસર્ચ સેન્ટર શરૂ કરવામા આવશે.આ માટે ડીઆરડીઓ અને ગુજરાત યુનિ. વચ્ચે દિલ્હી ખાતે ડિફેન્સ મિનિસ્ટરની હાજરીમાં એમઓયુ કરવામા આવ્યા હતા. ગુજરાત યુનિ.ખાતે શરૂ થનારા આ સેન્ટર ઓફ એક્સેલન્સને એડવાન્સ ટેકનોલોજી સેન્ટર-સરદાર વલ્લભભાઈ પટેલ સેન્ટર ફોર સાયબર સિક્યુરિટી રિસર્ચ નામ આપવામા આવ્યુ છે.આ સેન્ટર માટે ભારત સરકારના ડીઆરડીઓ અને ગુજરાત યુનિ.વચ્ચે એમઓયુ કરવામા આવ્યા છે.આ સેન્ટર દ્વારા ૧૦૦ કરોડનું ઈન્વેસ્ટમેન્ટ મળવાનો અંદાજ છે.

## પાટીદારો સામેના કેસ 31 ઓક્ટો. સુધીમાં પાછા ખેંચો

**ગાંધીનગર**

વર્ષ 2015 હજુ પાટીદારોની માંગણી પૂર્ણ નથી થઇ અને આંદોલન સમયે દાખલ થયેલા 200થી વધુ કેસ પરત નથી ખેંચાયા. જેને લઇને પાસ ફરીથી સક્રિય થયું છે. સોમવારે ગાંધીનગર ખાતે અલ્પેશ કથિરીયાની આગેવાનીમાં મોટા પ્રમાણમાં કાર્યકરોની બેઠક મળી હતી. જેમાં જુની માંગણીઓ પુરી થાય તે માટે ફરીથી આંદોલન કરવા સુધીની જાહેરાત કરવામાં આવી છે. પાસ કન્વીનર અલ્પેશ કથિરીયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે હજુ 200થી વધારે કેસ પરત ખેંચાયા નથી. જેમાં રાષ્ટ્રદ્રોહના કેસ મુખ્ય છે. તો અનામ ત આંદોલન સમયે જીવ ગુમાવનાર પાટીદાર યુવાનોના પરિવારજનોને નોકરી પણ આપવામાં નથી આવી.

## અમદાવાદ એરપોર્ટને રૂ. 94 કરોડનું નુકસાન

**અમદાવાદ**

નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ગુજરાતના ૧૧માંથી ૯ એરપોર્ટને તોતિંગ આર્થિક નુકસાનનો સામનો કરવો પડયો છે. જેમાં અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટને સૌથી વધુ રૂપિયા ૯૪. ૧૦ કરોડનું નુકસાન થયું હતું. ગુજરાતના જે એરપોર્ટ ખોટથી બચ્યા છે તેમાં કંડલા અને પોરબંદરનો સમાવેશ થાય છે. દેશભરમાં જૂજ એરપોર્ટ એવા છે જેઓ નાણાકીય વર્ષ દરમિયાન નફો રળવામાં સફળ રહ્યા છે. જેમાં અમદાવાદ એરપોર્ટનો પણ સમાવેશ થતો હતો. પરંતુ કોરોના વાયરસને પગલે એરટ્રાફિક ઠપ રહેતાં અમદાવાદ એરપોર્ટને રૂપિયા ૯૪.૧૦ કરોડનું નુકસાન થયું હતું.

## ગુજરાતમાં મેગા ટેક્સ્ટાઇલ પાર્કનો માર્ગ મોકળો

**ગાંધીનગર**

ભારત ટેક્સટાઇલ સેક્ટરમાં વિશ્વમાં છઠ્ઠા ક્રમનું સૌથી મોટું નિકાસકાર છે, તેને આગળ વધારવા અને આ ક્ષેત્રમાં રોજગારની નવી તકો ઊભી કરવા માટે મેગા ટેક્સ્ટાઇલ પાર્ક બનાવવા બુધવારે કેન્દ્રીય કેબિનેટે પીએમ સ્કીમને મંજૂરી આપી દીધી છે. આ સ્કીમ હેઠળ દેશમાં સાત ટેક્સ્ટાઇલ મેગા પાર્ક માટે આગામી પાંચ વર્ષમાં લગભગ રૂ. 4445 કરોડનો ખર્ચ કરવામાં આવશે. પાછલા કેટલાક મહિનાઓ દરમિયાન સરકારે ટેક્સ્ટાઇલને લઈને ત્રીજો મોટો નિર્ણય કર્યો છે, કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે માહિતી આપી હતી. સરકારના આ નિર્ણય બાદ બુધવારે શેરબજારો પર ટેક્સ્ટાઇલ ક્ષેત્રની કંપનીઓના શેરમાં મોટો ઉછાળો નોંધાયો હતો.

# શહીદ સ્મારક માટે અભૂતપૂર્વ સત્યાગ્રહ : શહીદોની ખાંભી મૂકવા દીધી પણ સરકારે રાત્રે ખાંભી ઉપાડી લીધી

શહીદ ખાંભીની રચના પછી સૌ લાલ દરવાજાના મેદાનમાં સભાના રૂપમાં ફેરવાઈ ગયા. સભામાં ઈંદુભાઈએ તેમની લાક્ષણિક શૈલીમાં પ્રવચન કરતાં કહ્યું કે, દ્વિભાષીની રચના માટે કોઈની પણ જવાબદારી હોય તો પંડિત નેહરુની છે અને યશવંતરાવ ચવાણ પણ આરોપીના પિંજરામાં છે. દરમિયાન એવી વાત આવી કે, રાતના સમયે રચેલી ખાંભી સરકાર ઉપાડી લેશે. આથી તેની ૨૪ કલાક ચોકી રાખવા ૧૦૦ સ્વયંસેવકોની ટુકડી મૂકવાની વ્યવસ્થા થઈ અને તે રાતના ચોકીમાં ગોઠવાઈ ગયા.

### ખાંભી ઉઠાવી ગયા

શહેરમાં શહીદ ખાંભીની ૨૪ કલાક ચોકી રાખવાની વ્યવસ્થાથી સત્તાવાળા મૂંઝવણમાં મુકાઈ ગયા. સરકાર શું પગલાં ભરશે તે અંગે તર્કવિતર્ક ચાલતા હતા. ૩-૪ દિવસ તો શાંતિથી ગયા, પણ તા. ૧૨-૮-૫૮ના રોજ વહેલી સવારે અમદાવાદ, કલોલ અને નડિયાદમાં રચવામાં આવેલી ખાંભી પોલીસે ઓચિંતા દરોડા પાડીને ઉપાડી લીધી અને જેઓ ચોકી કરતા હતા તેમને પકડી લીધા. ખાંભી સિમેન્ટથી ચોંટાડી દીધેલી હતી તેથી ઝટ ઊખડે તેવી પણ ન હતી. આથી તેને તોડીને પોલીસ વાનમાં નાખી લઈ ગયા. પોલીસ ખાંભીને તોડીને લઈ ગઈ છે એવા ખબર સવારમાં જ ફેલાઈ ગયા હતા અને આ સમાચારથી અમદાવાદમાં ભારે તોફાનો શરૂ થઈ ગયાં હતાં. ગાંધી રોડ, રિલીફ રોડ, રાયપુર, ખાડિયા ચોકી, શામળાની પોળ વગેરે સ્થળોએ પોલીસ તેમજ પોલીસ વાહનો ઉપર ભારે પથ્થરમારો થયો. કેટલાક તોફાનીઓએ દુકાનો તોડીને લૂંટફાટ પણ કરી. ઠેકઠેકાણે ટિયરગૅસ છોડવામાં આવ્યા. ખાડિયામાં પથ્થરમારાથી એક પોલીસના માથામાં ભારે ઈજા થઈ હતી. ખાડિયા પોસ્ટ ઑફિસ, દેસાઈની પોળ, મ્યુનિસિપલ સ્કૂલ વગેરે સ્થળે આગ લગાડવામાં આવી હતી. બસો ફરતી બંધ થઈ ગઈ હતી. રંગીલા ચોકી, ઢીંકવા ચોકી અને ફતાશા પોળની ત્રણેય બંધ પોલીસ ચોકીઓને આગ લગાડવામાં આવી અને




સંખ્યાબંધ પોલીસ ચોકીઓ પથ્થરમારાનું નિશાન બની. શહેરભરમાં તોફાનો પ્રસરી જતાં, અંતે તા. ૧૨-૮-૫૮ના રોજ રાતના ૯ વાગ્યાથી શહેરના મોટાભાગના વિસ્તારમાં ૨૪ કલાકનો કર્ફ્યુ નાખી દેવામાં આવ્યો. ખાંભીઓ ઉઠાવી અને તોડી નાખવાના કૃત્યથી અમદાવાદ શહેરની પ્રજાની લાગણીઓ ઘણી ઉશ્કેરાઈ ગઈ, પરંતુ તે ખસેડવાથી આટલા વ્યાપક પ્રમાણમાં તોફાનો થશે તેની કલ્પના પણ સરકાર અને કૉંગ્રેસ મોવડીઓને કદાચ નહીં હોય, પરંતુ સરકારે નક્કી જ કર્યું કે આ ખાંભીઓ ખસેડયા સિવાય વિકલ્પ નથી તેથી તે ખસેડાઈ. પરિણામે આ તોફાનો થયાં.

### ઉપવાસ શરૂ

આ વાતાવરણમાં ખાંભી ઉઠાવી લેવાના સરકારના કૃત્યની વિરોધમાં ઈંદુચાચાએ ૭ દિવસના ઉપવાસ જાહેર કર્યા. એક નિવેદનમાં તેમણે કહ્યું કે, જાહેર મિલકતને ભારે નુકસાન થયું છે તેનું મને દુ:ખ છે, તેથી પ્રજાને ખામોશી અને સંયમ રાખવા મારી અપીલ છે. ઈંદુભાઈના ટેકામાં પ્રજાને શાંતિ રાખવા અપીલ કરી અને એક દિવસના ઉપવાસ કર્યા.

આ અંગે મુંબઈ સરકારે એક યાદીમાં જણાવ્યું કે, જનતા પરિષદના કાર્યકરોએ કાયદો હાથમાં લઈ કૉંગ્રેસ હાઉસ સામે, જાહેર રસ્તા ઉપર બે સ્મારકો ઊભાં કરેલાં. લાંબા સમયથી ત્યાં ટ્રાફિક સર્કલ છે, ત્યાં ટ્રાફિકની અડચણ થાય તેમ હોઈ બાંધકામ કરવા સામે ચેતવણી અપાઈ હતી, છતાં સ્મારકની રચના તેઓએ કરી હતી. આ વખતે પોલીસે સંયમ રાખ્યો હતો, પરંતુ સ્મારકો ટ્રાફિકને અડચણ કરતાં હોવાથી તે ખસેડવા સિવાય બીજો માર્ગ ન હતો.

તા. ૧૨મીનાં તોફાનોમાં લગભગ ૪૦ જાહેર સ્થળોએ આગ લગાડવામાં આવી હતી. તેથી તેમાં ઘણાંને સંડોવવા માટે પોલીસે પ્રયાસ કર્યો અને ૨૫૦ માણસોની જુદા જુદા આક્ષેપોસર ધરપકડ કરી. ખાંભી ઉપાડી લીધા પછી દિવસો સુધી માત્ર પત્રકારો સિવાય કોઈને પણ ત્યાં જવા દેવામાં આવતા ન હતા અને આખો વિસ્તાર ટ્રાફિક માટે બંધ કરી દેવામાં આવ્યો હતો. અમદાવાદના બનાવના સમાચાર ફેલાઈ જતાં વડોદરામાં તોફાનો શરૂ થઈ ગયાં હતાં. વડોદરામાંસાગર ટૉકીઝને આગ લગાડવામાં આવી હતી.

(ક્રમશઃ આવતા અંકે)

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

# રશિયા સ્પેસમાં ફિલ્મ શૂટિંગ કરનારો પ્રથમ દેશ બનશે: ફિલ્મની ક્રૂ ટીમ અંતરિક્ષમાં ગઈ

**મોસ્કો**

રશિયા સ્પેસમાં ફિલ્મ શૂટિંગ કરનારો સૌપ્રથમ દેશ બનશે. રશિયન અભિનેતા અને ફિલ્મ ડિરેક્ટર મંગળવારે સૌપ્રથમ સ્પેસ શૂટિંગ માટે અવકાશમાં પહોંચી ગયા છે. આ પ્રોજેક્ટના લીધે રાષ્ટ્રની સ્પેસની ગૌરવગાથા આગળ વધારવામાં મદદ મળશે. અભિનેતા યુલિયા પેરેસ્લિડ અને ડિરેક્ટર ક્લિમ શિપેન્કો રશિયાના સોયુઝ સ્પેસક્રાફ્ટમાં ત્રણ સ્પેસ મિશનનો અનુભવ ધરાવતા અવકાશ યાત્રી એન્ટોન શકાપ્લેરોવ સાથે ગયા હતા.



સોયુઝ એમેસ-૧૯એ બપોરે ૧-૫૫ વાગે કઝાખસ્તાનમમાં બૈકોનુર ખાતેથી ઉપડયા હતા અને સાડા ત્રણ કલાક પછી સ્પેસ સ્ટેશને પહોંચ્યુ હતું. શાકપ્લેરોવે મેન્યુઅલ કંટ્રોલ્સ દ્વારા સ્પેસ ક્રાફ્ટને સરળતાથી સ્પેસ આઉટપોસ્ટ સાથે જોડયુ હતુ, તેના પછી તે ઓટોમેટિક ડોકિંગ સિસ્ટમના હવાલે થઈ ગયું હતું. સ્પેસ ક્રાફ્ટનની અંદર ત્રણેય જણાની સ્થિતિ સારી છે અને સ્પેસક્રાફ્ટ સિસ્ટમ વ્યવસ્થિત રીતે ચાલી રહી છે. પેરેસ્લિડ અને ક્લિમેન્કોની નવી ફિલ્મનું ટાઈટલ ચેલેન્જ છે. તેમા પેરેસ્લિડ સર્જનની ભૂમિકા છે. તે સ્પેસ સ્ટેશનમાં રહેતા ક્રૂ મેમ્બરને હાર્ટ એટેક આવતા તેને બચાવવા જાય છે. બાર દિવસ સ્પેસમાં વીતાવ્યા પછી તેઓ પૃથ્વી પર બીજા રસિયન અવકાશયાત્રીસાથે પરત ફરવાના છે.

# ફ્રાન્સ ચર્ચમાં 3.30 લાખ બાળક જાતીય શોષણનો શિકાર બન્યા

## સ્વતંત્ર તપાસપંચના 2500 પાનાનાં રિપોર્ટથી ખળભળાટ

**પેરિસ**

ફ્રાન્સના વિવિધ કેથલિક ચર્ચોમાં છેલ્લા ૭૦ વર્ષના સમયગાળા દરમ્યાન ૩.૩૦ લાખ જેટલા બાળકો પાદરીઓ અને અન્ય બિન ધાર્મિક લોકોની હવસ વૃત્તિઓનો ભોગ બન્યા હતા. જે બાળકો જાતિય શોષણનો ભોગ બન્યા હતા તેમાં છોકરા અને છોકરીઓ એમ બંનેનો સમાવેશ થતો હતો. ફ્રાન્સમાં મંગળવારે જાહેર થયેલા એક અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો હતો.

સ્વતંત્ર તપાસ કરનારા તપાસપંચના અધ્યક્ષ જીન માર્ક સોવેએ કહ્યું હતું કે આ દુષ્કર્મ કરનારા ૩ હજાર જેટલા આરોપીઓ છે જેમાં પાદરીઓ ઉપરાંત કેટલાંક બિનાર્મિક લોકો અને ચર્ચના સ્ટાફના લોકોનો પમ સમાવેશ થઈ જાય છે.

જીન માર્કના કહેવા મુજબ આરોપીઓની હવસ વૃત્તિનો ભોગ બનનારા પૈકીના ૮૦ ટકા છોકરાઓ હતા. તે ઉપરાંત જાતિય સોષણનો ભોગ બનનારા પિડિત છોકરાઓ અને છોકરીઓ પૈકી ૬૦ ટકા લોકોને ઈમોશનલ, માનસિક અને જાતિય સમસ્યાઓનો સામનો કરવો પડયો હતો.

# લંડન વિશ્વના અબજપતિ કરચોરોનું સ્વર્ગ હોવાનો પેન્ડોરા પેપર્સનો ઘટસ્ફોટ

**લંડન**

લદ્દાખ પેન્ડોરા પેપરમાં લંડન મની લોન્ડરિંગ અને કરમાંથી છટકવાની જાળના મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી આવ્યાનું જાહેર થયા પછી પારદર્શકતાના સમર્થકોએ બ્રિટનને ઘટનાઓને ધ્યાનમાં રાખીને બ્રિટનની કાયદાકીય વ્યવસ્થાને વધારે મજબૂત બનાવવા માટે જણાવ્યું છે. 1.2 કરોડ ફાઈલોના નાણાકીય વિશ્લેષણે દર્શાવ્યું છે કે વિશ્વના સંપત્તિવાનો ઓફશોર કંપનીઓ સ્થાપીને કઈ રીતે વેરો ભરવાનું ટાળે છે. આ લાભાન્વિતોમાં ઓળખી કાઢવામાં આવેલી વિદેશી વ્યક્તિઓમાં જોર્ડનના રાજા કિંગ અબ્દુલ્લાહ-ટુ, અઝરબૈજાનના પ્રમુખ ઈલ્હામ અલિયેવ અને પાક.ના ઈમરાનના સહયોગીનો સમાવેશ થાય છે.

# જાપાનનો પાસપોર્ટ સૌથી મજબૂત, ભારત 6 ક્રમ પાછળ થતાં 90મા ક્રમે

## લિસ્ટમાં પાકિસ્તાન અને નેપાળના પાસપોર્ટ સૌથી નબળા

**ટોકિયો**

હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ દ્વારા દર વર્ષે દુનિયાના દેશોના પાસપોર્ટનુ રેન્કિંગ બહાર પાડવામાં આવે છે. રેન્કિંગમાં જાપાનના પાસપોર્ટે ટોપ પોઝિશન મેળવી છે. જ્યારે ભારતનુ સ્થાન પણ અગાઉ કરતા ૬ ક્રમ પાછળ ગયુ છે. ભારતનો પાસપોર્ટ દુનિયાનો ૯૦મા ક્રમે પહોંચ્યો છે. જે ગયા વર્ષે ૮૪મા ક્રમે હતો. ભારતના પાડોશી દેશોના દેખાવ નિરાશાનજક રહ્યો છે. ભારતના નાગરિકો હાલમાં ૫૮ દેશોમાં વિઝા ફ્રી મુસાફરી કરી શકે છે. ભારતની સાથે તજાકિસ્તાન, બુર્કિના ફાસોને આ લિસ્ટમાં ૯૦મો ક્રમ મળ્યો છે. આ લિસ્ટમાં પાકિસ્તાન અને નેપાળના પાસપોર્ટને દુનિયાના સૌથી નબળા પાસપોર્ટના લિસ્ટમાં ગણવામાં આવ્યા છે. આ લિસ્ટમાં પાકિસ્તાન માત્ર સીરિયા, ઈરાક અને અફઘાનિસ્તાન કરતા જ વધારે સારો દેખાવ કરી શકયુ છે. પાવરફુલ પાસપોર્ટના લિસ્ટ માટે જે તે દેશના પાસપોર્ટ પર નાગરિકો બીજા કેટલા દેશમાં વિઝા ફ્રી યાત્રા કરી શકે છે તે બાબતને ધ્યાનમાં રાખવામાં આવે છે.

# અશ્વેત કર્મચારી સાથે વંશીય દુર્વ્યવહાર બદલ ટેસ્લાને 13.69 કરોડ ડોલરનો દંડ

**ન્યૂયોર્ક**

53 વર્ષનો ઓવેન ડિયાઝ 2015-16 વચ્ચે ટેસ્લામાં લિફ્ટ ઓપરેટર તરીકે ફરજ બજાવતો હતો. ઈલેક્ટ્રિક કાર ઉત્પાદક કંપની ટેસ્લાને પોતાના ભૂતપૂર્વ અશ્વેત કર્મચારીને નુકસાનીના વળતર પેટે 13 કરોડથી વધારે ડોલરની ચુકવણી કરવા એક ફેડરલ કોર્ટે આદેશ કર્યો છે. જ્યૂરીએ કર્મચારીને નુકસાનીના વળતર તરીકે 69 લાખ ડોલર ચૂકવવા તથા શિક્ષાત્મક નુકસાન તરીકે 13 કરોડ ડોલર ચૂકવવા ટેસ્લાને આદેશ કર્યો છે. કર્મચારીઓ સાથે રંગભેદ રખાયો અને દુર્વ્યવહાર સાથે શોષણ થતું હોવાનો આરોપ મૂક્યો હતો. આ કેસમાં જાણવા મળ્યું હતું કે, કંપની આ કર્મચારી સાથે જાતિગત દુર્વ્યવહારને રોકવા માટે જરૂરી પગલાં ભરવામાં નિષ્ફળ રહી હતી.

# કુરુક્ષેત્રમાં BJP સાંસદના કાફલાએ ખેડૂતને અડફેટે લીધો

## અજય મિશ્રાના પુત્રએ ગોળીબાર કર્યો અને પછી કાર ખેડૂતો ઉપર ફેરવી દીધી

**અંબાલા**

લખીમપુર ખેરીનો વિવાદ હજુ પૂરો નથી થયો ત્યાં હરિયાણાના કુરુક્ષેત્રની એક ઘટના સામે આવી છે. ત્યાં વિરોધ કરી રહેલો એક ખેડૂત ભાજપ સાંસદના કાફલાની ગાડી વડે ઘાયલ થયો છે. આરોપ પ્રમાણે કુરુક્ષેત્રથી ભાજપના સાંસદ નાયબ સૈનીના કાફલાએ અંબાલાના નારાયણગઢ ખાતે વિરોધ કરી રહેલા ખેડૂત પર ગાડી ચઢાવી દીધી હતી. હાલ તે ખેડૂતની સ્થિતિ ગંભીર હોવાનું કહેવામાં આવ્યું છે અને તે હોસ્પિટલમાં ભરતી છે. અંબાલાના નારાયણગઢની આ ઘટનાને લઈ કોંગ્રેસે ભાજપ પર નિશાન સાધ્યું છે. યુથ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રીનિવાસ બીવીએ વીડિયો ટ્વિટ કરીને લખ્યું હતું કે, 'શું ભાજપના લોકો પાગલ થઈ ગયા છે? કુરુક્ષેત્રથી ભાજપના સાંસદ નાયબ સૈનીના કાફલાએ અંબાલાના નારાયણગઢ ખાતે વિરોધ કરી રહેલા ખેડૂત પર ગાડી ચઢાવી દીધી. ખેલ મંત્રી સંદીપ સિંહ અને કુરુક્ષેત્રના સાંસદ નાયબ સૈની આજે નારાયણગઢ ખાતે એક સન્માન સમારોહમાં પહોંચવાના હતા.

જગજીત સિંહ નામની એક વ્યક્તિએ તિકોનિયા પોલીસ સ્ટેશને નોંધાવેલી ફરિયાદમાં એવો આક્ષેપ કર્યો હતો કે, ૩ વાહનોમાં ૧૫-૨૦ જણાને લઈ આશિષ ઘટના સ્થળે પહોંચ્યો હતો તે કારની ડાબીબાજુ બેઠો હતો અને ખેડૂતો ઉપર ગોળીબાર કર્યો હતો. ત્યાં કાર ખેડૂતો ઉપર ફરી વળી. આ ગોળીબારને લીધે ગોવિન્દર સિંઘ નામના ખેડૂતનું સ્થળ ઉપર જ મૃત્યુ થયું હતું. જ્યારે ત્રણ અન્ય વાહનો ઘરઘરાટી કરતાં રસ્તાની બંને બાજુએ ઉભા રહેલા ખેડૂતો ઉપર ફરી વળ્યા હતાં. તેમ પણ તે FIRમાં નોંધવામાં આવ્યું છે. આ વાહનો આડાં પણ પડી ગયાં હતા જ્યારે આશિષ મોટરમાંથી નીકળી બાજુનાં શેરડીના ખેતરમાં છુપાઇ ગયો હતો.

**ખીરી હિંસા કેસમાં આશીષ પાંડે-લવ કુશની ધરપકડ કરાઈ :** ઉત્તર પ્રદેશના લખીમપુર ખીરીમાં થયેલી હિંસાના મામલે આશીષ પાંડે અને લવ કુશને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. બંને સાથે પૂછપરછ કરવામાં આવી રહી છે. આ ઘટનામાં આશીષ પાંડે અને લવ કુશ સામેલ હતા અને બંને ઘાયલ થયા હતા. બંને સાથે આઇજી રેંજ પૂછપરછ કરી રહી છે. પોલીસને ઘટનાસ્થળેથી કારતૂસ પણ મળ્યા હતા. કારતૂસની ફોરેન્સિક તપાસ કરવામાં આવશે. લખીમપુર ખીરીની ઘટના બાદ સુપ્રીમ કોર્ટે પણ સખત ઝાટકણી કાઢી છે. કોર્ટે સખત વલણ અપનાવતાં યૂપી પોલીસની સક્રિયતા વધતી જોવા મળી રહી છે. પોલીસે આશીષ પાંડે અને લવ કુશના નામના બે આરોપીઓની ધરપકડ કરી દીધી છે.

**11 ઓક્ટોબરે મહારાષ્ટ્ર બંધનું એલાનઃ** લખીમપુર ખીરીમાં હિંસા મામલે NCP, શિવસેના અને કોંગ્રેસે બંધની જાહેરાત કરી છે. 11 ઓક્ટોબરે મહારાષ્ટ્ર બંધની જાહેરાત કરી છે. આ ૩ પાર્ટીઓ બંધ પાળશે.

**ખેડૂતો-પત્રકારના પરિવારને 45-45 લાખ આપશેઃ** લખીમપુર ખીરી વિસ્તારમાં ખેડૂતો પર ભાજપના નેતાએ કાર ચડાવી દીધી હતી, જે બાદ હિંસા અને કાર નીચે કચડાઇ જવાથી આઠ લોકોના મોત નિપજ્યા હતા. પંજાબ અને છત્તીસગઢની સરકાર ૫૦ લાખ રૂપિયાની સહાય આપશે.

# સરકારનો ઇથેનોલ પ્લાન દેશમાં અન્નનું સંકટ સર્જે તેવી દહેશત

**નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વહીવટી તંત્રે જૂન મહિનામાં દેશના ઇથેલોન ઉત્પાદન અંગેના લક્ષ્યાંકોને પાંચ વર્ષ પહેલાં જ આંબી જવાની નેમ જાહેર કરી હતી. ડાંગર, અનાજ અને શેરડીમાંથી મળતા ઇથેનોલને પ્રોત્સાહન આપીને અશ્મિ ઈંધણના ઉપયોગ પર કાપ મુકવાની ભારતની મહાત્વાકાંક્ષી યોજનાની કેટલાક નિષ્ણાતો ટીકા કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે આમ કરવા જતાં વિશ્વમાં બીજા ક્રમે સૌથી વધુ વસતી ધરાવતા દેશમાં ફુડ સિક્યુરિટી જોખમમાં મુકાશે.


જૂન મહિનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વહીવટીતંત્રે વર્ષ ૨૦૨૫ સુધીમાં ઈથેનોલના બમણા ઉત્પાદન અને સ્પિરિટનું ૨૦ ટકા બ્લેન્ડિંગ ધરાવતા ગેસોલિનનો ઉપયોગ કરીને અશ્મિ ઈંધણના વપરાશને ઘટાડવાની નેમ જાહેર કરી છે. વર્ષ ૨૦૨૫ સુધીમાં ઈથેનોલના ઉત્પાદનને બમણુ કરવા માટે તેના ઉત્પાદકોને પ્રોત્સાહન આપવા અને ઝડપી પર્યાવરણકીય ક્લિયરન્સ માટે સરકાર ઓફર કરી રહી છે. આ આયોજનને કારણે હાલમાં ગરીબોને સબસિડી ભાવે મળી રહેલું અનાજ કંપનીઓ તરફ વળી જશે.

# ચીનની ફરી અવળચંડાઈ : લદ્દાખ મોરચે ફાઈટર જેટ વિમાન તહેનાત કરી દીધા

## ઈન્ડિયન એરફોર્સ વધુ ફાઈટર જેટ ખરીદીને તેની સિસ્ટમ વધુ મજબૂત બનાવી રહ્યું

**લદ્દાખ**

પાક. અને પીઓકેના એરફીલ્ડ ચિંતા જન્માવનારા ચૌધરીએ કહ્યું કે પાક. અને પીઓકેમાં આવેલા એરફીલ્ડ ચિંતા જન્માવનારા નથી કારણ કે તેના રનવે અને એરસ્ટ્રીપ્સ બહુ નાના છે જ્યાંથી ફક્ત હેલિકોપ્ટર જ ઊડી શકે તેમ છે. ભારતે રાફેલ ફાઈટર જેટ ગોઠવીને તેની ક્ષમતા અને સુરક્ષા વધુ મજબૂત બનાવી છે. વધુ ઊંચાઈએ લડવામાં ચીનની સેના નબળી છે.



એર ચીફ માર્શલ વી આર ચૌધરીએ કહ્યું હતું કે ચીન દ્વારા પૂર્વ લદ્દાખમાં ત્રણ એર બેઝ પર ફાઈટર જેટ વિમાનો તહેનાત કરવામાં આવ્યાં છે તેથી એલર્ટ રહેવા ચૌધરીએ એરફોર્સના જવાનોને તાકીદ કરી છે. ચીન અને પાકિસ્તાન વચ્ચે લશ્કરી સહયોગ અને સંભવિત બે મોરચે યુદ્ધ લડવાના સંદર્ભમાં ચૌધરીએ કહ્યું હતું કે ભારત બંને મોરચે યુદ્ધ લડવા સક્ષમ છે અને સજ્જ છે. જો કે પાક. દ્વારા ચીનને વેસ્ટર્ન ટેક્નોલોજી આપવાનો મુદ્દો ચિંતાજનક છે. ઈન્ડિયન એરફોર્સ વધુ ફાઈટર જેટ ખરીદીને તેની સિસ્ટમ વધુ મજબૂત બનાવી રહ્યું છે.

# રામમંદિર માટે સામાન લાવતી ટ્રકોનું હવે સ્કેનિંગ કરવા વિદેશથી ખાસ મશીન આવશે

**અયોધ્યા**

અયોધ્યામાં રામમંદિરના નિર્માણ માટે સામાન લાવી રહેલી ટ્રકોનું સ્કેનિંગ થશે. આ માટે વિદેશથી ખાસ સ્કેનર મંગાવવામાં આવશે. અયોધ્યામાં બનતા રામમંદિરના બાંધકામ સાથે જોડાયેલી સામગ્રીઓ માટે દેશભરના વિવિધ હિસ્સામાંથી જુદી-જુદી સામગ્રી ટ્રકો દ્વારા લાવવામાં આવી રહી છે.

આ સંજોગોમાં સલામતીના પાસાને ધ્યાનમાં રાખતા રામમંદિર નજીક ફુલ ટ્રક બોડી સ્કેનર લગાવવામાં આવશે. ફુલ બોડી સ્કેનરની ખાસ વાત એ છે કે આ સ્કેનર દ્વારા સમગ્ર ટ્રકને સામાન



સાથે સ્કેન કરવામાં આવશે. તેના માટે ટ્રકમાંથી સામાન નીચે ઉતારવાની જરુર નહી પડે.

સૂત્રોની જાણકારી મુજબ ફુલ બોડી સ્કેનર દ્વારા કોઈપણ ટ્રકને સામાન સહિત ફક્ત બે મિનિટમાં સ્કેન કરી શકાશે. જાસૂસી સંગઠનોએ પહેલેથી જ ચેતવણી આપી છે કે રામમંદિર પર આતંકવાદીઓની નજર છે. આવામાં સામાન લઈને આવતી ટ્રકો દ્વારા આતંકવાદી સંગઠન વિસ્ફોટ કે બીજા શસ્ત્રો લાવવાનું કાવતરુ ઘડી શકે છે.

આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા અધિકારીના જણાવ્યા મુજબ ટ્રકને સ્કેન કરવા માટે સંપૂર્ણ બોડી સ્કેનર વિદેશથી મંગાવવામાં આવશે. આવા એક સ્કેનરની કિંમત 40થી 50 લાખ હોય છે. સ્કેનર ખરીદવા માટે કેટલીક વિદેશી કંપનીઓ સાથે વાતચીત ચાલી રહી છે.

# કવર્ધામાં ધ્વજ પર વિવાદ, અથડામણ બાદ કલમ 144 લાગુ, 50ની ધરપકડ

**રાયપુર**

છત્તીસગઢના કવર્ધામાં ધ્વજને લઈને શરૂ થયેલો વિવાદ હિંસક થયા બાદ ત્યાં સ્થિતિ તણાવપૂર્ણ બની ગઈ છે. કવર્ધામાં કલમ 144 લાગુ છે તો પોલીસે વીડિયો ફૂટેજના આધારે 70 લોકોની ઓળખ પણ કરી લીધી છે જેમાંથી 50થી વધારે લોકોની અત્યાર સુધી ધરપકડ થઈ ચૂકી છે. રવિવારે કવર્ધાના લોહારા નાકા ચોક પર કેટલાક યુવકોએ પોતાનો ધ્વજ લગાવી દીધો હતો, જે બાદ દુર્ગેશ નામના યુવકની મારપીટ કરાઈ. આ મારપીટ બાદ બે જૂથમાં અથડામણ થઈ ગઈ અને આ દરમિયાન બંને તરફથી જોરદાર હોબાળો થયો.



શાંતિ વ્યવસ્થા જાળવી રાખવા માટે વહીવટીતંત્રએ કલમ 144 લગાવી દીધી હતી પરંતુ તેમ છતાં મંગળવારે એક સંગઠને કવર્ધા બંધનુ આહ્વાન કર્યુ અને પ્રદર્શન કર્યુ. આ પ્રદર્શન દરમિયાન પણ કેટલાક અસામાજિક તત્વોએ પથ્થરમારો કર્યો અને કેટલાક સ્થળો પર તોડફોડ પણ કરવામાં આવી હતી.

# દિલ્હી પોલીસે 13 કરોડ રૂપિયાના હેરોઈન સાથે ડ્રગ સિન્ડીકેટને ઝડપી પાડી

**નવી દિલ્હી**

દિલ્હી પોલીસે પાટનગરના દ્વારકા વિસ્તારમાંથી રૂ. ૧૩ કરોડના હેરોઈન સાથે ત્રણ આફ્રિકન નાગરિકોને ઝડપી પાડી આ વિસ્તારમાં છેલ્લા કેટલાંય સમયથી સક્રિય એવી ઈન્ટરનેશનલ ડ્રગ સિન્ડિકેટનો પર્દાફાશ કરી દીધો હતો એમ દિલ્હી પોલીસે બુધવારે કહ્યું હતું. પોલીસે આ સિન્ડિકેટના માસ્ટર માઈન્ડ ગણાતા ૪૧ વર્ષિય સ્ટેન્લી ચિમેઈઝ અલાસોન્યે, ૪૨ વર્ષિય હેનરી ઓકોલિ અને ૩૭ વર્ષિય પીટર ઈગ્બોન્જુને ૧.૩૦૦ કિ.ગ્રા વજનના હેરોઈન સાથે ઝડપી લીધા હતા પોલીસના કહેવા મુજબ આ ગેંગ તાજેતરમાં પાટનગરના ઉત્તમ નગર અને મોહન ગાર્ડન વિસ્તારમાં સક્રિય બની હતી.

# મની લોન્ડરિંગના બે કેસઃ કુલ રૂ. 139 કરોડની સંપત્તિ ટાંચમાં લીધી

**નવી દિલ્હી**

ઈડીએ નોઈડાના બાઈક બોટ પોન્ઝી સ્કીમ મની લોન્ડરિંગ કેસમાં ૧૧૨ કરોડ રૂપિયા અને રોઝ વેલી મની લોન્ડરિંગ કેસમાં ૨૬.૯૮ કરોડ રૂપિયાની મિલકતો ટાંચમાં લીધી છે. આમ ઈડીએ કુલ ૧૩૯ કરોડ રૂપિયાની મિલકતો ટાંચમાં લીધી છે.

ઉલ્લેખનીય છે કે ગ્રેટર નોઈડામાં હેડ કવાર્ટર ધરાવતી બાઈક બોટ ટેક્સી સર્વિસ પર ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને હરિયાણાના ૨.૨૫ લાખ રોકાણકારો સાથે ૩૦૦૦ થી ૪૦૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવાનો આરોપ છે. ઈડીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે ગરવિત ઈનોવેટિવ પ્રમોટર્સ લિમિટેડ(જીઆઈપીએલ) અને તેના પ્રમોટરો સંજય ભાટી અને આ કૌભાંડમાં સામેલ અન્યોની સંપત્તિ ટાંચમાં લેવામાં આવી છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(પીએમએલએ) હેઠળ પ્રોવિઝનલ ઓર્ડર ઈશ્યુ કરવામાં આવ્યો હતો. ટાંચમાં લેવામાં આવેલી સંપત્તિમાં ફ્લેટ્સ, યુનિવર્સિટી, અર્નિ યુનિવર્સિટીની જમીન અને ઈમારતો, ફિક્સ્ડ ડિપોઝીટનો સમાવેશ થાય છે.

# નાયબ મુખ્ય પ્રધાન પવાર સાથે સંકળાયેલા સંસ્થાનોમાં આઈટી વિભાગના દરોડા

**શ્રીનગર**

મુંબઈ : મહારાષ્ટ્રના દિગ્ગજ નેતા શરદ પવારના પરિવારજનોને ઈન્કમ ટેક્સ વિભાગે (આઈટી) એકપછી એકને સપાટામાં લેવાની શરૂઆત કરી દીધી છે. આજે સાકર કારખાના સહિત અનેક જગ્યાએ આઈટીએ રેડ પાડતાં સનસનાટી વ્યાપી હતી. રાજકીય વર્તુળોમાં તર્ક વિતર્કો થવા લાગ્યા છે. શરદ પવારના ભત્રીજા અને રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના સંબંધિત સાકર કારખાનાના સંચાલકોના ઘરે આજે સવારથી આઈટીએ રેડ પાડી હોવાની માહિતી પ્રકાશમાં આવી છે. સાતારાની જરંડેશ્વર સાકર કારખાના પર આઈટી વિભાગે છાપો માર્યો હતો.

# બારાબંકીમાં બસ - ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો, 14 જણાનાં મોત

## અનેક ઘાયલ, મૃતકોને બે લાખ, ઈજાગ્રસ્તોને 50 હજારની સહાય કરાઈ

**બારાબંકી**

ઉત્તરપ્રદેશના બારાબંકી જિલ્લામાં ગુરુવારે સવારે એક રોડ અકસ્માત થયો હતો, જેમાં અત્યાર સુધી ૧૪ લોકોનાં મૃત્યુ થયા છે. પ્રાપ્ત જાણકારી અનુસાર, આ દુર્ઘટનામાં એક ટૂરિસ્ટ બસ અને ટ્રક વચ્ચે ભીષણ ટક્કર થઈ ગઈ હતી. દુર્ઘટનામાં બસનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. મૃતકોની સંખ્યા અત્યારે ૧૪ જણાવવામાં આવી રહી છે, પરંતુ આ સંખ્યા વધવાની શકયતા છે.



બારાબંકીમાં આ દુર્ઘટના દેવા વિસ્તારમાં ગુરુવારે સવારે રાજધાની લખનઉ પાસે આવેલા કિસાન પથ પર બની હતી. પ્રાપ્ત જાણકારી અનુસાર, દિલ્હીથી બહરાઈચ જઈ રહેલી મુસાફરોથી ભરેલી બસ અને એક ટ્રકની આમને સામને ટક્કર થઈ હતી. આ ઘટનામાં અત્યાર સુધી ૧૪ લોકોનાં મોત થયા છે. અનેક લોકો ઘટનામાં ઈજાગ્રસ્ત થયા હોવાની જાણકારી મળી છે. આ પહેલા બારાબંકીના ડીએમ અને એસપીએ દુર્ઘટનાની જાણકારી આપી હતી. તમામ ઈજાગ્રસ્ત લોકોને ટ્રોમા સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાની જાણકારી મળ્યા પછી પોલીસ ફોર્સ અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળ પર પહોંચી ગયા હતા. નોંધનીય છે કે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ દુર્ઘટના પર દુખ વ્યક્ત કર્યું છે.

# બ્રિટનથી આવેલા 700 પેસેન્જરને 10 દિવસ માટે ક્વોરન્ટાઈન કરાયા

**નવી દિલ્હી**

બ્રિટન સાથે ભારતે જેવા સાથે તેવાની નીતિ અપનાવી છે. બ્રિટનથી ભારત આવેલા 700 મુસાફરોને 10 દિવસ માટે ક્વોરન્ટાઈન કરી દેવામાં આવ્યા હતા. એટલું જ નહીં, બધાના ફરજિયાત આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યા હતા. ક્વોરન્ટાઈન પીરિયડ પૂરો થશે પછી પણ ટેસ્ટ કરાવવો પડશે.

બ્રિટને ભારતથી આવતા પ્રવાસીઓ માટે કડક નિયમો લાગુ કર્યા હતા. ભારતથી વેક્સિન લીધા પછી બ્રિટન પહોંચતા મુસાફરોને વેક્સિન લીધેલા ગણવામાં આવતા ન હતા. એટલું જ નહીં, તેમને ક્વોરન્ટાઈન કરીને ફરીથી વેક્સિન લેવાનું જણાવવામાં આવતું હતું. ભારત સરકારે આ નિયમોમાં અન્ય દેશોના નાગરિકોને મળે છે એવી છૂટછાટ આપવાની રજૂઆત કરી હતી, છતાં બ્રિટને કડક વલણ જાળવી રાખ્યું હતું. આખરે ભારતે પણ જેવા સાથે તેવાની નીતિ અપનાવી હતી.

ભારતે નવા નોટિફિકેશનથી નવો નિયમ લાગુ કર્યો હતો. એ પ્રમાણે બ્રિટનથી આવનારા તમામ પ્રવાસીઓએ 10 દિવસ માટે ક્વોરન્ટાઈન રહેવું ફરજિયાત છે. એ પછી એરપોર્ટ પર જ આરટીપીસીઆર ટેસ્ટ થશે અને 10 દિવસના ક્વોરન્ટાઈન પીરિયડ પછી પણ ફરીથી આરટીપીસીઆર ટેસ્ટ થશે.

# ધર્માંતરણ મામલે પોલીસના દરોડા, મૌલાના સિદ્દીકીની ઓફિસમાં સર્ચ

**લખનઉ**

દેશભરમાં ગાજેલા ધર્માંતરણના મામલામાં યુપી પોલીસની એટીએસ દ્વારા દિલ્હીના શાહીનબાગ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરાયુ હતુ. સરકારના સીએએ કાયદાના વિરોધમાં શાહીનબાગ વિસ્તારમાં થયેલા ધરણા ચર્ચામાં આવ્યા હતા.

યુપી એટીએસ દ્વારા કોર્ટના આદેશના પગલે દિલ્હી અને એનસીઆરમાં ઠેર ઠેકાણે દરોડા પાડવામાં આવ્યા છે. આ ટીમ સવારે નવ વાગ્યે દિલ્હીના શાહીનબાગમાં પહોંચી હતી અને ઠેર ઠેર દરોડા પાડ્યા હતા. એવુ મનાઈ રહ્યુ છે કે, ધર્માંતરણના મામલામાં પકડાયેલા આરોપી મૌલાના કલીમ સિદ્દીકીના સ્થળો પર પોલીસે દરોડા પાડ્યા છે. તેની ઓફિસ પર પણ દરોડો પાડવામાં આવ્યો છે અને ત્યાંથી ફંડિંગને લગતા દસ્તાવેજો પણ મળ્યા છે. યુપી એટીએસ દ્વારા જુન મહિનામાં નોએડામાંથી ચાલતા ધર્માંતરણ રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. આ મામલામાં પોલીસ મૌલાના ઉમર ગૌતમ, મુફતી કાઝી જહાંગીરને આરોપી બનાવી ચુકી છે. આ રેકેટ દેશભરમાં ફેલાયેલુ હોવાનો દાવો પોલીસનો છે.

# ITએ ગુપ્ત વિદેશી બેન્ક ખાતાઓમાંથી 10 કરોડ ડોલરની સંપત્તિ પકડી પાડી

## બે કરોડ રોકડા ઝડપાયા, 50 બેન્ક ખાતાઓને ફ્રીઝ, મુંબઈ, પુણે, બેંગ્લોરમાં દરોડા

**નવી દિલ્હી**

આઈટી રેડ દરમિયાન બે કરોડ રૂપિયાની રોકડ અને આભૂષણ જપ્ત કરવામાં આવ્યા હતાં તથા 50 બેન્ક ખાતાઓને ફ્રીઝ કરવામાં આવ્યા હતાં. સીબીડીટીએ જણાવ્યું હતું કે, એક દાયકા દરમિયાન આ રકમ સ્વિટ્ઝરલેન્ડ, સંયુક્ત આરબ અમિરાત, મલેશિયા અને અન્ય ઘણા દેશોની બેન્કોના ખાતામાં જમા થઈ હતી. આ ઉદ્યોગ જૂથો, વ્યક્તિઓએ દુબઈ સ્થિત એક ફાઈનાન્શિયલ સર્વિસ પ્રોવાઈડરની સર્વિસનો ઉપયોગ કરીને વિદેશમાં નાણાં મોકલતા હતા.

ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટે તાજેતરમાં મુંબઈ, નોઈડા અને કેટલાક અન્ય સ્થાનો ઉપર ઔદ્યોગિક ગૃહો પર મારેલા છાપામાં મોટી સંખ્યામાં બિનજાહેર વિદેશી બેન્ક ખાતાઓ અને એસેટ્સનો પર્દાફાશ કર્યો છે તેમ સીબીડીટીએ જણાવ્યું હતું. મુંબઈ, પૂણે, નોઈડા અને બેંગ્લુરૂ ખાતેના 37 સ્થળે દરોડા પાડીને બિનજાહેર વિદેશી બેન્ક ખાતાઓમાંથી 10 કરોડ ડોલરની સંપત્તિ પકડી પાડી હતી.

સીબીડીટીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 30 સપ્ટેમ્બરે પાડવામાં આવેલા દરોડા દરમિયાન આઈટી ડિપાર્ટમેન્ટને ઘણા આપત્તિજનક દસ્તાવેજો, ડાયરી, ઈ-મેલ અને અન્ય ડિજિટલ પુરાવા પ્રાપ્ત થયા છે જે વિદેશમાં મોટી સંખ્યામાં બેન્ક ખાતાઓ તથા ઈમમૂવેબલ એસેટ્સની માલિકીનો સંકેત આપે છે.

# કેન્દ્રે 18 હજાર મકાનોને મંજૂરી આપી, સપા સરકારે ૧૮ પણ ન બનાવ્યા: મોદી

**લખનઉ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને અગાઉની સપા સરકાર પર પ્રહારો કર્યા હતા. લખનઉમાં મોદીએ કહ્યું કે અગાઉની સમાજવાદી પાર્ટીની સરકારને ગરીબો માટે મકાનો બનાવવામાં કોઈ જ રસ નહોતો.

મોદીએ દાવો કર્યો હતો કે અગાઉની સમાજવાદી પાર્ટીની સરકારે કેન્દ્ર સરકારની હાઉસિંગ સ્કીમોનો અમલ નહોતો થવા દીધો. ૨૦૧૭માં ઉત્તર પ્રદેશમાં ભાજપની સરકાર બની તે પહેલા કેન્દ્ર સરકાર રાજ્ય માટે નવા



૧૮ હજાર મકાનો બનાવવાની માન્યતા આપી હતી. જોકે તેમાંથી સમાજવાદી પાર્ટીની તત્કાલીન સરકારે ૧૮ મકાનો પણ નહોતા બાંધ્યા.

આ મકાનો પ્રધાન મંત્રી આવાસ યોજના અંતર્ગત બનાવવાના હતા. મકાનોના બાંધકામને મંજૂરી પણ આપી હતી. જોકે સમાજવાદી પાર્ટીની સરકારે અડચણો ઉભી કરી અને આ મકાનોને ન થવા દીધુ. બીજી તરફ આશીશ દાસ નામના આ ધારાસભ્યએ કહ્યું હતું કે જો મમતા બેનરજી વડાપ્રધાન બને તો દરેક બંગાળી નાગરિક માટે તે ગૌરવ સમાન ગણાશે. ધલાઈ જિલ્લામાંથી એસસી બેઠક પર ભાજપની ટીકીટ પર ચૂંટણી જીતનારા આશીશ દાસે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦14ની લોકસભાની ચૂંટણીમાં વિકાસ મોડલને આગળ કરીને લોકોના દિલ જીત્યા હતા.

# આસામમાં હેંગિંગ બ્રિજ તૂટતાં 30થી વધુ વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત

**દિસપુર**

આસામમાં પુલ તૂટવાના સમાચાર સામે આવ્યા છે. જેમાં 30 વિદ્યાર્થી ઈજાગ્રસ્ત થઈ ગયા. આસામના કરીમગંજ જિલ્લામાં આ હેંગિંગ બ્રિજ તૂટવાથી મોટી ઘટના ઘટી. સોમવારે જે સમયે હેંગિંગ બ્રિજ તૂટ્યો ત્યારે આ તમામ વિદ્યાર્થી સ્કુલથી પાછા ફરી રહ્યા હતા. ઘટના કરીમગંજના રાતાબારી વિધાનસભામાં આવનાર ચેરાગિક વિસ્તારમાં ઘટી.

જાણકારી અનુસાર હેંગિંગ બ્રિજ આસામમાં સિંગલા નદીની ઉપર બન્યો છે. છેલ્લા કેટલાક વર્ષોથી વિદ્યાર્થી અને સામાન્ય નાગરિક સ્કુલ અને અન્ય સ્થળોએ જવા માટે આનો ઉપયોગ કરે છે.

સોમવારે ચેરાગી વિદ્યાપીઠ હાઈ સ્કુલના વિદ્યાર્થી ભણીને પાછા ફરી રહ્યા હતા. જે સમયે તે લોકો પાછા ફરી રહ્યા હતા ત્યારે પુલ તૂટી ગયો. અચાનક પુલના તૂટવાથી કેટલાક વિદ્યાર્થી નદીમાં પડી ગયા હતા. હેંગિંગ બ્રિજને તૂટતો જોઈ આસપાસના લોકો ફટાફટ તેની તરફ ભાગ્યા અને બાળકોને બચાવ્યા. આ ઘટનામાં ઓછામાં ઓછા 30 વિદ્યાર્થી ઈજાગ્રસ્ત થઈ ગયા. તેમને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

# હવે દેશના ગમે તેટલા લોકો ચારધામ યાત્રા કરી શકશે: ઉત્તરાખંડ હાઈકોર્ટનો આદેશ

**ઉત્તરાખંડ**

કોરોનાની બીજી લહેરનુ જોર ઓછુ થયા બાદ હવે ગમે તેટલા ભાવિકો ચાર ધામની યાત્રા કરી શકશે. ભાવિકોની સંખ્યા પરનુ નિયંત્રણ ઉઠાવી લેવાનો ઉત્તરાખંડ હાઈકોર્ટે આદેશ આપ્યો છે. આ પહેલા હાઈકોર્ટે ત્રણ સપ્તાહ અગાઉ ચાર ધામ યાત્રાને શરત સાથે મંજૂરી આપી હતી અને કહ્યુ હતુ કે, કેદારનાથમાં 800, બદ્રીનાથમાં 1000, ગંગોત્રીમાં 600 અને જન્મોત્રીમાં 400 ભાવિકો જ એક દિવસમાં દર્શન માટે જઈ શકશે. જોકે એ પછી પણ ભાવિકો મોટી સંખ્યામાં અહીંયા આવી રહ્યા હોવાથી અવ્યવસ્થા સર્જાઈ રહી હતી. ભાવિકોને તંત્ર દ્વારા પાછા પણ મોકલવા પડતા હતા.

# દેશનાં થર્મલ પાવર સ્ટેશનોમાં ચાર દિવસ ચાલે એટલો જ કોલસા બચ્યો

## કોલસાની અછતને કારણે ગંભીર વીજકટોકટીનો ભય

**નવી દિલ્હી**

ભારતમાં કોલસાની કારમી અછતને કારણે ગંભીર વીજકટોકટીનો ભય સેવાઈ રહ્યો છે. જો દેશમાં વીજસંકટ સર્જાશે તો માંડ ઊભા થઈ રહેલા અર્થતંત્ર પર ગંભીર અસરો સર્જાશે. દેશમાં કોલસાથી ચાલતા પાવર સ્ટેશનો પાસે સપ્ટેમ્બરના અંતે ફક્ત ચાર દિવસ ચાલે એટલો જ કોલસાનો જથ્થો ઉપલબ્ધ હતો જે છેલ્લા કેટલાક વર્ષોનો સૌથી ઓછો જથ્થો છે. ઓગસ્ટના પ્રારંભમાં થર્મલ પાવર સ્ટેશનો પાસે રહેલો જથ્થો સપ્ટેમ્બરના અંતે ૧૩ ટકા જેટલો ઘટી ગયો હતો. જેના પગલે દેશના ૫૦ ટકા કરતાં વધુ પાવર પ્લાન્ટમાં કોલસાની ગંભીર અછત સર્જાઈ હતી. દેશમાં ૭૦ ટકા વીજળીનું ઉત્પાદન કોલસા દ્વારા થાય છે.

ચીનની જેમ ભારત પણ બે મુખ્ય પડકારો સામે ઝઝૂમી રહ્યો છે. કોરોના મહામારીને લગતા નિયંત્રણો હટાવી લેવાયા બાદ ઔદ્યોગિક પ્રવૃત્તિમાં વધારો થતાં વીજળીની માગમાં મોટો ઉછાળો આવ્યો છે. બીજીતરફ સ્થાનિક કોલસાના ઉત્પાદનમાં ઘટાડો નોંધાયો છે.

# UKમાં નાદારી નોંધવાનાર અનિલ અંબાણીનું વિદેશમાં 1.3 અબજ ડોલરનું રોકાણ

**નવી દિલ્હી**

નવી દિલ્હી : અનિલ અંબાણીએ એક તરફ બ્રિટનની કોર્ટમાં નાદારી નોંધાવી હતી. બીજી તરફ તેના નામે 1.3 અબજ ડોલરનું માતબર રોકાણ ઓફશોર કંપનીઓમાં બોલતું હોવાનો દાવો આ પેપર્સમાં થયો હતો. ઘણી કંપનીઓમાં તેનું રોકાણ હોવાનું ઈન્વેસ્ટિગેશનમાં જણાયું હતું. ચીનની બેંકના મુદ્દે બ્રિટનમાં નાદારી નોંધાવનારા અનિલ અંબાણીએ બ્રિટિશ વર્જિનિયન આઈસલેન્ડ, સાઈરસ વગેરે ટેક્સ હેવનમાં રોકાણ કર્યું હતું. ઓછામાં ઓછી 18 કંપનીઓમાં અનિલ અંબાણીનું રોકાણ જણાયું હતું. આ સેટઅપ 2007થી 2010 દરમિયાન ગોઠવાયું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### ઈજાગ્રસ્ત સેમ કરન ટી20 વર્લ્ડ કપમાંથી બહાર થયો

ઈંગ્લેન્ડનો યુવા ઓલરાઉન્ડર સેમ કરન પીઠની ઇજાના કારણે ચાલુ મહિને રમાનારા આઇસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાંથી બહાર થઇ ગયો છે. ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડે આ જાણકારી આપી છે. ઇસીબીએ જણાવ્યું હતું કે સેમ કરને રાજસ્થાન રોયલ્સ સામે ચેન્નઇ સુપર કિંગ્સની આઇપીએલ મેચ દરમિયાન પીઠમાં દુખાવો થતો હોવાની ફરિયાદ કરી હતી.

### કોમનવેલ્થ ગેમ્સમાંથી ભારતે નામ પાછું ખેંચ્યું

ભારતીય હોકી ટીમ આગામી વર્ષે યુનાઇટેડ કિંગડમ (UK)માં યોજાનાર કોમનવેલ્થ ગેમ્સમાંથી ખસી ગઇ છે. યુકેમાં કોરોનાના વધતા જતા કેસો અને ત્યાંની ગંભીર પરિસ્થિતિને કારણે ભારતીય પુરુષ અને મહિલા હોકી ટીમે આ નિર્ણય લીધો છે. હોકી ઈન્ડિયા દ્વારા મંગળવારે એક નિવેદન બહાર પાડી આ વાત જણાવવામાં આવી હતી.

### વર્લ્ડ કપ: ભારત પાક. મેચની ટિકિટના ભાવ બે લાખ રૂપિયા

આઇસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપનું કાઉન્ટ ડાઉન શરૂ થઇ ચૂક્યું છે. સ્ટેડિયમમાં 70 ટકા પ્રેક્ષકોને પ્રવેશ આપવામાં આવશે. યુએઇમાં સૌથી ઓછી કિંમતની ટિકિટ 600 રૂપિયામાં મળી રહી છે પરંતુ ભારત અને પાકિસ્તાનના હાઇવોલ્ટેજ મુકાબલાની ટિકિટો માટે સમર્થકોએ લાખો રૂપિયા ખર્ચ કરવા પડશે.ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૪મી ઓક્ટોબરે દુબઇમાં રમાનારી ટિકિટનો લગભગ બે લાખ રૂપિયાની છે જે સામાન્ય કરતાં 333 ગણી વધારે છે.

### નમો સ્ટેડિયમમાં રમશે ટીમ ઇન્ડિયા 1000મી મેચ

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટીમ ઇન્ડિયા પોતાની 1000મી ઐતિહાસિક વનડે મેચ રમશે. કોઈ પણ ટીમ માટે 1000 મેચ રમવી એક મોટી સિદ્ધિ હોય છે અને ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ જલ્દી આ સિદ્ધિ પોતાના નામે કરવા જઈ રહી છે. 6 ફેબ્રુઆરી, 2022ના રોજ ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ પોતાની 1000મીં ઈન્ટરનેશનલ વન-ડે ક્રિકેટ મેચ વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ રમશે.

# રાજસ્થાન 85 રનમા સમેટાયું, કોલકાતા પ્લે ઓફમાં નિશ્ચિત

કોલકાતા નાઈટ રાઈડર્સે રાજસ્થાન રોયલ્સને 86 રનોથી માત આપી છે અને પોતાના રન રેટમાં ઘણો સુધારો કર્યો છે. હવે જો મુંબઈ ઈન્ડિયન્સ કોઈ ચમત્કારિક જીત મેળવે તો જ તે પ્લે ઓફમાં પહોંચે નહીં તો કોલકાતાનું પ્લે ઓફમાં પહોંચવાનું નક્કી છે. આ પહેલા કોલકાતાએ રાજસ્થાનને 172 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. શારજાહમાં કોલકાતા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની આ અતિ મહત્વની મેચમાં રાજસ્થાનની ટીમ માત્ર 85 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. પ્લેઓફમાં જવાનો રસ્તો સરળ બનાવવા માટે KKR એ કોઈપણ કિંમતે આ મેચ જીતવી જરૂરી હતી. જો ટીમના બદલાવ વિશે વાત કરીએ તો લોકી ફર્ગ્યુસનની કોલકાતાની ટીમમાં વાપસી થઈ છે અને ટિમ સાઉથી બહાર થયો છે. એ જ રીતે રાજસ્થાન રોયલ્સે ટીમમાં ચાર ફેરફાર કર્યા છે. લિવિંગસ્ટોન, મોરિસ, અનુજ રાવત અને ઉનડકટને તક આપી છે.

## કિંગ્લ ઇલેવન પંજાબે ચેન્નઈને 6 વિકેટે હરાવ્યું

ઇન્ડિયન પ્રીમિયર લીગની 53મી મેચમાં પંજાબ કિંગ્સએ ચેન્નઇ સુપર કિંગ્સને 6 વિકેટે હરાવીને જીત હાંસલ કરી છે. દુબઈ ઇન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં ટોસ હારીને પહેલા બેટિંગ કરતા ચેન્નાઈએ 6 વિકેટે 134 રન બનાવ્યા હતા. ત્યારે પંજાબે 13 ઓવરમાં 4 વિકેટ ગુમાવી 139 રન બનાવીને મેચ જીતી લીધી હતી. પંજાબની જીતનો હીરો કેપ્ટન કેએલ રાહુલ રહ્યો કે જેણે દમદાર બેટિંગ કરીને 98 રન બનાવ્યા તેમજ અણનમ રહ્યો હતો.



## દીપક ચાહરે ગર્લફ્રેન્ડને પ્રપોઝ કર્યું



ચેન્નઈ સુપર કિંગ્સ અને પંજાબ કિંગ્સની મેચ ખતમ થયા બાદ ગ્રાઉન્ડ પર એક ખાસ દ્રશ્ય જોવા મળ્યું. દીપક ચાહરે સ્ટેન્ડ્સમાં પોતાની ગર્લફ્રેન્ડને પ્રપોઝ કર્યું હતું. દીપક એક ઘૂંટણે બેસી ગયો અને પ્રપોઝ કર્યું. આ જોતાં જ આસપાસના લોકો તાળીઓ વગાડવા લાગ્યા અને બંને એકમેકને ગળે મળ્યા. આ દ્રશ્યો જોત જોતામાં સોશ્યલ મીડિયામાં વાયરલ થવા લાગ્યા.

## સનરાઈઝર્સ હૈદરાબાદે બેંગ્લોરને 4 રને હરાવ્યું

ઇન્ડિયન પ્રીમિયર લીગ 2021ની 52મી મેચ સનરાઇજર્સ હૈદરાબાદ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે રમાઇ હતી. અબુધાબીના શેખજાયદ સ્ટેડિયમમાં બંન્ને ટીમો આમનેસામને હતી અને વિરાટ કોહલીએ ટોસ જીતીને SRHને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. સનરાઇઝર્સ હૈદરાબાદે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને 4 રને હરાવી દીધુ છે.પ્રથમ બેટિંગ કરતા હૈદરાબાદે 20 ઓવરમાં 7 વિકેટે 141 રન બનાવ્યા હતા. જેના જવાબમાં બેંગ્લોરની ટીમ માત્ર 137 રન જ બનાવી શકી હતી.



## IPLની બે નવી ટીમો 3500 કરોડમાં વેચાવાની સંભાવના

પંજાબ કિંગ્સ ફ્રેન્ચાઇઝીના સહ-માલિક નેસ વાડિયાનું માનવું છે કે, આઇપીએલની બે નવી ટીમો માટે બે હજાર કરોડ રૂપિયાની બેઝ પ્રાઇસ ગણતરીપૂર્વકની રાખવામાં આવી છે અને હરાજી વખતે આ પ્રાઇસમાં ૫૦થી ૧૦૦ ટકાનો વધારો થઈ શકે છે. બે નવી ફ્રેન્ચાઇઝીની જાહેરાત ૨૫મી ઓક્ટોબરે થશે જેના કારણે આઇપીએલ લીગ ૧૦ ટીમોની ટૂર્નામેન્ટ બની જશે. વાડિયાએ જણાવ્યું હતું કે, બે નવી ટીમો વેચાવાથી બીસીસીઆઈને લગભગ 3500 કરોડનો ફાયદો થશે.

## રાજસ્થાન સામે મુંબઈએ માત્ર 50 બોલમાં મેચ જીતી

IPL 2021ની 51મી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ અને રાજસ્થાન રોયલ્સની ટીમ વચ્ચે શારજાહમાં ક્રિકેટની જંગમાં મુંબઇ ઇન્ડિયન્સની ટીમે ટોસ જીતી રાજસ્થાન રોયલ્સની ટીમે પ્રથમ બેટિંગ કરવા માટે આમંત્રણ આપ્યું હતું. IPL 2021ની 51મી મેચમાં મુંબઇ ઇન્ડિયન્સે રાજસ્થાન રોયલ્સને માત્ર 90 રનમાં સમેટી લીધુ હતું. મુંબઇ ઇન્ડિયન્સના બોલરોએ શારજાહમાં કમાલનું પ્રદર્શન કર્યું હતું. ઝડપી બોલર નાથન કુલટર નાઇલે 14 રન આપીને 4 વિકેટ હાંસલ કરી હતી. નીશમે 12 રન આપીને 3 વિકેટો પોતાના નામે કરી હતી. બુમરાહને બે વિકેટો મળી હતી.

## અંશુ મલિક વર્લ્ડ કુસ્તી ચેમ્પિ.ની ફાઇનલમાં પ્રવેશનારી સૌપ્રથમ ભારતીય મહિલા



**ઓસ્લો**

ભારતની યુવા મહિલા કુસ્તીબાજ અંશુ મલિકે વર્લ્ડ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પ્રવેશીને ઈતિહાસ રચી દીધો છે. આ સાથે તે વર્લ્ડ કુસ્તી ચેમ્પિયનશિપની ફાઈનલમાં પ્રવેશનારી સૌપ્રથમ ભારતીય મહિલા કુસ્તીબાજ બની ગઈ છે. તેણે ૫૭ કિગ્રા વજન વર્ગની ફાઈનલમાં યુરોપીયન ચેમ્પિયન યુક્રેનની સોલોમિયા વ્યાન્નયાકને ૧૧-૦થી પરાસ્ત કરી હતી.

## FIH એવોર્ડમાં ભારતીયોનો દબદબો હરમનપ્રીત-ગુરજિતને ટોચનું સન્માન

**નવીદિલ્હી**

ભારતે ઈન્ટરનેશનલ હોકી ફેડરેશનના (એફઆઈએચ) વાર્ષિક પુરસ્કારોમાં પોતાનો દબદબો મેળવ્યો છે અને પાંચ ખેલાડીઓ તથા મેન્સ અને વિમેન્સ ટીમોના મુખ્ય કોચને વિવિધ કેટેગરીમાં ટોચના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

ટોક્યો ઓલિમ્પિકમાં ભારતની મેન્સ ટીમના ઐતિહાસિક બ્રોન્ઝ મેડલ અને વિમેન્સ ટીમના પ્રભાવશાળી પ્રદર્શનના કારણે એફઆઈએચ હોકી સ્ટાર્સ પુરસ્કારમાં ભારતીય ખેલાડીઓ છવાયા છે. મહિલા ખેલાડી ગુરજિત કૌર અને મેન્સ પ્લેયર હરમનપ્રીતસિંહે પોતપોતાની કેટેગરીમાં પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ જીત્યો છે. સવિતા પૂનિયાને (વિમેન્સ) તથા પીઆર શ્રીજેશને (મેન્સ) બેસ્ટ ગોલકીપરના એવોર્ડથી સન્માનિત કરાયા છે. શિંમલા દેવી તથા વિવેક પ્રસાદને ઈર્મિંજગ પ્લેયરનો એવોર્ડ મળ્યો છે. આ સાથે ભારતીય વિમેન્સ ટીમના કોચ સોર્ડ મારિન તથા મેન્સ ટીમના મુખ્ય કોચ ગ્રેહામ રીડ પણ હાઈએસ્ટ વોટ મેળવીને ટોચના ક્રમે રહ્યા હતા. રીડ હજુ પણ મેન્સ ટીમ સાથે છે પરંતુ મારિનનો કરાર ટોક્યો ગેમ્સ બાદ પૂરો થઈ ચૂક્યો છે.



## 14 વર્ષીય નામ્યાની કમાલ, મનુ ભાકરને હરાવીને જુનિયર વર્લ્ડ ચેમ્પિયન બની



**ઓસ્લો**

ભારતની ૧૪ વર્ષીય શૂટર નામ્યા કપૂરે પોતાની પ્રથમઓઆઈએસએસએફ જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં કમાલ કરી છે. તેણે ૨૫ મીટર પિસ્તોલ ઈવેન્ટમાં ભારતની સ્ટાર શૂટર મનુ ભાકરને હરાવીને ગોલ્ડ મેડલ પોતાના નામે કરી હતી. નામ્યાએ ફાઈનલમાં ૩૬નો સ્કોર કર્યો હતો. ફ્રાન્સની કેમિલીએ સિલ્વર તથા ૧૯ વર્ષીય ઓલિમ્પિયન મનુ ભાકરે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

## વર્લ્ડ જુનિયર શૂટિંગ: ભારતીય મહિલા ટીમને 25 મીટર પિસ્તોલ ઈવેન્ટમાં ગોલ્ડ



લિમા: ભારતની મહિલા ટીમે જુનિયર વર્લ્ડ શૂટિંગ ચેમ્પિયનશિપમાં ૨૫ મીટર પિસ્તોલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. ભારતની આ સફળતા સાથે ટીમમાં સામેલ ઓલિમ્પિયન શૂટર મનુ ભાકરે ચોથો ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે ૧૪ વર્ષની નામ્યા કપૂરે બીજો ગોલ્ડ જીત્યો હતો. ટીમમાં ત્રીજી શૂટર તરીકે રિધમ સંગવાન હતી. ભારતે ગોલ્ડ મેડલ માટેના મુકાબલામાં ૧૬-૪થી અમેરિકાને હરાવ્યું હતુ. આ સાથે ભારતે પેરૂના લિમામાં ચાલી રહેલી વર્લ્ડ જુનિયર શૂટિંગ ચેમ્પિયનશિપમાં નવમો ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. જ્યારે ઓવરઓલ આ ભારતનો ૨૦મો મેડલ હતો. ભારતની જુનિયર મેન્સ ટીમે ટ્રેપ શૂટિંગમાં સિલ્વર મેડલ જીત્યો હતો. ગોલ્ડ મેડલ માટેના મુકાબલામાં ભારતનો ઈટાલી સામે ૪-૬થી પરાજય થયો હતો. સિલ્વર જીતનારી ભારતીય ટીમમાં બખ્તીયારુદ્દિન મલેક, શાર્દૂલ વિહાન અને વિવાન કપૂરનો સમાવેશ થતો હતો. ક્વોલિફાઈંગમાં ભારત ૫૨૫માથી ૪૭૩નો સ્કોર સાથે સાત ટીમોમાં બીજા સ્થાને હતુ.

SHIV FINANCIAL SERVICES
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.

જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM

## યુરોપમાં સૌથી વધુ વરસાદ : ઇટાલીમાં 29 ઈંચ વરસાદ



યુરોપના ઇતિહાસનો સૌથી વધુ વરસાદ પણ નોંધાયો છે. નોર્થ-વેસ્ટ ઇટાલીના પ્રદેશોમા ૧૨ કલાકમાં ૨૬ ઈંચ વરસાદ પડ્યો છે અને ફ્રાન્સની સરહદને અડીને આવેલા ઇટાલીના લિગેરિયામાં ચારેતરફ પુરના પાણી જ દેખાઈ રહ્યા છે. જેનોન શહેરમાં એક જ દિવસમાં વર્ષના કુલ સરેરાશ વરસાદના ૮૨.૯ ટકા વરસાદ પડી ગયો છે. જો કે તંત્ર ખડેપગે કામ કરતું હોવાના કારણે હજુ સુધી કોઈ જાનહાનિ નોંધાઈ નથી. આ વરસાદે અગાઉ કરો મોન્ટેનોટમા સાડા છ કલાકમાં પડેલા ૨૦ ઈંચ વરસાદના રેકોર્ડને તોડી નાખ્યો છે. જો કે, આ પ્રદેશ વરસાદ માટે જાણીતો છે અને વર્ષમાં સરેરાશ ૫૦ ઈંચ વરસાદ નોંધાય છે.

## ટ્રમ્પ પહેલીવાર ફોર્બ્સના 400 ધનિકોની યાદીમાંથી બહાર

**વોશિંગ્ટન**

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ છેલ્લા ૨૫ વર્ષમાં પહેલી વખત અમેરિકાના ટોચના ૪૦૦ ધનિકોની યાદીમાંથી બહાર નીકળી ગયા છે. આમ ટ્રમ્પને અમેરિકાનું પ્રમુખપદ મોંઘુ પડયું છે. ફોર્બ્સે જણાવ્યું હતું કે કોવિડ-૧૯ના લીધે ટ્રમ્પની મિલકતમાં ૬૦ કરોડ ડોલરનો ઘટાડો થયો હતો. ટ્રમ્પની સંપત્તિ ૨.૫ અબજ ડોલર હતી. આમ તે ટોચના ૪૦૦ ધનિકો માટેની કટ-ઓફ રકમ કરતાં ૪૦ કરોડ ડોલર ઓછી હતી. ટ્રમ્પ પાસે તેમના ચૂંટણીના વર્ષમાં આ યાદીમાં સ્થાન જાળવી રાખવા માટેની સુવર્ણ તક હતી.

ફોર્બ્સના રિપોર્ટે જણાવ્યું હતું કે ૨૦૧૬ની ચૂંટણી વખતે ફેડરલ એથિક્સના અધિકારીઓએ ટ્રમ્પને તેની રિયલ એસ્ટેટમાંથી હિસ્સો કાઢવાની ફરજ પાડી હતી. આના ભાગરુપે તેમણે બ્રોડ બેઝ ધરાવતા ઈન્ડેક્સ ફંડમાં તે રકમનું રોકાણ કર્યુ હતુ અને આ રીતે હિતોના સંઘર્ષની સ્થિતિ ટાળી હતી.

જો કે ભૂતપૂર્વ અમેરિકન પ્રમુખે આ રોકાણ જાળવી રાખવાનો નિર્ણય લીધો હતો. તે સમયે તેમની એસેટ ૩.૫ અબજ ડોલર હતી. મેગેઝિને જણાવ્યું હતું કે જો ટ્રમ્પ આ માટે કોઈને જવાબદાર ગણવા માંગતા હોય તો તેમણે પોતાના તરફ જ આંગળી ચીંધવી જોઈએ.

## અફઘાનિસ્તાનમાં તાલિબાને ત્રણ લોકોને જાહેરમાં ફાંસીએ ચડાવ્યા

**કાબૂલ**

અફઘાનિસ્તાન પર તાલિબાનોએ કબ્જો કર્યો ત્યારે તેઓ ૨૦ વર્ષની સરખામણીમાં બદલાયેલા જણાતા હતા પરંતુ લાગે છે કે તેઓ પહેલાના ક્રુર શાસનમાંથી કશુંજ શિખ્યા નથી. તેઓ હજુ પણ એટલા જ ઘાતકી અને અમાનવિય વ્યહવાર કરી રહયા છે પશ્ચિમી પ્રાંત હેરાંતમાં ત્રણ લોકોને ક્રુરતાપૂર્વક ફાંસીએ ચડાવી દીધા હોવાની તસ્વીરો વાયરલ થઈ છે. ધ સનના અહેવાલ અનુસાર આ ત્રણ લોકો પર અપહરણના ગુનામાં સપડાયેલા હોવાનો આરોપ હતો. લોકો જાહેરમાં ફાંસીએ લટકેલી ત્રણ લાશોના ફોટા અને વીડિયો પણ લેતા નજર પડતા હતા. અફઘાનિસ્તાનના અપરાધ વિરોધી વિભાગનું માનવું છે કે છેલ્લા કેટલાક સમયમાં ૮૫ જેટલા અપરાધીઓને જુદા જુદા ગુના હેઠળ પકડવામાં આવ્યા હતા. જે હત્યા,આરોપ અને અપહરણના ગુનામાં સંડોવાયેલા હતા. બીજી તરફ આવો જ એક સામૂહિક હત્યાકાંડ કાહોર પ્રાંતમાં તાલિબાન દ્વારા કરવામાં આવ્યો હતો. તાલિબાને આ પ્રાંતમાં રહેતા ૧૩ હઝારા સમુદાયના લોકોની હત્યા કરી હતી.

## કોરોના ડેલ્ટા વેરિઅન્ટ સામે ન્યૂઝીલેન્ડે હાર કબૂલી : કોવિડ ઝીરો સ્ટ્રેટેજીને પડતી મૂકી

ન્યૂઝીલેન્ડે આખરે કોરોનાના ડેલ્ટા વેરિઅન્ટ સામે હાર સ્વીકારી લીધી છે, ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન જેસિન્ડા આર્ડેર્ને કબૂલ કર્યું કે ડેલ્ટા વેરિઅન્ટ ગેમ ચેન્જર છે અને કોવિડ ઝીરો સ્ટ્રેટેજી પડતી મૂકી છે. તેણે સ્વીકાર કર્યો હતો કે, ડેલ્ટા વેરિઅન્ટને પ્રસારને રોકવા માટે લોકડાઉન જેવા કડક નિયંત્રણો લાદવામાં આવ્યા હતાં તેમ છતાં પ્રસારને રોકી શકાયો ન હતો. આ પેસિફિક દેશમાં વેક્સિનેશનનો દર પણ ઘણો ધીમો છે અને હજુ ફક્ત ૪૦ ટકા વસતીને વેક્સિનના બન્ને ડોઝ મળી ગયા છે. નોંધનીય છે કે, આ દેશ પાછલા વર્ષે કોરોના વાઈરસને પરાસ્ત કરવામાં સફળ રહ્યો હતો પણ ગયા ઓગસ્ટમાં એક પ્રવાસી ઓસ્ટ્રેલિયાથી ડેલ્ટા વેરિઅન્ટ સાથે દેશમાં પ્રવેશ્યા બાદ ડેલ્ટા વેરિઅન્ટના ઝડપી પ્રસાર સામે તેના તમામ શસ્ત્રો હેઠા પડયા હતાં.

## ન્યૂયોર્કના તમામ શિક્ષકો અને સ્ટાફ માટે વેક્સિન ફરજિયાત

અમેરિકાના ન્યૂયોર્કમાં સોમવારે સવારે શાળાઓ ખોલવાનો બેલ વાગે ત્યારે શહેરની તમામ શાળાના શિક્ષકો અને અન્ય સ્ટાફ વેક્સિનના બન્ને ડોઝ લઈ ચૂકેલો હોવો જોઈએ તેમ તંત્ર દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશમાં જણાવાયું છે. મેયર બિલ ડી બ્લાસિઓએ ૧,૪૮,૦૦૦ પબ્લિક સ્કૂલ્સ સ્ટાફને ચેતવણી આપી કે, વેક્સિન નહીં લીધેલા કર્મચારીઓને વગર પગારી રજા ઉપર ઉતારી દેવામાં આવશે અને આ સપ્તાહે કામ કરવાની પરવાનગી આપવામાં નહીં આવે.






BF
BOMBAY FOODS
BOMBAY FOODS
2875 LAWRENCE AVENUE EAST, SCARBOROUGH, ONTARIO
Ph.: 416-264-1614
Sale from 5th October to 14th October, 2021
DAWAT SONAMASOORI RICE $13.99/20LB Reg. $17.99/20LB
ASSORTED REGAL SAUCE $2.49/500ml Reg. $2.99/500ml
CHING'S SCHEZWAN CHUTNEY $7.99/1 Kg Reg. $9.99/1Kg.
REGAL CAKE RUSK $3.99/680g Reg. $4.99/680g
INDIAGATE ROZANA FEAST RICE $30.00/40LB Reg. $35.99/40LB
MINAR CLASSIC BASMATI RICE $11.99/10LB Reg. $14.99/10LB
WONDER SLICE BREAD $1.99/Each Reg. $2.19/Each
CHING'S HOT GARLIC NOODLES & SINGAPORE NOODLES $1.29/240gm Reg. $1.99/240gm
ZAIKA CHICKPEAS (TIN) $1.00/800gm Reg. $1.49/800gm
GOLDEN TEMPLE YELLOW DURUM FLOUR $9.99/20LB Reg. $10.99/20LB
NAYAB BASMATI RICE $4.99/8LB Reg. $6.99/8LB
ASSORTED SHAN MASALA $1.59/Each Reg. $1.89/Each
CRESCENT TANDOORI NAAN $5.99/15 Pc Reg. $7.99/15 Pc.
KURKURE MASALA MUNCH $0.89/95 gm Reg. $0.99/95gm
MAZEDAR PLAIN PARATHA $4.79/20 Pc Reg. $5.49/20 Pc.
EBM COOKIES (SELECTED VARIETY) 2 for $1.50 (Glucose, Lemon Sandwich Whole Wheat, Marie)
TOOBA PICKLES $1.99/500g Reg. $2.99/500g
ASHOKA FORZEN ASSORTED VEGETABLES $1.29/Each Reg. $1.99/Each
TYMES SNACKS $2.49/400gm Reg. $2.99/400g
KALA CHANA $3.99/4LB Reg. $4.49/4LB
CRISPY WHOLE WHEAT ROTI $2.99/15 Pc Reg. $3.39/15 Pc
Fresh Vegetables OR Produce
ORGANIC GINGER $1.99/LB
WHITE ONION $2.99/10LB
WHITE OR RED POTATO $3.99/10LB
INDIAN BHINDI $2.99/LB
RED ONION $3.99/10LB
LONG EGG PLANT $1.49/LB
ONTARIO CHILLY EX-HOT $1.99/LB
MEAT SPECIAL
VEAL WITH BONE $2.99/LB Reg. $3.29/LB
CHICKEN KEEMA $3.49/LB Reg. $4.49/LB
CHICKEN LEG (AS IT IS) $1.49/LB Reg. $2.29/LB
COW PAYA $2.49/LB Reg. $2.99/LB
LAMB SHOULDER $6.99/LB Reg. $ 7.99/LB
CHICKEN BREAST $4.99/LB Reg. $ 5.99/LB
LAMB LEGS $7.99/LB Reg. $ 8.99/LB
WE DO ONLINE AND PHONE ORDERS AND
WE DO DELIVERY TO YOUR HOME AS WELL
PLEASE CALL 416-264-1614
Bombay foods reserve the right to correct any errors and to limit quantities. Products in this flyer are on sale till quantities last. No ainchecks. Some illustrations / pictures in this flyer may vary from actual products(s) and do not necessarily represent the item on sale. We may as our right could correct any unintentional errors whether in copy, prices and illustrations. All sales are final. No exchange or refund on products included in this flyer. Commercial resale of our products mentioned in this flyer is prohibited.

# Dr. Salim Kapadia DDS
Dental Centre

Your Perfect Smile... Is Our Greatest Satisfaction!

Dr. Salim Kapadia Dental Centre — Scarborough Mirror 2020 readers' choice Awards PLATINUM

SERVICES

- Smile Makeover
- Laser Teeth Whitening
- Dental Implants - Start to Finish
- Single Visit Root Canal
- Re-treatment of Failing Root Canal
- Surgical Wisdom Teeth Extraction
- Scaling & Root Planing
- White Tooth Colored Filling
- Implant Retained Dentures
- Complete & Partial Dentures
- Lumineers & Veneers
- Crown & Bridges (Zirconia & E.max)



1825 Markham Rd, Suite 102
Scarborough, ON M1B 4Z9
drsalimkapadiadental.com

416-321-3268





Chapel Ridge
FUNERAL HOME & CREMATION CENTRE

416.993.0826
24/7 # 905.305.8508



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. (St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)

**ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત $4270**

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત $595 એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

** This is not a general insurance. Applies only in case of a death away from home.*

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com